મે ૧૯૯૮ અંક ૫

# પરબ

તંત્રી
ભોળાભાઈ પટેલ

સંપાદક
રમેશ ર. દવે

ગુજરાતી સાહિત્ય પરિષદ ○ [illegible]

P1RAB 98 / pril
Licensed to post without prepayment
Regd. No GAI C
Licence No 13

*Best Compliments From*

# HINDUSTAN INKS & RESINS LIMITED

*Manufacturers of*

Printing Inks - Synthetic Resin -
Lamination Adhesives - Wire Enamels

# Mitsu

*Manufacturers of*

Agro-chemicals
Agro-intermediates

2803-2, Third Phase G I D C. VAPI (Gujarat)
© 02638-31593 30786 30782
Fax 02638-30781 30788

મે ૧૯૮૮ અંક ૫

# પરબ

તંત્રી
ભોળાભાઈ પટેલ

સંપાદક
રમેશ ર. દવે

ISSN0250-9747

**પરબ**

પરબ દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે

પરિષદના સભ્યનું વાર્ષિક લવાજમ પરબ સાથે રૂ ૧૦૦/ (સંસ્થાઓ માટે રૂ ૧૫૦/ ) છે વર્ષમાં ગમે ત્યારે સભ્ય થઈ શકાય છે પરંતુ અધવચ્ચે વાર્ષિક સભ્ય થનારનું લવાજમ ડિસેમ્બર અંતે પૂરું થયેલુ ગણાશે આજીવન સભ્ય-ફી રૂ ૧૦૦૦/ (વિદેશમાં પા. ૭૦/ અથવા ડૉ. ૧૨૦/ છે જેમને માત્ર પરબ જ મેળવવું હોય તેમને માટે વાર્ષિક લવાજમ રૂ ૮૦/ છે રકમ મ.ઓ યા ડ્રાફ્ટથી મોકલવા વિનંતી.

છૂટક કિં રૂ ૨૦/

•

પત્રવ્યવહારનું સરનામુ
ગુજરાતી સાહિત્ય પરિષદ
(પ્રકાશન વિભાગ)
ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ
ટાઇમ્સ પાછળ નદીકિનારે,
પો.બા. ૪૦૬૦
અમદાવાદ ૩૮૦૦૦૯
ફોન ૬૫૮૭૮૪૭

•

અસ્વીકૃત કૃતિ પરત મેળવવા જરૂરી ટપાલટિકિટો ચોડેલુ પોતાનો નામ સરનામાવાળું પરબીડિયું મોકલવુ જરૂરી છે

પરબ સંવર્ધક
શ્રી ઈશ્વરભાઈ પટેલ
શ્રી અંબાલાલ હરજીવનદાસ પટેલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, શેરથા.

# અનુક્રમ

વર્ષ 39 અંક 5 1998

નાથવતી અનાથવત્ ? 1 ભોળાભાઈ પટેલ
વેકેશન 4 માવ ડિવર જપ
પુપુત્સુ 14 દેવેશ રાય, અનુ. ઉષા
વાંચીએ 23 રાજ નવસા
ગઝલ 23 હર્ષ બ્રહ્મભટ્ટ
ગઝલ 24 ગુલામ અબ્બાસ
હાઈકુ 24 ધીરુ મોદી
નક્કી એ મારો કિશોર ભગતો જ હશે ! 24 ભાનુપ્રસાદ
— 27 રમણીક સોમેશ્વર
સમુદ્રમંથન 28 પ્રાણજીવન મહેતા
વિવેચક સુરેશ જોષી વિશે નિબંધ નોંધ 30 સુમન શાહ
કેટલાક છિન્નપત્રો આ ! 35 સુરેશ જોષી
ગાંધીજીવન અને ગાંધીવિચાર – ગાંધીપ્રેમી કવિની દૃષ્ટિએ 39 ચી. ના. પટેલ
માણસ મજાનો. પરિચય પાંખો 44 અમૃત ખત્રી
જ્યાપ અનિષ્ટ પાસે ! 48 રાધેશ્યામ શર્મા
સ્વાધ્યાયલોક ૬ 50 શાસ્ત્રી,
પત્રચર્ચા 54
સાહિત્યવૃત્ત 56
પરિષદવૃત્ત 63
આ અંકના લેખકો 67

માલિક ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક માધવ [illegible] નુજ (મંત્રી) ગોવર્ધ[illegible] નમાર્ગ, ટાઇમ્સ પાછળ નદીકિનારે, અમદાવાદ ૩૮૦ ૦૦૯ : [illegible] સ્થાન શારદા મ[illegible] મસ્જિદ સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ ફોન ૫૩૫૮૮૬૬

# नाथवती अनाथवत् ?

પ્રસિદ્ધ બંગાળી સામયિક 'દેશ'નો ૨૧મી ફેબ્રુઆરીનો અંક પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં બંગાળી ભાષાનાં માન અને સ્થાન અંગેનો. બંને બંગાળના ભાષાપ્રેમી લેખકોએ કરેલી પરિચર્ચાનો છે. બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળમાં થઈને ૨૨ કરોડ બંગાળીભાષીઓ છે અને એ રીતે દુનિયાની ભાષાઓની ભાષકસંખ્યાની રીતે એનું સ્થાન પાંચમું છે. છતાં વિશ્વમાં બંગાળીની કેવી માનમર્યાદા કેમ નથી – એ અંગે એક રીતે આ આત્મનિરીક્ષણ છે.

બાંગ્લાદેશનું અસ્તિત્વ એ સમયના પૂર્વ પાકિસ્તાની ગણાતા બંગાળીઓના બંગાળી ભાષાના પ્રેમને લીધે છે. પૂર્વ પાકિસ્તાનમાં પણ ઉર્દૂને રાજભાષા તરીકે ઘોષિત કરતાં ભાષાઆંદોલનો થયાં અને ૧૯૫૨ની ૨૧મી ફેબ્રુઆરીએ ચાર જણ શહીદ થયા. એ દિવસથી ૨૧મી ફેબ્રુઆરી બાંગ્લાદેશમાં શહીદદિન તરીકે પળાય છે. એ પછી તો આપણે જાણીએ છીએ કે પૂર્વ બંગાળના માતૃભાષાપ્રેમીઓએ પાકિસ્તાન સાથે લડીને ૧૯૭૨માં અલગ રાષ્ટ્ર – બાંગ્લાદેશ અસ્તિત્વમાં આણ્યો. દુનિયાના આધુનિક ઇતિહાસની આ એક મહત્ત્વની ઘટના છે. પશ્ચિમ બંગાળ પણ ૨૧મી ફેબ્રુઆરીને શહીદદિન તરીકે યાદ કરે છે.

પરંતુ આજે બંગાળીની બંગાળીભાષી પ્રદેશોમાં શી સ્થિતિ છે ? સંપાદકીય લેખમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે પશ્ચિમ બંગાળમાં સ્વતંત્રતાનાં ૫૦ વર્ષ પછી પણ હજી સરકારે સર્વસ્તરે બંગાળી ભાષા દાખલ કરી નથી. કોઈ એકાદ સભામાં ત્રણચાર અબંગાળીઓ અને બાકીના બધા બંગાળીભાષી હોય તો પણ બધું કામકાજ અંગ્રેજીમાં ચાલે છે. ૨૧મી ફેબ્રુઆરીના એકાદ દિવસે બંગાળી ભાષાનો જયધ્વનિ થાય છે. બાકીનો સમય તો બંગાળી ભાષા પ્રત્યે અનાદર વધતો જાય છે.

બાંગ્લાદેશના ...દ્દીન બદરુદ્દીન ઉમરે બાંગ્લાદેશના ભાષાઆંદોલનનો ઇતિહાસ આપતાં ઉપસંહારમાં કહ્યું છે કે બાંગ્લાદેશમાં બંગાળી અને અંગ્રેજી માધ્યમની શાળાઓને કારણે અંગ્રેજીમાં ભણેલા અને બંગાળીમાં ભણેલા, એમ વિદ્યાર્થીઓના બે પ્રકારના વર્ગ અસ્તિત્વમાં આવ્યા છે જેમ... ત્યારે અંગ્રેજી માધ્યમમાં ભણેલા જ ખાટી જતા હોય છે. બંગાળી બોધભાષા કરી પણ શા... વિજ્ઞાનના વિશ્વભંડારમાંથી ઉપયોગી એવી સામગ્રી અનુવાદ દ્વારા બંગાળી ભાષામાં ઉતા... વા ... કોઈ વ્યવસ્થા – બ્યુરો ઑફ ટ્રાન્સલેશન – જેવું ય કર્યું નથી. બાંગ્લાદેશનો રાજકર્તા ... અમીર વર્ગ તો પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે અથવા વિદેશમાં મોકલે છે. તેમને તો બંગાળીનો કોઈ ખપ નથી. તેઓ બંગાળી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ પ્રત્યે ...રી જવાબદારી અનુભવતા નથી તેથી અમારી માતૃભાષા

બંગાળીની અવસ્થા બાંગ્લાદેશમા ભાષવતી અનાથવત્ જેવી છે

આ વાત જેટલી બાગ્લાદેશ કે પૂર્વ'બંગાળમા માતૃભાષા બંગાળીની ' વિસ્તારોમાં હિંદીની છે અને ગુજરાતમાં ગુજરાતીની છે

ઉચ્ચ શિક્ષણમાં ગુજરાતી માધ્યમ કર્યું એ બરાબર પણ એ પછી એનો યુનિવર્સિટીઓએ દેશવિદેશના ભંડારમાંથી ગુજરાતીમાં જ્ઞાનવિજ્ઞાન ઉતારવાનો પ્રયત્ન ન કર્યો. ગૂજરાત વિદ્યાપીઠ તો ગુજરાતી બાબતે અગ્રયાયી હતી પણ પણ સ્વાતંત્ર્યોત્તરકાળમાં ગુજરાતીના વિકાસમાં કશોયે ફાળો આપવાનો ઉદ્યમ એક સાર્થ જોડણીકોશ, જે એને હસ્તક હતો, તે વર્ષો પછી એમ ને એમ છાપી ... તો જાતજાતના વિષયોના જાતજાતના કોશ કરવા માટે દરેક ભાષા માટે અલગ જોઈએ. પોતાને ત્યાં અલગ કોશવિભાગ છે એવી વાત તો વિદ્યાપીઠ કરતી અમારા ધ્યાનમાં ત્યાં એવો કોઈ વિભાગ ચાલતો હોય એવું આવતુ નથી.

બીજે પક્ષે આપણે જ્યારે જોઈએ છીએ કે અંગ્રેજી જેવી ભાષામાં કેટકેટલા ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે તો ૩૦ ભાષામા ૩૦૦ જેટલા કોશ પ્રકટ કર્યા છે તેમા સૌથી વધારે છે અને તે જાતજાતના છે ઑક્સફર્ડ-ડિક્શનરીની એક નકલ દુનિયા મિનિટે ક્યાંક વેચાતી હોય છે ઑક્સફર્ડના શબ્દકોશમાં નવા નવા શબ્દો ઉમેર છે એ પહેલા શબ્દોની ચકાસણી થાય છે ૫૦ જેટલા શબ્દકોશ વિજ્ઞાનીઓ ˋ ˜ કામ કરે છે જેમાં ૧૫૦ જેટલા સલાહકારોની સેવાઓનો લાભ પણ લેવાય છે

ગુજરાતમાં ક્યાંય કોશવિભાગ નથી, ક્યાંક કોઈ દેશપાંડે એકલે હાથે ગુજરાતી, ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ કરે છે ક્યાંક કોઈ રતિલાલ નાયક એકલે ... કોશ કરે છે ક્યાંક કોઈ જયંત કોઠારી મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ કરે છે ત્યા પ્રણામપૂર્વક અભિનંદન આપવાનુ મન થાય છે સરકારે પણ એવા થોડાક કોશ પણ સમગ્રપણે ગુજરાતી ભાષાના વિકાસ માટે યુનિવર્સિટીઓ, વિદ્યાપીઠો અને ભાષાવિભાગોની ઉદાસીનતા વ્યાપકપણે જોવા મળે છે વેપારવણજ અને અન્ય ... હવે ગુજરાતીને સ્થાને અંગ્રેજી આવતી જાય છે ગુજરાત વેપારી મહામંડળ – ગુજરાત ઑફ કોમર્સ બની જાય છે વર્તમાનપત્રોમાં હવે અંગ્રેજી ઉપશીર્ષકો ભરપટ્ટે વપરાય છે બાંગ્લાભાષી વિદ્વાનની જેમ આપણે પણ કહેવુ પડે કે આજે અમારી માતૃભાષા ... પણ ભાષવતી અનાથવત્ છે ! – એવી સ્થિતિ ગુજરાતમા નથી શું ?

એટલે ગુજરાતીભાષી તરીકે આપણા સૌની પણ જવાબદારી બને છે એનું સ્થાપિત થાય એ માટે. એ માટે સૌથી પહેલી વસ્તુ છે ભાષા માટેની પ્રીતિ વિ' ગુજરાતીઓ (જેમકે ઇંગ્લેન્ડસ્થિત ગુજરાત અકાદમી) ગુજરાતીને ટકાવી રાખવા મથ એ એમની સ્વભાષામમતા છે પણ દેશમા ?

સુનીલ ગંગોપાધ્યાયે વિદેશમાં વસતા બંગાળીસમાજો બંગાળી સાથે કેવો અનુ ધરાવે છે તેની આ જ અંકના એક લેખમાં ચર્ચા કરી છે તેમણે એક બંગાળી પરિવ દૃષ્ટાંત ટાંક્યું છે

સ્વિત્ઝર્લૅન્ડમાં વસતા એક બંગાળી કુટુંબના વડાએ પોતાના ઘરમાં એવી કઠોર ˜ ˈહતી કે ઘરની ચાર દીવાલોમાં ઘરના સૌ સ્ત્રીપુરુષોએ બંગાળી ભાષાનો જ વ્યવ

કરવી. ઘરની બહાર તેઓ ફ્રેંચ, જર્મન કે અંગ્રેજી જે ભાષા બોલવી હોય તે ભલે બોલે, ઘરમાં હોય ત્યારે બંગાળી સિવાય બીજી ભાષાનો એક અક્ષર પણ બોલવાનો નહિ. એ ઘરનો સૌથી મોટો છોકરો એકવાર બહારથી હાઈસ્કૂલમાંથી ઘેર આવ્યો. તેના પિતાને એક જરૂરી બાબતે પૂછવાનું હતું. ઘરનો દરવાજો ઊઘડતા તે બારણાં વચ્ચે જ થંભી ગયો. એક જર્મન શબ્દનો બંગાળી પર્યાય કયો કર્યો તેને યાદ આવતો નહોતો. બારણાં વચ્ચે ઊભાં ઊભાં જ અસહાયભાવે તે બોલ્યો બાપુજી આ જર્મન શબ્દનું બંગાળી મને આવડતું નથી, તો શું હું ઘરમાં ન આવું ?

સુનીલે લખ્યું છે કે આ વાર્તા નથી, સાચી ઘટના છે અલબત્ત, આ એક આત્યંતિક ઉદાહરણ છે તેમ છતાં આ વાત આપણા ઘરમાં કે સામાન્ય વ્યવહારમાં ગુજરાતીનું કેવું રૂપ બોલીએ છીએ એ વિષે સભાન કરે એવી છે

હિંદી ભાષાના એક અત્યંત પ્રતિષ્ઠિત વિદ્વાને એક વાતચીતમાં કહ્યું કે હવે માતૃભાષાના માધ્યમની વાત ભૂલી તમારા બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવી તેમને સનદી અધિકારી બનાવો. એ અને એમના વર્ગના હિંદી વિદ્વાનોએ એ વાત અમલમાં પણ મૂકી છે

એટલે હવે એવા તારણ પર આવવાનું થાય કે આ દેશમાં દેશની ભાષાઓ નાથવતી અનાથવત્ ની સ્થિતિમાં મુકાતી જશે. મહાભારતના સભાપર્વમાં કુરુકુલ સભામાં અવમાનના પામેલી દ્રૌપદી માટે પ્રયોજાયેલા આ શબ્દો છે દલપતરામે ગુજરાતી માટે ચીંથરાં વીંટી મહારાણી ગુજરાતની વાણી એ વાત આપણા ગુજરાતમાં દોઢ શતાબ્દી પહેલાં કહી હતી. દલપતરામના અવસાનને સો વર્ષ થયા પછી, ૨૦મી શતીના અંતિમ વર્ષોમાં ગ્લોબલાઇઝેશન અને ઇન્ટરનેટ યુગમાં ગુજરાતી ભાષાનાં સ્થાનમાન વિષે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે

ભોળાભાઈ પટેલ

## પરિષદ-કાર્યાલયનો સમય બદલાય છે

૧ ૫ ૯૮ શુક્રવારથી ૧૫-૬-'૯૮ સોમવાર સુધી પરિષદ-કાર્યાલયનો સમય બદલાઈને સવારના આઠથી બારનો રહેશે. આ દિવસો દરમ્યાન કાર્યાલયના અનિવાર્ય કામ અંગે પરિષદના ચી. મ. ગ્રંથાલયના ગ્રંથપાલ શ્રી પ્રકાશભાઈ વેગડનો સંપર્ક થઈ શકશે.

બંગાળીની અવસ્થા બાંગ્લાદેશમાં નાથવતી અનાથવત્ જેવી છે

આ વાત જેટલી બાંગ્લાદેશ કે પૂર્વ બંગાળમાં માતૃભાષા બંગાળીની તેટલી હિંદીભાષી વિસ્તારોમાં હિંદીની છે અને ગુજરાતમાં ગુજરાતીની છે

ઉચ્ચ શિક્ષણમાં ગુજરાતી માધ્યમ કર્યું એ બરાબર પણ એ પછી એનો અમલ કરનાર યુનિવર્સિટીઓએ દેશવિદેશના ભંડારમાંથી ગુજરાતીમાં જ્ઞાનવિજ્ઞાન ઉતારવાનો ખાસ કોઈ પ્રયત્ન ન કર્યો. ગુજરાત વિદ્યાપીઠ તો ગુજરાતી બાબતે અગ્રયાયી હતી પણ એ સંસ્થાએ પણ સ્વાતંત્ર્યોત્તરકાળમાં ગુજરાતીના વિકાસમાં કશોય ફાળો આપવાનો ઉદ્યમ કર્યો નથી. એક સાર્થ જોડણીકોશ, જે એને હસ્તક હતો, તે વર્ષો પછી એમ ને એમ છાપી દીધો. ખરેખર તો જાતજાતના વિષયોના જાતજાતના કોશ કરવા માટે દરેક ભાષા માટે અલગ કોશવિભાગ જોઈએ. પોતાને ત્યાં અલગ કોશવિભાગ છે એવી વાત તો વિદ્યાપીઠ કરતી રહી છે પણ અમારા ધ્યાનમાં ત્યાં એવો કોઈ વિભાગ ચાલતો હોય એવું આવતું નથી

બીજે પક્ષે આપણે જ્યારે જોઈએ છીએ કે અંગ્રેજી જેવી ભાષામાં કેટકેટલા કોશ છે ! ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે તો ૩૦ ભાષામાં ૩૦૦ જેટલા કોશ પ્રકટ કર્યા છે તેમાં અંગ્રેજીમાં સૌથી વધારે છે અને તે જાતજાતના છે ઑક્સફર્ડ-ડિક્શનરીની એક નકલ દુનિયામાં દરેક મિનિટે ક્યાંક વેચાતી હોય છે ઑક્સફર્ડના શબ્દકોશમાં નવાં નવાં શબ્દો ઉમેરાતા જાય છે એ પહેલાં શબ્દોની ચકાસણી થાય છે ૫૦ જેટલા શબ્દકોશ વિજ્ઞાનીઓ કોશવિભાગમાં કામ કરે છે જેમાં ૧૫૦ જેટલા સલાહકારોની સેવાઓનો લાભ પણ લેવાય છે

ગુજરાતમાં ક્યાંય કોશવિભાગ નથી, ક્યાંક કોઈ દેશપાંડે એકલે હાથે અંગ્રેજી ગુજરાતી ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ કરે છે ક્યાંક કોઈ રતિલાલ નાયક એકલે હાથે મોટો કોશ કરે છે ક્યાંક કોઈ જયંત કોઠારી મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ કરે છે ત્યારે તેમને પ્રણામપૂર્વક અભિનંદન આપવાનું મન થાય છે સરકારે પણ એવા થોડાક કોશ કર્યા છે પણ સમગ્રપણે ગુજરાતી ભાષાના વિકાસ માટે યુનિવર્સિટીઓ, વિદ્યાપીઠો અને સરકારના ભાષાવિભાગોની ઉદાસીનતા વ્યાપકપણે જોવા મળે છે વેપારવણજ અને અન્ય વ્યવહારોમાં હવે ગુજરાતીને સ્થાને અંગ્રેજી આવતી જાય છે ગુજરાત વેપારી મહામંડળ – ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ બની જાય છે વર્તમાનપત્રોમાં હવે અંગ્રેજી ઉપશીર્ષકો ભરપટ્ટે વપરાય છે પેલા બાંગ્લાભાષી વિદ્વાનની જેમ આપણે પણ કહેવું પડે કે આજે અમારી માતૃભાષા ગુજરાતી પણ નાથવતી અનાથવત્ છે ! – એવી સ્થિતિ ગુજરાતમાં નથી શું ?

એટલે ગુજરાતીભાષી તરીકે આપણા સૌની પણ જવાબદારી બને છે એનું ગૌરવ સ્થાપિત થાય એ માટે. એ માટે સૌથી પહેલી વસ્તુ છે ભાષા માટેની પ્રીતિ. વિદેશમાં ગુજરાતીઓ (જેમકે ઇંગ્લૅન્ડસ્થિત ગુજરાત અકાદમી) ગુજરાતીને ટકાવી રાખવા મથે છે એ એમની સ્વભાષામમતા છે પણ દેશમાં ?

સુનીલ ગંગોપાધ્યાયે વિદેશમાં વસતા બંગાળીસમાજો બંગાળી સાથે કેવો અનુબંધ ધરાવે છે તેની આ જ અંકના એક લેખમાં ચર્ચા કરી છે તેમણે એક બંગાળી પરિવારનું દૃષ્ટાંત ટાંક્યું છે

સ્વિટ્ઝર્લૅન્ડમાં વસતા એક બંગાળી કુટુંબના વડાએ પોતાના ઘરમાં એવો કઠોર નિયમ કર્યો હતો કે ઘરની ચાર દીવાલોમાં ઘરનાં સૌ સ્ત્રીપુરુષોએ બંગાળી ભાષાનો જ વ્યવહાર

કરવો. ઘરની બહાર તેઓ ફ્રેંચ, જર્મન કે અંગ્રેજી જે ભાષા બોલવી હોય તે ભલે બોલે ઘરમાં હોય ત્યારે બંગાળી સિવાય બીજી ભાષાનો એક અક્ષર પણ બોલવાનો નહિ. એ ઘરનો સૌથી મોટો છોકરો એકવાર બહારથી હાંફળોફાંફળો ઘેર આવ્યો, તેના પિતાને એક જરૂરી બાબતે પૂછવાનું હતું. ઘરનો દરવાજો ઊઘડતાં તે બારણાં વચ્ચે જ થંભી ગયો. એક જર્મન શબ્દનો બંગાળી પર્યાય કેમે કર્યો તેને યાદ આવતો નહોતો. બારણાં વચ્ચે ઊભાં ઊભાં જ અસહાયભાવે તે બોલ્યો બાપુજી આ જર્મન શબ્દનુ બંગાળી મને આવડતું નથી, તો શું હું ઘરમાં ન આવું ?

સુનીલે લખ્યું છે કે આ વાર્તા નથી સાચી ઘટના છે અલબત્ત આ એક આત્યંતિક ઉદાહરણ છે તેમ છતાં આ વાત આપણા ઘરમાં કે સામાન્ય વ્યવહારમાં ગુજરાતીનું કેવુ રૂપ બોલીએ છીએ એ વિશે સભાન કરે એવી છે

હિંદી ભાષાના એક અત્યંત પ્રતિષ્ઠિત વિદ્વાને એક વાતચીતમાં કહ્યું કે હવે માતૃભાષાના માધ્યમની વાત ભૂલી તમારાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવી તેમને સનદી અધિકારી બનાવો. એ અને એમના વર્ગના હિંદી વિદ્વાનોએ એ વાત અમલમાં પણ મૂકી છે

એટલે હવે એવા તારણ પર આવવાનું થાય કે આ દેશમાં દેશની ભાષાઓ નાથવતી અનાથવત્ ની સ્થિતિમાં મુકાતી જશે. મહાભારતના સભાપર્વમાં કુરુકુલ સભામાં અવમાનના પામેલી દ્રૌપદી માટે પ્રયોજાયેલા આ શબ્દો છે દલપતરામે ગુજરાતી માટે ચોરામાં લુંટણી મહારાણી ગુજરાતી વાણી એ વાત આપણા ગુજરાતમાં દોઢ શતાબ્દી પહેલાં કહી હતી. દલપતરામના અવસાનને સો વર્ષ થયા પછી ૨૦મી શતીના અંતિમ વર્ષોમાં ગ્લોબલાઇઝેશન અને ઇન્ફોટેક યુગમાં ગુજરાતી ભાષાનાં સ્થાનમાન વિશે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે

ભોળાભાઈ પટેલ

## પરિષદ-કાર્યાલયનો સમય બદલાય છે

૧-૫-૯૮ શુક્રવારથી ૧૫-૬-'૯૮ સોમવાર સુધી પરિષદ-કાર્યાલયનો સમય બદલાઈને સવારના આઠથી બારનો રહેશે. આ દિવસો દરમ્યાન કાર્યાલયના અનિવાર્ય કામ અંગે પરિષદના ચી. મં ગ્રંથાલયના ગ્રંથપાલ શ્રી પ્રકાશભાઈ વેગડનો સંપર્ક થઈ શકશે.

# વેકેશન

માય ડિયર જયુ

બોબીની ચીસ સંભળાણી ને દીદી દોડી, પાછળ હું ય. જઈને જોયુ તો બધા છોકરા બોબીને ઘેરી વળેલા. એકે બોબીની આંગળી પકડી રાખેલી. આંગળીએ લોહી. દીદીએ બોબીને ખોળામાં લઈ લીધો, લોહીવાળી આગળી દાબી.

કોણે વગાડ્યુ ?... કેમ કરતાં વાગ્યું ?... બહાર શું કામે નીકળ્યો ?... ખરા બપોરે ય સૂતા નથી... આખી શેરી માથે લ્યો છો... કોઈ કહેવાવાળું નથી... નાનાને ય તમારી સાથે શા માટે રમાડો છો ?... દીદી તો સામટી બોબીને, છોકરાઓને, શેરી આખીને ધમકાવવા લાગી.

અમે તો, આન્ટી, ના પાડી  તી પણ બોબી કહે કે હવે હું નાનો નથી, હું તો રમવાનો...

બોલ નથી વાગ્યો હો આન્ટી, આ વીકીએ સિક્સ મારી ને બોબી કેચ કરવા ગયો ને પડ્યો, એમાં...

છોકરાઓ જવાબ આપતા  તા. આખી શેરી ધોમ તડકાથી ભરેલી હતી. બંને તરફ બારી-બારણાનાં છત નીચે છાયાના ટુકડા પડ્યા  તા પણ એ મોટે ભાગે કુતરાઓએ રોકી લીધા  તા. બધા છોકરા તો ધોમ તડકામાં જ ઊભા  તા. બોલાચાલી થઈને એક-બે બારણાં ખૂલ્યાં. દીદી કોઈ જવાબ સાંભળવા તૈયાર નહોતી.

પડ્યો એમાં કાંઈ લોહી નીકળે ?... તમે ખોટા છો બધા... ચાલ અંદર... આ વીકી જ્યારે આવે ત્યારે કાંઈક ને કાંઈક ધમાલ કર્યા કરે છે... બપોરે ય નિરાંત નહીં. નહિ જોયા હોય સચીનના દીકરા...

સચીનને હજી દીકરો ક્યા છે આન્ટી ! બધા ક્રિકેટરોના એ ટુ ઝેડ રેકોર્ડ્ઝ રાખનાર એક છોકરો બોલ્યો.

આંગળી પકડી રાખીને દીદી બોબીને ઘરમાં લઈ ગઈ અગિયારની જ નહિ, ગમે તેટલાની, આખી ટીમ ઘડીભર એમ જ ઊભી રહી. બધાથી જરાક અલગ ઊભેલા વીકી પર મારી નજર પડી. સામેવાળો ક્લીનબોલ્ડ થાય ત્યારે સિધ્ધુ પગની આંટી લગાવી બેટને ટેકે ઊભો રહે એમ ઊભો  તો વીકી. હજી એના ચહેરા પર એ વંચાતું  તુ કે એ કાંઈ ગુનેગાર નથી. રમતમા તો એમ જ ચાલે. મને ય એનો વાંક લાગ્યો નહોતો.

વેકેશનમાં છોકરાં રમે નહિ તો શુ કરે ? આખો દી  ઘરમાં ગોંધાઈ રહે ! સામેના બારણામાં જતાં જતાં જે માસી બોલ્યાં તે વીકીના સગા લાગ્યાં.

મિથી... દીદીએ સાદ પાડ્યો. હું અદર દોડી. જતાં જતાં મારાથી વીકી સામુ જોવાઈ ગયું. એ પણ મારી તરફ અમારાં બારણા તરફ નજર ઠેરવીને ઊભો  તો. બોબીનો સાચો ને ખોટો વધુ ભેંકડો ચાલુ હતો.

કબાટમાથી દવાનું બોક્સ લાવ. એમાં બેન્ડેડ હશે. દીદીએ મને ઓર્ડર કર્યો. મેં બોક્સમાંથી એક બેન્ડેડ કાઢી ત્યા સુધીમાં દીદીએ બાબીની આંગળીને પાણી રેડીને સાફ

કરી નાખી સ્હેજ છોલાયું હતું પાણી અડતાં બોબીનો અવાજ ધીમો થઈ ગયો ને દીદીએ બન્ડેડ લગાવી ત્યાં તો અવાજ બંધ. દીદીએ પાણીવાળો હાથ બાબીના મોંએ ફેરવીને મોં લૂછ્યુ ત્યાં તો બોબીને કાંઈ થયું જ નથી જાણે એમ ઊભો થઈ ગયો

બહારથી એકે એક બોલ પર જોરદાર અપીલના અવાજો આવતા તા

'હવે બહાર જતો નહીં. તું ને મારી ગેઇમ રમો. દીદીનો હુકમ મારી અંદર, બહાર ડોકાવાની છટપટાતી થતી તી. દીદીને બપોરે સૂઈ જવાની આદત. વેકેશનમાં હું દીદીને ત્યા આવું ત્યારે આખી બપોર બોબી સાથે રમવામાં જાય આ વેકેશનમા વીડિયો ગેઇમમાં મજા પડતી તી. કલ્પનામાં ય ન આવે એવાં ચિત્રો રચાતાં-ભૂંસાતાં મગજમાં ય ન બેસે એવા કોયડા ઊપસતા-ઉકેલાતા. મને ને બોબીને ટાઇમ ક્યાં પસાર થઈ જતો તેની ખબર રહેતી નહિ. અત્યારે બોબી સરકીને ક્યારે બહાર ચાલ્યો ગયો એની મને ખબર રહી નહોતી સાત વરસનો થઈ ગયો એટલે એ પોતાની જાતને મોટો માનવા લાગ્યો તો પણ બાર પંદરના છોકરાઓ સાથે કાંઈ રમાય ?

નહિ, હું તો જવાનો. મને કાંઈ થયું નથી. કહેતોક ને બોબી બારણાં બહાર દોડી ગયો. દીદીને બપોરે સૂઈ જવાની આદત. તું ધ્યાન રાખતી રહેજે બારીમાંથી. કહીને દીદી રૂમમાં ચાલી ગઈ

બપોરના કાયમ બંધ રહેતી બારી મેં ખોલી. સીધો જ વીકી દેખાયો. બારી ખુલી કે એણે આ તરફ ટીકી ટીકીને જોવાનુ કર્યું એમ મને લાગ્યું હું બારીમાં ઊભી શેરી, તડકો અને આખી ટીમ દેખાતી તી. પણ મારી આંખો વીકીને જ જોઈ રહી. એ સ્લીપમાં ઊભો તો એટલે બરોબર અમારી બારી સામે જ દરેક બોલ એ જ કેચ કરતો તો. ઊંચો ઊછળીને, ડાય મારીને, એક હાથે એમ કરે ત્યારે વિકેટકિપરે અને કેપ્ટને તાળીઓ પાડીને શાબાશી આપવી પડે અહીં તો બધ્ધા તાળીઓ પાડતા તા. મને મજા પડી ગઈ મારા ચહેરા પરની ખુશી વાંચતો હોય એમ વીકી પણ વધુ તરવરાટ દેખાડતો તો. રનનો આંક વધે તેમ મારા મનના ભાવ વધી રહ્યા.

બારણામાંથી બાબી અંદર ડોકાયો ભી ! મને આ લોકો નથી રમાડતા... બાબીએ ફરિયાદ કરી બહાર ઊભેલા બેત્રણ ફિલ્ડરોએ આ તરફ જોયું. મેં બહાર નીકળીને આખી ટીમને કહ્યુ, જો, આને બે દડા રમાડોને ! વીકીએ મારો બોલ ઝીલીને ઓર્ડર કર્યો, હવે એક આવર બોબીની.

બાબીનો પહેલો બોલ, સીધો થા, ફુલટોસ. ફટકો અને વીકીના હાથમાં સીધો કેચ આવ્યો પણ વીકીએ પકડ્યો નહિ, પાડી દીધો, પડવા દીધો, ખોટી ખોટી ડાય મારી ને હસી પડ્યો મારી સામું જોઈને. હું પણ હસી પડી. અમારી બંનેની આંખો સામસામું હસતી રહી. બીજા છોકરાઓનું ધ્યાન હશે કે નહિ એનું ધ્યાન મને નહોતું. હું અધખુલાં બારણામાં જ ઊભી તી. શેરીનાં બારીબારણાં બંધ હતાં અવરજવર નહોતી તડકાનો સન્નાટો પથરાયેલો હતો. છોકરા રમતમાં હતા. હું અને વીકી આ બધાથી અલગ પડી ગયાં હોઈએ એવું હું અનુભવી રહી. ખરેખર, મને વીકી પ્રત્યે અજબનું આકર્ષણ થઈ રહ્યુ તડકો અંદર ન આવે એટલે બંધ રાખેલાં બારીબારણાંમાંથી અત્યારે દેકારો અંદર આવી રહ્યો છે એનું પણ મને ભાન ન રહ્યું

'મિષી ! બારણું બંધ કરીને બેસ. રૂમમાંથી દીદીનો અવાજ કેટલો દેકારો કરે છે આ લોકો...

મારે એટલું જ જોઈતુ તું જાણે. કોણ જાણે ઓચિંતા જ મને આવુ જપવા માંડ્યુ. બારીબારણું બંધ કરીને હુ ઓટલે ઊભી રહી. આટલા દેકારા વચ્ચે મને મારી અંદર એકાંત લાગ્યું. આટલા તડકા વચ્ચે મને આનંદનુ લખલખું આવી ગયું મારી અંદર એક માત્ર વીકી રમી રહ્યો તડકાની જેમ સમય પણ અટકી જાય ને આમ ને આમ બધું ચિત્રવત્ થઈ જાય તો કેવુ સારું. એવુ અસ્પષ્ટપણે મારી અંદર થતું તું. વીકી વારંવાર મારી તરફ જોતો તો એને પણ મારી જેમ જ થતુ હશે ?

સામેના મકાનની બારી ખુલી. પેલાં માસીનો ચહેરો દેખાયો., 'વીકી ! ચલ, ચા પી લે, ભઈલા ! પછી રમજે

'હમણાં આવું કહેતો વીકી છલાંગ મારીને સામેના બારણામાં અદશ્ય. મને થયું. 'હમણાં આવુ એમ એણે મને કહ્યું કે શુ !

હા. એમ જ ગયો એવો જ વીકી પાછો આવ્યો બારણામાંથી ઠેકડો મારતાં એ હસતી આંખોએ મને જોઈ રહ્યો. ઘણો સમય એમ જ ચાલ્યું.

'મિષી. કેમ બહાર ઊભી છે ? દીદી ઊઠી. રસોડામાંથી અવાજ કર્યો.

અંદર જઈને મેં કહ્યું. તેં જ કહ્યુ તુ ને. બોબીનું ધ્યાન રાખવાનું ?

એ તો અમસ્તુ. બૉલ આવે ત્યારે આપણે આડો હાથ કરી શકીએ કાંઈ ?... આ તો તું ક્યારેક બારીમાંથી ડોકિયુ કરતી રહે તો બોબીને ઠીક રહે એટલે કહ્યું તું.

હું અદરથી ચૂર થઈ ગઈ દીદીને કાંઈ શંકા પડી હશે ? જાગીને બાથરૂમમાં જતાં બાથરૂમમાંથી રૂમમા જતાં, રૂમમાંથી રસોડામાં જતા એ મને જોઈ રહી હશે ? એ વિચારે મને આછી કંપારી આવી ગઈ જઈને ઉઘાડુ બારણું બંધ કરી આવી.

રિમોટ કંટ્રોલ હાથમાં લીધું પણ એઈમ ચાલુ કરવાની ઇચ્છા ન થઈ બહારથી એક એક બોલે જોરદાર અપીલના અવાજો આવતા તા. અમારી બંધ બારીએ બાલ ભટકાવાનો અવાજ થયો. ધડામ મને થયુ. વીકીએ જ ફટકો માર્યો હશે !

મને દોડીને બારી ખોલવાનું મન થયુ. પણ દીદીએ ચા દૂધના કપ ટેબલ પર મૂકતા હુકમ કર્યો. 'બોબીને બોલાવ. નહિ જોયા હોય સચીનના દીકરા... દીદીને ક્રિકેટ ઉપર જ કંટાળો આવતો હોય એમ લાગ્યુ. મને તો બહુ ગમતુ તું પણ હવે દીદી મને જોવા નહિ દે, મને મનોમન એવું થતું તુ.

બારણું ખોલતાં મેં 'બોબી ! બૂમ મારી. પણ મારી નજર તો સીધી ક્રીઝ પર જઈ પહોંચી. વીકી ત્યાં નહોતો. વીકી સામેના ઓટલે સૂનમૂન બેઠો તો. કેમ ? શા માટે ?... મારી અંદર હલચલ. હું અંદર આવી એટલે એણે બેટ મૂકી દીધુ હશે ?

'ચલો. પહેલા દૂધ પી લો. દીદીનો હુકમ 'જોઉં બે રેડ દીદીએ બોબીની આંગળી પકડી. 'ચોખે સોજો છે મટી જશે. દીદીએ બે રેડને થોડી દબાવી. 'ભલે એમ જ રહી.

એકબે બટકા ને એકબે ઘૂંટડા ભરતોક ને બોબી બહાર દોડી ગયો. હું દીદી સામે બેઠી બેઠી એક પછી એક ઘૂંટ લેતી રહી. મને અત્યારે દીદી મારી વાચ રાખતી હોય એવી લાગતી તી.

'બારણું ખોલી નાખ. હવે તડકો નહિ આવે. પાછું વાગ્યા પર વાગશે તો ભાઈસાહેબ ભેંકડો તાણશે. દીદીના શબ્દો મને તડકામાં વરસાદના છાંટા જેવા લાગ્યા. ઉતાવળે જઈને મેં બારણું ખોલ્યું. પણ ઓટલે ઊભવું કેમ કરીને ? દીદીને કેવું લાગશે ? એને શંકા પડે કે હું વીકીને જોવા ઊભી છું, તો ? એ વિચારમાં એમ જ ઊભી રહી. ત્યાં દીદીએ કહ્યું, તારે કાંઈ કરવું ના હોય તો ત્યાં બેસ ધ્યાન રાખજે

મારી અંદર 'દીદી ! મારી દીદી !' એવું થઈ રહ્યું. મારે અહીં ઊભા રહેવા સિવાય કાંઈ કરવું જ ક્યાં છે મારી દીદી ! હું રાજી રાજી થઈ ગઈ આ વખતે દસમાની એક્ઝામ આપીને તરત આવી ગઈ એટલે લાંબો સમય થઈ ગયો. હમણાં હમણાં મારા ચહેરા પર ક્યારેક એનો ક્યાળો તરી આવતો. દીદી એ પામી જતી ને મને જેમ કરું તેમ કરવા દેતી. જો કે તોય મને દીદીને ત્યાં જ વેકેશન ગાળવું ગમતું. એમાં, આજ તો બહુ ગમવા માંડ્યું હતું.

હું ઓટલે આવી ઊભી કે વીકી ઊભો થયો પેલા પાસેથી બેટ લીધું બધા છોકરાઓ તાળી પાડી ઊઠ્યા. 'બોલે બોલે સિક્સર, હો વીકી ! એક બોલી ઊઠ્યો. વીકી હસી રહ્યો બધા છોકરા દેકારો. સામેવાળું બારણું ખૂલ્યું. પેલા માસી એના ઓટલે આવ્યા. આમતેમ જોયું. મારી સામે એકધારું જોઈ રહ્યાં. કેમ મને જ જૂએ છે ? પહેલાં બારીમાંથી જોતાં હશે ? હું વીકી સામું જોઉં છું એની એને ખબર પડી ગઈ હશે ? હું આમતેમ જોવા માંડી. પછી બોબી સામું જોઈ રહી હવે વીકી સામું જોવું જ નથી માસી એમ જ જોઈ રહ્યા. ઘડીકવાર ઊભીને ઓટલે જ બેસી પડ્યાં. હવે ? ઘણો સમય એમ જ ચાલ્યું.

તડકો શેરીમાંથી ઊંચકાઈને બીજા માળની બારીઓમાં ઘૂસવા માંડ્યો. બારણા ખૂલવાં માંડ્યાં ઓટલા જીવતા થયા. શેરીમાં અવરજવર શરૂ થઈ 'સાંજ પડવા આવી. હવે બંધ કરો આ બવાડા... એક માસી પસાર થતા બોલ્યાં પણ કોઈએ સાભળ્યું નહિ. મને એ માસી જરાય સારી ન લાગી ભલેને આ લોકો રમતા જ રહે એવું મને થતું તું. ભલે ને હવે વીકી સામું સતત ન જોવાય ક્યારેક ક્યારેક તો નજરો મળે છે ! એય કેવું ગમે છે ! મને સાંજ પણ સારી લાગતી તી.

'બી, મને બેટિંગનું કહેને !' બોબી બોલ્યો. વીકીએ સાંભળ્યું. એણે તરત બોબીને બેટ આપ્યું ને મારી સામે ફિલ્ડીંગમાં ઊભો મને બહુ ગમ્યું એણે એકવાર મારી આંખોમાં આંખો મિલાવી. અમારી બંનેની આંખો હસતી તી. હું શરમાઈ ગઈ પેલી માસીની આંખ અમારા પર ચોંટી રહી. હું ધ્રૂજી ઊઠી. ત્યાંથી અંદર ચાલ્યા જવાનું મન થયું પણ પગ ઊપડ્યા નહીં. થોડો સમય એમ ચાલ્યું,

ત્યાં જીજાજીના સ્કૂટરની બ્રેક વાગી. એમની નજર સીધી બોબી પર પડી. 'ચલ, અંદર. હુકમ. બાબીએ બેટ મૂકને દોટ દીધી. જીજાજીની નજર બાબની આંગળી પર પડી 'શું થયું ?... કેમ કરતા ? પ્રશ્નો. જીજાજીએ અંદર આવતાં આવતા બાબીની આંગળી જોઈ

વીકીએ બોલ વગાડ્યો. બોબી ઓચિંતા રડવા લાગ્યો.

કોણ વીકી ?'

એણે નથી વગાડ્યો. આ ભાઈ જ પડી ગયા. હું બોલી ગઈ જીજાજી મારી સામું જોઈ રહ્યા મેં વીકીની ફેવર કરી એ એમને ગમ્યું નહિ કે શું ? મેં વીકીની ફેવર કેમ કરી ?

તો ? ભલેને, અમારી સાથે ન આવે પણ એકબે ફ્રેન્ડ સાથે આવે ને અમને ત્યાં મળે. પછી તો શેરીનાં છોકરા ગણીને સાથે સાથે રાખવામાં દીદીને વાંધો ન રહે ! આ વિચારે હું રાજી થઈ ગઈ

શેરી જપવા માંડી તો ય મને ઊંઘ આવતી નહોતી. દીદીના બેડરૂમમાંથી કાંઈ અવાજ આવતો નહોતો. હું ધીમેથી ઊભી થઈ શેરીમાં પડતી બારી ધીમેથી ખોલી. આખી શેરીમાં ચાંદની પથરાયેલી હતી. સ્ટ્રીટલાઇટના પીળા અજવાળાનો કાંઈ હિસાબ નહોતો. બપોરના તડકા જેવી જ અત્યારે ચાંદની ચમકતી તી. મેં સામેની અગાસી તરફ નજર કરી, વીકી અગાસીની ક્રોર પર ઝળૂંબીને ઊભો તો. 'વી...કી... ! હું બોલી ઊઠત પણ મારા રૂંવે રૂંવે એ અવાજ ફૂટી નીકળ્યો. વીકીની નજર મારા પર ચોંટી નીચુ જોયેલો એનો ચહેરો દેખાતો નહોતો. બારીની અંદર ઊભેલી મારો ચહેરો એને પણ દેખાતો નહિ હોય પણ અમને બંનેને ચોક્કસ હતું કે અમે બંને નજરોથી એકરૂપ બની રહ્યા છીએ ! વીકીને પણ એમ જ હશેને કે હું બારી ખોલ્યા વિના નહીં રહું ! મને પણ થતું તું જ કે વીકી અગાસીમા ઊભો ઊભો મને જોવા અધીરો થતો હશે ! બંને દિલ કેવા એકબીજાનાં અરમાનો જાણે છે !

' આમ ને આમ કેટલીવાર ઊભાં રહ્યા એનું બંનેને ભાન ન રહ્યું. હવે તો શેરી અને ચાંદની સિવાય અમને કોઈ જોતુ ય નહોતું.

હવે સૂઈ જાને, ભઈલા !' સામેની અગાસીમાં અવાજ થયો.

મને ઊંઘ નથી આવતી. સૂઈ જઈશ હમણાં વીકીનો જવાબ. ખરેખર, મને પણ ઊંઘ યાદ નથી. થાક યાદ નથી. કાંઈ યાદ નથી.

દીદીના રૂમમાં અવાજ અવાજ થયો કે હું બારી બંધ કરતાંક ને પલંગમાં લાંબી થઈ ગઈ કેવી પરતંત્રતા ! છોકરાની જાત, કેવી સ્વતંત્ર ! દીદી બહાર આવીને રસોડામાં ગઈ દસ પંદર મિનિટ થઈ હોય એ રસોડામાં કંઈક ખડખડ કરતી રહી હવે બારી નહિ ખોલી શકાય. બારી નહિ ખૂલે તો વીકી લંબાવશે. ભલે સૂઈ જાય સવારે વહેલો જાગે તાજોમાજો ને તરત ક્રિકેટ શરૂ...

ક્યારે સ્વપ્નાવાળી ઊંઘ શરૂ થઈ ગઈ એનુ મને ભાન ન રહ્યું આમે ય આજ બપોરથી જાગ્રતિ અને સ્વપ્ના વચ્ચે ગોથાં ખાતી રહી છુંને ! જેવો બપોરનો તડકો એવી મધરાતની ચાદની ! બધું એકરસ થતું આવતું તું !

'હવે જાગો, બેટા ! દીદીના અવાજે મારી આખો ખુલી. 'આજે તો બહુ સૂઈ રહી દીદીને હું સૂતી લાગતી તી. મને થયું, હું ઊંઘી જ નથી જાણે એમ જ અરધી જાગતી ને અરધી ઊંઘતી પડી રહી તી. જાણે બપોરનો તડકો ને મધરાતની ચાદની એકરસ થઈને મારી અંદર ઘુમરાતાં તાં !

જીજાજી ને બોબી ચાના ટેબલ પર હતા. આખી રાત આકાશમાં સફર કરી કરીને મારું શરીર થાકી ગયું હોય એમ લાગતું તું પણ તો યે મને તરત એમ થયું કે આ લોકો અત્યારથી જ ક્રિકેટ રમવાનું ચાલુ કરી દે તો કેવુ સારું ? મારા મનની મુરાદ ઈશ્વર પાસે પહોંચી ગઈ હોય એમ બોબી જેવડા છોકરાએ બારણામાં ડોકાઈને બૂમ પાડી, 'બો...બી ! મને થયું એ રમવા બોલાવે છે ખરેખર, એમ જ હતું. બાબીને બદલે મને બહાર દોડી જવાનું મન થયું પણ હું કાંઈ એમ જઈ શકું ? બોબી તો બહાર દોડી ગયો. પણ સવાર

નહિ થાય. મેં ખિસ્સામાં પકડી રાખેલી ચિઠ્ઠી એમ જ રહી. મારી અંદર અંધારું અંધારું થઈ ગયું. કાયમ પ્રેમથી જોતી હું, જીજાજીને અત્યારે ચીડથી જોઈ રહી. આખી દુનિયા ખુદ ભગવાન પણ અમારા પ્રેમની વિરુદ્ધ હોય એવું મને થયું. હું ફીલીંઝ થઈ ગઈ બૉબી આ તરફ આવ્યો એટલે જીજાજીએ એને ઇશારાથી પાસે બોલાવ્યો. બૉબીની આંગળી પર લગાવેલી બૅન્ડેડ જોઈ એમ જ હતી. મને એ બૅન્ડેડ ઊખેડી નાખવાનું મન થયું.

હવે હું અહીં ઊભી રહીશ તો વીકી મારા સામું જોયા વિના નહિ રહે ને હું વીકી સામુ જોયા વિના નહિ રહું અને અમારા લવ એટ ફર્સ્ટ સાઇટની જીજાજીને જાણ થઈ જાય તો ? તો.. તો...

જીવનની બધી નિષ્ફળતાના ભાર સાથે હું અંદર આવી. જમીને તરત, વહેલાં વહેલા, એસલવર્લ્ડ જવાનું હતું એટલે દીદી તો બધું ઉતાવળે ઉતાવળે પતાવતી તી. બૉબી કરતાં દીદીમાં વધુ ઉત્સાહ દેખાતો તો. મને એ ગમતુ ન તું. એસલવર્લ્ડ તો નામ હતું અમસ્તુ મેળા જેવુ હતુ. તો ય આ લોકોને કેવો આનંદ થાય છે ! એમા શું જવું ?

'મિષી ! તારા જીજાજીને ને બાબીને અંદર બોલાવ.' દીદીનો હુકમ.

હંઅ. ભગવાન સીધો છે જીજાજી અંદર આવે કે ગમે તેમ કરીને વીકીને જાણ કરી દઉં બહાર આવીને મેં જીજાજીને અંદર જવા કહ્યું. જીજાજીએ બૉબીને હુકમ કર્યો, 'ચલ અંદર.' બૉબી કહે, 'આ ઑવર પૂરી કરીને' જીજાજી કહે, 'એને લેતી આવ.' બોલો, ભગવાન સીધો છે કે નહિ ?

પણ, જેવી હું ઓટલે ઊભી કે વીકી મોં તંગ રાખીને એનાં બારણામા દોડી ગયો હું ચાલી ગઈ તી એનો બદલો લેતો હોય એમ મને લાગ્યુ. મારી અંદર ખ જા. થઈ રહ્યું હું 'વી... કી...!' એમ ચીસ પાડી ઊઠેત પણ બલ્બ ઊડી જાય એમ મારું ચેતન હરાઈ ગયુ. હું વીકીના બારણાં સામું નજર ખોડીને ઊભી રહી. વીકી હોત તો હું બૉબીને મોટેથી કહીને જાણ કરી દેત કે 'જલદી ચાલ, આપણે અત્યારે એસલવર્લ્ડ જવાનું છે' પણ વીકી મારાથી રિસાયો હોય એમ ચાલ્યો ગયો.

બેત્રણ મિનિટ પછી બહાર આવ્યો. મને લુખ્ખી નજરે જોઈ રહ્યો. મારે હવે અંદર જવુ જોઈએ. નહિતર દીદી... શું કરવું ?... મેં ખીસામાથી હાથ બહાર કાઢીને, હિંમત એકઠી કરીને, ચિઠ્ઠી ઓટલા પાસે નાખી. મારી નજર કહી રહી આ બાજુ ફિલ્ડીંગમાં ઊભો રહીને લઈ લેજે ને હું અંદર ચાલી ગઈ

અંદર આવી, ને ધ્રાસકો પડ્યો વીકી સમજી ગયો હશે ? ચિઠ્ઠી લઈ લીધી હશે ? નહિ લે તો ? બીજા કોઈ છોકરાના હાથમં આવશે તો ? દીદીને જાણ થશે તો ? ભવાડો થશે તો ?

જમ્યા, તૈયાર થયાં, બહાર નીકળ્યાં, જીજાજી સ્કૂટર ઊતારતા તા મારો મૂંઝારો વધી ગયો તો. બહાર આવતાંકને મારી નજર ઓટલા પાસે ચિઠ્ઠી નાખી હતી ત્યા પડી. ચિઠ્ઠી ત્યાં નહોતી, ઊડીને થોડે દૂર પડી તી. ક્રિકેટ ટીમ ચાલી ગઈ હતી. શેરી અને ચિઠ્ઠી એકલાં પડ્યાં તાં. હું બે ડગલાં ચાલીને ચિઠ્ઠી લઈ શકુ તેમ નહોતી. મારી ચકળવકળ આંખોને નહીં સમજતી દીદીએ બારણાને લૉક કર્યું ત્યાં સુધીમાં ચિઠ્ઠીને જોતાં જોતાં મારી અંદર લોહીનુ પાણી થઈ ગયુ. સ્કૂટર પાછળ અમે બે બહેનો ને આગળ બૉબી. હૅન્ડલ પકડતા જીજાજીએ

બોબીની દુઃખતી આંગળી દુખાવી. બોબીએ ચીસ પાડી. કાંઈ થયું નથી. ચૂપ રહે. બૅન્ડેડ છે પછી. જીજાજીનો અવાજ

મારા મગજ ઉપર પણ કોઈએ બૅન્ડેડ લગાવી દીધી હોય એમ હું એસલવર્લ્ડ પહોંચી. બધાં ગાંડાં થઈને એક એક આઇટેમ માણતાં તાં. મને કશાયમાં રસ પડતો ન તો. મારું શબ ઊંચકીને બધાં ઘૂમતાં હોય એવું મને થતું તું. ક્યારેક ક્યારેક કોઈ ટોળામાં મને વીકી દેખાઈ જતો પણ એ વીકી નીકળતો નહીં. દરેક આઇટેમમા બોબી સાથે મારે જ જોડાવુ પડતું. પણ મારું ચેતન વગરનું શરીર શું કરે છે એનું મને ભાનસાન નહોતું. સાંજ પડી, ને લાઇટો ઝળહળવા માંડી તો ય હું ભાનમાં ન આવી. અમારું સ્કૂટર શેરીમા આવી ઊભું ત્યારે મારામા ચેતન આવ્યુ. વીકી એક નાના છોકરા સાથે એના ઓટલે બેઠો તો. અમને જોતાં જ એ આનંદમા આવી ગયો લાગ્યો પણ મારી નજર અમારી ઓટલે પડી તો પપ્પા મમ્મી બેઠેલાં ! બધાનાં હસવાં-કારવવાં વચ્ચે હું આસપાસ જોવા માંડી. પેલી ચિઠ્ઠી ઊડતી આથડતી વીકીના ઓટલા પાસે પહોંચી ગઈ તી. વીકીની નજર એના પર પડી. એણે ઉપાડી. વાંચી. એકધારું મારી સામે જોઈ રહ્યો સ્ટ્રીટ લાઇટનું પીળું અજવાળું અમારા ચહેરા ઢાંકતુ તું

આવડા મોટા બોબીને પપ્પાએ તેડી લીધો, ને તરત પૂછ્યુ, આંગળીએ શુ થયુ ?'

કાંઈ થયું નથી. થોડું છોલાયું છે બૅન્ડેડ તો અમસ્થી લગાવી છે દીદીએ એ વાતને જરાય મહત્ત્વ આપ્યું નહીં મને તો હવે એ બે ડેડ સાથે કંઈક અનુસંધાન થઈ ગયું લાગતું તું. વીકી સિવાય બીજી કોઈ વાત મારા મગજમાં આવતી નહોતી. કાલે પપ્પા-મમ્મીની રાહ જોતી તી, અત્યારે એ આવ્યાં એ મને ગમ્યું નહીં. એ લોકો શી વાતો કરવા મંડી પડ્યાં એ હું સાંભળતી નહોતી. પપ્પા મમ્મી એકાદ દિવસ રહીને કહેશે 'ચલ' તો ?

એમાં, દીદી વાતવાતમાં બોલી, 'મિષા ય હવે તમારી જ રાહ જોતી તી. બે દિવસથી તો સાવ ઢીલી પડી ગઈ છે ને મારી અંદર ચિત્કારો થઈ ઊઠ્યા હું કાંઈ રાહ જોતી નહોતી હું કાંઈ ઢીલી પડી ગઈ નથી હું કાંઈ અહીંથી જવાની નથી પણ, મારું ચાલશે કાંઈ ?

અત્યારે જમીકરીને બધાં અહીં બેઠા છે તો બહાર ઓટલે ન બેસાય ? બોબી ય પપ્પાની ગોદમાંથી નીકળતો નથી. બહાર છોકરા એકઠા થયાનો અવાજ આવે છે પણ બોબીનુ એ તરફ લક્ષ જ નથી સહુ વાતો કરતાં ય થાકતાં નથી રોજરોજ ટપાલ લખતાં હોય, ફોન કરતાં હોય, પછી આટલી બધી વાતો શું ? પણ આખી દુનિયા અમારી વિરુદ્ધ જ છે પછી શું ? એમા, મારા અને બોબીના પલંગ પર પપ્પાએ સૂવાનુ કર્યું ને અમારે મમ્મી સાથે રૂમમા સૂવાનું થયું ત્યારે મારા પ્રાણ ઊડી ગયા ! કોઈ વાતે હું કોઈને કાંઈ કહી શકતી નહોતી કોઈને કહું પણ શું ? એમાં, કાલે બપોરની બસમાં વડોદરા જવાનું નક્કી થયું. હું શું બોલું ?

હું જોતી તો પપ્પાએ બારી ખુલ્લી રાખી બારીમાથી ચાંદની દેખાતી તી. છોકરાઓ રમી રહ્યા તા. મારે થાકેલી મમ્મી જોડે રૂમમાં લંબાવવુ પડ્યુ. છોકરાની જાત, કેવી સ્વતંત્ર ! હું જાગતી પડી રહી કે ઊંઘતી પડી રહી, મારી અંદર-બહાર પથરાયેલી ચાંદની ને છોકરાના અવાજો સવાર સુધી ઉમટતા રહ્યાં.

સવારે બ્રશ લઈને ઓટલે જતાં તો કોઈ રોકે નહિ ! જોયુ તો વીકી, આંખો હસાવતો,

એના ઓટલે. હું રાજી રાજી થઈ ગઈ શેરીમાં કોઈ કોઈ માસી દેખાતી તી, પણ કોઈનું ધ્યાન અમારી આ પ્રણયલીલા પર નહોતું. વીકીએ ખીસામાંથી ગડી કરેલો કાગળ કાઢ્યો. હસતાં હસતાં મારી સામું જોઈને મારી તરફ ઘા કર્યો. પ્રેમપત્ર ! એ જ ક્ષણે એ ઝડપી લેવા હું પગથિયું ઊતરી કે પપ્પા છાપું લઈને ઓટલે આવ્યા. મારા પર થંભી ગયા. હવે ? શેરી વચ્ચે પડેલા પ્રેમપત્રને પપ્પા દેખે એમ કેમ લેવો ? બસ હલાવ્યા વગર હું એમ જ ખોડાઈ ગઈ. વીકી પણ ફાટી આંખે એમ જ બેસી રહ્યો. સામેવાળાં માસી સાવરણો લઈને બહાર નીકળ્યાં. એના ઓટલા પાસેની શેરી વાળવા માંડ્યાં. બધો કચરો ભેગો કર્યો એમાં અમારો પ્રેમપત્ર પણ હતો. કાયમના ક્રમ પ્રમાણે માસીએ માચીસમાંથી દીવાસળી કાઢી, સળગાવી ને કચરાની ઢગલીને ચાંપી દીધી !

પિંપી ! મમ્મીએ સાદ કર્યો. ચાલ, પછી તારાં કપડાંલત્તાં ને બધું ભેગું કરી લે.

એકવાર તો એમ થઈ ગયું કે બધાંને રાડો પાડી પાડીને કહી દઉં મારે અહીંથી ક્યાંય જવું નથી. મને મારી નાખવી હોય તો મારી નાખો ! હું અહીંથી ક્યાંય જવાની નથી.

પણ, એવું કરી શકું કાંઈ ? ચાપાણી કરીને બધી તૈયારી કરવામાં પડી. બહાર છોકરા એકઠા થયા હતા. આજ બોબીડો ય બહાર જવાનું નામ લેતો નથી. એ તો મમ્મી પપ્પાની આસપાસ ઊઠાઊઠ કર્યા કરે છે. રૂમમાં એકલાં એકલાં બધું ગોઠવતાં મને વિચાર આવ્યો હું વીકીને બધું લખીને આપતી જાઉં. તરત લખવા બેસી ગઈ. મારા વ્હાલા વ્હાલા પરિષ્વજન ! હું તમને મારું દિલ દઈ બેઠી છું. તમારા વિના હું જીવી શકીશ નહિ. શું કરવું તે મને કાંઈ સૂઝતું નથી. અમારે આજે જ જવાનું છે. તમે સાથેના એડ્રેસ પર મને કવર લખશો. લિખિતંગમાં છોકરીનું નામ લખશો હું સમજી જઈશ. તમારું એડ્રેસ મોકલશો. દિવાળીના વેકેશનમાં તરત જ અહીં પહોંચી જજો. -સદાયની તમારી, તમારી ને તમારી જ પિંપી. નાહીને, કપડાં બદલતાં, અરીસા સામે ઊભી ઊભી મારી સાથે નહિ, વીકી સાથે વાતો કરી રહી. મારામાં પહાડ જેવો વિશ્વાસ ખડો થયો. આખી દુનિયાનો દરિયો ઊછળી ઊછળીને મોજાં પછાડે તો યે ડગે નહિ એવો હતો એ.

આજ સુધી મારું ધ્યાન નહોતું કે દીદીના દરેક રૂમમાં વોલપીસ છે. અત્યારે વારંવાર મારી સામે ઘડિયાળ જ આવ્યા કરતી હતી. બપોરની એકની બસ. સાડા બારે તો અહીંથી નીકળી જવાનું. સહુ પોતપોતાની પ્રવૃત્તિમાં હતાં. મને બહાર જવા સિવાય કોઈ વિચાર આવતો નહોતો. ઘડિયાળ નવ ઉપર પહોંચી. બોબી બહાર જવાનો નહીં એ નક્કી. હવે ? એમ જ આમતેમ ફરતાં ફરતાં હું બારણું ખોલીને બહાર આવી. વીકીને જોયો નહીં. હું મૂંઝાઈ. મને બહાર આવેલી નહિ જોતાં ગુસ્સે થઈને અંદર ચાલ્યો ગયો હશે ? શું કરું ? મારી અંદર 'વીકી'! વીકી ! થઈ રહ્યું. વીકી દેખાયો નહીં હવે ?

ચાલો, વહેલાં વહેલાં જમી લો, નિરાંતે. હજી તો અગિયારે નથી થયા ત્યાં દીદીની ઉતાવળ. તો પણ હું બારીમાંથી બહાર ડોકાઈ. વીકી એના ઓટલે બેઠો. તો એ મારી સામું એકધારું જોઈ રહ્યો. એના ચહેરા પર હાસ્ય નહોતું. એના ચહેરા પર કાંઈ નહોતું. એ ખરેખરો મારા પર ગુસ્સે થયો લાગ્યો. જઈને મારા પ્રેમપત્રનો ઘા કરી આવું.

પિંપી ! ચલને, બાઈ !' દીદી પાસે આવીને ઊભી રહી. અત્યારે હું જવાની, એટલે એ મને વહાલ બતાવતી હતી. પણ, નથી જોઈતું મારે એવું વહાલ. પણ દીદીને શું કહું ?

મારે બારીએથી ખસવું પડ્યુ. ઇચ્છા વગર જેમતેમ જમવું પડ્યુ. સહુ સાથે હસીખુશીથી વાતો કરવી પડી. બોબી આજે બહાર નીકળ્યો નહિ તો ય એને વહાલ કરવું પડ્યુ. પડિયાળો દોડતી જ લાગતી તી. વળી વળીને હું બારી પાસે જતી એકવાર વીકી દેખાયો. બીજી વાર અદશ્ય. પપ્પાએ જમીને બારી પાસેના પલંગ પર લંબાવ્યુ હવે ?

હું લગભગ મૂર્છિત જેવી થઈ ગઈ મારી અંદર અંધકાર વ્યાપી વળ્યો જીજાજી સૂટર લઈને રિક્ષા લેવા ગયા ત્યારે તો હું સાવ જડ થઈ ગઈ નરસિંહ-અવતાર વખતે થાંભલો ફાટ્યો તો એમ આ બધાંને કહી દઉં ? મારે અહીંથી નથી જવુ. હું વીકીને પ્રેમ કરું છું. હું વીકી વિના જીવી શકીશ નહિ. વીકી મારો છે હું વીકીની !

મારો પ્રેમપત્ર મારા ખિસ્સામાં રહ્યો. રિક્ષા આવી ગઈ અમે બહાર નીકળ્યાં. ત્યારે સામેવાળાં માસી એના ઓટલે બેઠા તા. એ અમારા પ્રેમપ્રકરણને જાણી ગયાં હશે ? હસતાં હસતાં દીદી સાથે વાત કરતાં એ બોલ્યાં, 'મિષા ય જાય છે ? હા, હવે તો વેકેશન પૂરું થવાનું ને ! અમારે વીકી ય હવે આજકાલમાં જવાનો. એને તો એના મામા ફોરેન તેડાવે છે !

મારી અંદર તરફડાટ થઈ રહ્યો. કોઈ રાક્ષસ મને કચકચાવીને પકડીને ઉપાડી જતો હતો.

બોબીને તેડીને બહાર આવેલા પપ્પાએ રિક્ષામાં બેસતાં બોબીને નીચે ઉતાર્યો બેન્ડેડવાળી આંગળી પકડાઈ ગઈ બેન્ડેડ એક બાજુથી ઊખડી. એ જોઈને બોબીએ સિસકારો કર્યો. પપ્પાએ બેન્ડેડ સરખી ચીપકાવતા કહ્યાં, 'હવે મટી ગયું છે સિસકારા કરવાની જરૂર નથી છતાં ઉખેડશો નહીં. એકબે દિવસમાં એની મેળે નીકળી જશે.

મને થયુ, આ એક એક શબ્દ મારા માટે બોલાયો છે શું ? અમારી રિક્ષા ઊપડી.

# ભાષાંતર

યુયુત્સુ

દેવેશ રાય, અનુવાદિકા ઉષા રાંદેરિયા

[આ વિલક્ષણ લાગે એવી વાર્તામાં દેવેશ રાયે એક વ્યક્તિની આત્માઓળખના (અને તે સાથે તેની સામાજિક ભૂમિકા, તેનો સામાજિક મોભો) પ્રશ્નનું વિશ્લેષણ કર્યું છે આપણા સમાજમાં એ સાથે જોડાયેલા જ્ઞાતિ (નેમજ વર્ગ)ની સમાનતાના પ્રશ્નને પણ વણી લીધો છે એક ઉચ્ચવર્ગના બંગાળી બ્રાહ્મણ મણીન્દ્રનાથ ચૌધરીનો મોટો પ્રશ્ન એ છે કે તેની ઓળખ શેનાથી છે ? તેના નામથી, તેની નોકરીથી, તેના રહેઠાણથી, તેના પોષાકથી કે પછી તેના સામાજિક મોભાથી ?

એ પ્રશ્ન એને માટે ઉત્કટ ત્યારે બને છે જ્યારે જે કૉલેજમાં પોને પટાવાળો છે એ જ કૉલેજમાં એની દીકરી વિદ્યાર્થિની બને છે એને લીધે પિતાપુત્રી વચ્ચે લાગણીને બદલે તનાવની ભૂમિકા કેવી રીતે રચાય છે તે, વાર્તાકારે અનિસૂણતાથી નિરૂપિત કર્યું છે]

ઉન્દરવ્યૂના ઓરડાની બાજુમાં કઠેરા ઉપર અઢેલીને મણીન્દ્રનાથ ઊભો હતો. ઓરડાનો દરવાજો ઊઘડતાં જ એક માણસ બહાર આવ્યો. પટાવાળાએ બહાર આવી બૂમ પાડી, નારાયણ સાહ્ન ફરી એકવાર મણીન્દ્રનાથે જોયુ કે પટાવાળાએ માથાથી પગ સુધી ખાખી પોષાક પહેર્યો છે ટોપી, ખમીસ, પાટલુન અને વળી છાતી પરના ખીસા ઉપર વણ્યું

હતું એમ.ઈ.સી. એટલે કે મહીનગર એન્જિનિયરિંગ કોલેજ મણીન્દ્રનાથે ફરી એકવાર કઠેરાનો ટેકો લીધો. જો આ નોકરી મળે અને કદાચ મળશે જ તો મારે આ ખાકી ટોપી, ખમીસ, પાટલુન પહેરવા પડશે. વળી, ખમીસના છાતી પરના ખીસા ઉપર લખ્યું હશે, એમ.ઈ.સી. દરવાજાને ધક્કો મારી નારાયણ સાહા અંદર ગયો. પાછળ પટાવાળો દાખલ થયો અને દરવાજો બંધ થયો.

મણીન્દ્રનાથના કાળા વાળમાં હવે થોડા સફેદ વાળ પણ દેખાવા લાગ્યા હતા. તેના લાંબા વાળ તેણે પટીયાં પાડી હોળ્યા હતા. આજે સવારે તેણે સ્નાન કર્યું ન હતું. તેમ છતાં, તેની સેંથી આજીવન કુમારિકાની સેંથી જેવી સીધી-સ્પષ્ટ હતી. સાબુથી ધોયેલું એક પહેરણ તેણે પહેર્યું હતું. તે ધોતી વખતે ગળીનું પ્રમાણ જરા વધુ પડી ગયું હતું. તેમજ સસ્તુ કપડુ વારંવાર ધોવાને કારણ એક-બે જગ્યાએ ફસ્કી ગયું હતું. તેમ છતાં, તેના પહેરણની ગડી કર્યા હોવાથી થોડા ઘણા સળ દેખાતા હતા ખરા. એક નકલી રેશમની ભૂરા રંગની ચાદર, જમણા હાથની બગલ નીચેથી ઉપર કાઢી, ડાબા ખભા ઉપર નાખેલી હતી. રોજ રોજ સાબુથી ધોવાતાં રબરનાં સેન્ડલ તેણે પગમાં પહેર્યાં હતાં. પાટલી વાળીને પહેરેલા ધોતિયાનો છેડો ખીસામા ખોસેલો. જાડા કપડાનો જાડો એવો છેડો ખોસ્યોને કારણે તેનુ ખિસું તેમજ ચશ્માંને કારણે તેનું મોં જરા ભારે દેખાતાં હતાં. હજામત તો કરેલી પણ કટાયેલી બ્લેડના ડાઘ ગાલ ઉપર દેખાતા હતા.

જે પાટલીઓ ત્યાં ગોઠવેલી હતી તેના ઉપર ખાલી જગ્યા હોવા છતાં ઘણા લોકો વરંડામા છૂટા-છવાયા બેઠા હતા. એકલો મણીન્દ્રનાથ જ કઠેરાને અડેલી બારણા પાસે ઊભેલો હતો, જેથી કરીને ખાકી ગણવેશ પહેરેલો પટાવાળો તેનુ આખુ નામ ઉચ્ચારે તે પહેલાં જ તે અંદર જઈ શકે. પોતાનું નામ પટાવાળાની જીભેથી બચાવી લેવા તે આ પસંદ કરેલી જગ્યાએ ઊભો હતો. અને તેમ છતા મણીન્દ્રનાથ ઈન્ટરવ્યૂ આપવા આવેલો તો તે જ ખાકી ગણવેશથી પોતાના શરીરને ઢાંકવા ! જ્યા તે હાલ નોકરી કરતો હતો. તે મહીનગર કોલેજમાં ગણવેશ હતો નહિ, પરંતુ ત્યાં પણ, તેના નામથી તો તેને બોલાવતા જ કોઈ તેને તેના નામથી બોલાવે નહિ તે માટે, તેના નામની બૂમ પડે તે પહેલાં જ જવાબ આપવાની કળા તેણે પૂરેપૂરી હસ્તગત કરી લીધી હતી.

ઓરડાનો દરવાજો ઊઘડ્યો. નારાયણ સાહા બહાર આવ્યો. પટાવાળાએ બૂમ પાડી 'બૈજુ માહાતો'. મારે પણ આ ગણવેશ પહેરવો પડશે !!

મણીન્દ્રનાથની ઉંમર એકતાળીસ વર્ષની હતી. આ કારણે, નવી નોકરીમાં દાખલ થવું તેને માટે સહેલું ન હતું. તેમ છતાં, આ નોકરી મેળવવા જે જે કરવું જરૂરી હતું તે બધું જ તેણે કરેલું. કમિટિમાં રઘુ મિત્તિર હતો. તે પણ માણિકગંજનો રહેવાસી તેથી જ મણીન્દ્રનાથ ત્રણ-ત્રણ વાર તેને મળી બધું પાકું કરી આવ્યો હતો. કમિટિમાં સૂરેન ભૌમિક હતો. તે તો વળી, વારેન્દ્ર બ્રાહ્મણ પણ હતો તેથી તેને પણ બેવાર મળી બધી ગોઠવણ કરી લીધેલી. મણીન્દ્રનાથ ચૌધરી માટે આ નોકરી મેળવવી, તે બહુ જરૂરી હતું. પગાર વધારે હતો. દર વર્ષે બઢતીની રકમ પણ વધારે હતી. પરંતુ મહીનગર કોલેજ છોડી દેવાનું વધુ અગત્યનું કારણ તો એ હતું કે તેની પોતાની દીકરીના પગ આગળ તેણે બેસવું પડેલું.

આ એન્જિનિયરિંગ કોલેજ નવી જ શરૂ થઈ હતી. દસ પટાવાળાઓ લેવાના હતા

સીધો ઊભો થઈ ગયો, તેણે એક પગ આગળ પણ લંબાવ્યો. ઈન્ટરવ્યૂના ખંડનો દરવાજો બંધ કરી પટાવાળો 'મણી' એટલું જ બોલે ત્યાં તો તે ઝડપથી આગળ આવી ગયો. તેમ છતાં, પટાવાળો જોરથી બોલ્યો, 'ચૌધરી' તેણે દરવાજો ખોલી પકડી રાખ્યો. મણીન્દ્રનાથને પોતાનું નામ સાંભળવાનો આઘાત તો લાગ્યો જ પણ તે સહન કરી લઈ તેણે ઓરડામાં પ્રવેશ કર્યો.

ઓરડો અંધારો તેમ જ ઠંડો હતો તેથી તેને ઠંડી લાગી. લાંબા ટેબલની સામી બાજુમાં ખુરસીઓની હાર હતી, ધોતિયું પહેરેલા બે-એક પુરુષો, જેમાં એક રઘુ મિત્તિર હતો ખુરસી ઉપર પગ ચઢાવી બેઠા હતા. ટેબલની આ બાજુ નોકરી લેવા આવેલા ઉમેદવારો માટે એક સ્ટૂલ હતું. મણીન્દ્રનાથનો પહેરવેશ જોઈ ત્યાં બેઠેલામાંના કેટલાકે અસ્વસ્થતા અનુભવી, સામે બેઠેલા એક જણે પેન્સિલથી સ્ટૂલ તરફ આંગળી ચીંધી કહ્યું, 'બેસ

'નામ ?'

'શ્રી મણીન્દ્રનાથ ચૌધરી.

'કૉલેજમાં કેટલા વખતથી નોકરી કરે છે ?'

'છ વર્ષથી, સાહેબ.

'આટલી જૂની નોકરી છોડી આ ઉંમરે, ઉંમર કેટલી છે ?'

'એકતાળીસ, સાહેબ.

'કૉલેજની નોકરી' – એ પ્રશ્ન જેણે પૂછ્યો હતો તેણે થોડી જ વારમાં ફરી પૂછ્યું

'શા માટે નોકરી છોડવી છે ?'

'સાહેબ પેન્શન નથી, બઢતી નથી, પગાર ઓછો છે

મણીન્દ્રનાથે ત્રાંસી નજરે રઘુ મિત્તિર અને સુરેન ભૌમિક સામે જોયું.

'સાઈકલ ચલાવતાં આવડે છે ?'

'સાહેબ, આવડતું તો નથી, પણ શીખી લઈશ.

આ સાંભળી ઘણા બધા હસી પડ્યા અને મણીન્દ્રનાથે તે સૌને એકી નજરે જોઈ લીધા.

'આ ઉંમરે ?'

'જા જા હવે, આ ઉંમરે તારે સાઈકલ ઉપર બેસવું નહિ પડે 'નેકસ્ટ મૅન –

સુરેન ભૌમિકે સામે પડેલા કાગળ ઉપર લાલ પેન્સિલથી નિશાની કરી, આખરે, આ ભદ્ર દેખાતી વ્યક્તિને 'તુમિ' * કહી સંબોધવામાં આવી એથી રાજી થઈ મણીન્દ્રનાથની સામે બેઠેલા એક ભાઈએ કહ્યું 'સારું હવે તું જઈ શકે છે' હાથ ઊંચા કરી, નમસ્કાર કરી, બહાર નીકળી જવા, મણીન્દ્રનાથ પટાવાળા સાથે બારણા તરફ વળ્યો. સ્ટૂલથી બારણા સુધી થોડાં જ પગલાં ભરતાં ભરતાં, આ સીમાબદ્ધ થયેલી એવી જગ્યાની બહાર જતાં જતાં

---

* ગુજરાતીમાં 'તું' અને 'તમે' શબ્દોનો પ્રયોગ થાય છે તેમ બંગાળીમાં 'તુઈ' 'તુમિ' અને 'આપનિ' શબ્દોના પ્રયોગ થાય છે સામાન્ય રીતે નાનાં બાળકોને, તેમ જ નોકર-ચાકર પટાવાળાઓને 'તુઈ' કહી સંબોધવામાં આવે છે અને નોકર-ચાકરની બાબતમાં આ શબ્દના પ્રયોગમાં થોડી ઊંચ નીચની ભાવના છે

મણીન્દ્રનાથના આત્માએ, મોટા મોટા સાધકોની જેમ, પોતાનો દેહ ત્યાગ કરી, પેલા યુનિફોર્મમાં પ્રવેશ કર્યો. જૂનો મણીન્દ્રનાથ, આ યુનિફોર્મમાં સજ્જ થયેલા નવા મણીન્દ્રનાથને ઓળખી જ ન શક્યો. જૂના મણીન્દ્રનાથના સાવચેતીથી ઓળેલા વાળ, એક ટોપી તળે ઢંકાઈ ગયા. ભદ્રલોક જેવો તેનો ધોતિયાનો છેડો પાટલુનમાં ફેરવાઈ ગયો, અને ત્યાર બાદ છાતી પરના ખીસા ઉપર લાલ દોરાથી ટંકાયેલા 'એમ.ઈ.સી.' આ ત્રણ અંગ્રેજી અક્ષરો વિસ્તૃત થતા ગયા. પરિણામે મણીન્દ્રનાથ ચૌધરીનાં આ જોડાક્ષરવાળા નામ અને તેને વિશેષ મોભો આપતી તેની અટક આ બંનેનું અવમૂલ્યન થતાં થતાં તે નહિવત્ બની ગયાં। કેવળ માત્ર એ લાલ દોરાની ઉપાધિ મેળવી, મણીન્દ્રનાથનો સૂક્ષ્મ આત્મા, કેટલાક પથ્થર ઉપર અંકાયેલા વિજયપ્રતીકો સાથે કબાટના એક ખાનામાં જઈ બેઠો. ત્યાર બાદ, એક છોકરો આવ્યો અને લાલ દોરાથી લખાયેલા 'એમ.ઈ.સી.' એ ત્રણ અક્ષરોને મણીન્દ્રનાથ ચૌધરીના હંમેશ માટેના પરિચયનું ચિહ્ન બનાવવાના કામે લાગી ગયો. આથી મણીન્દ્રનાથ ચૌધરીના સૂક્ષ્મ આત્માએ મોટે સાદે ઘાંટા પાડી પોતાનો સાચો પરિચય આપવાનો પ્રયાસ કર્યો. પરંતુ, જેવી રીતે ડુંગળીનાં એક પછી એક પડ ઉખેડ્યા બાદ પણ અસલ ડુંગળી મેળવી શકાતી નથી, તે જ પ્રમાણે, લાલ દોરાથી અંકાયેલા 'એમ.ઈ.સી.' એ ત્રણ અંગ્રેજી અક્ષરો ઉકેલ્યા બાદ પણ તેની અંદર રહેલા મણીન્દ્રનાથના સૂક્ષ્મ આત્માને ફરી શોધી શકાયો નહિ. મણીન્દ્રનાથના પોતાના નામના ત્રણ અક્ષરો હતા 'એમ.ઈ.સી.' અને મહીનગર એન્જિનિયરિંગ કૉલેજના અક્ષરો હતા 'એમ.એન.સી.' – આ બેમાં ફક્ત વચલો અક્ષર જ જુદો હતો, બાકીના બે તો સરખા જ હતા. આ વિચારથી મણીન્દ્રનાથે એવું નિદાન કર્યું કે આ ત્રણ અક્ષરો ઉકેલીને પણ એ પોતાની જાતને ફરી મેળવી શકશે. ત્યાર બાદ આ નિર્ણયને કારણે સાંત્વન મેળવી, તેના ઉપર આધાર રાખી મણીન્દ્રનાથના સૂક્ષ્મ આત્માએ ફરી એકવાર 'એમ.ઈ.સી.' આ ત્રણ અક્ષરોના દેહની અંદર પોતાને શોધી કાઢ્યો.

પછી તો કોઈ નિરાશ્રિતના હાથમાં રોકડા રૂપિયા આવ્યા હોય અને તે ફરવા નીકળી પડે તેમ આ સૂક્ષ્મ આત્મા પણ નીકળી પડ્યો પોતાની જરૂરિયાત પૂરતી રહેવા માટે એક જગ્યા શોધવા તે નીકળી પડ્યો. જે ભૂમિખંડ ઉપર તેના પૂર્વજોનો નિવાસ હતો તેની નવેસરથી શોધ કરતાં મણીન્દ્રનાથને ખ્યાલ આવ્યો કે તે અત્યાર સુધી એક 'ભદ્રલોક' તરીકે ઓળખાતો તેનો આધાર સ્થાયી ન હતો. દેશમાં પરિવર્તન થાય, દેશના ભાગલા પડે અને દેશ સ્વતંત્ર થાય તો તેનો આ આધાર તૂટી પણ પડે એમ હતું. અત્યાર સુધી તે મણીન્દ્રનાથ ચૌધરીને નામે ઓળખાતો તેમાં પણ એવું કોઈ સત્ય રહેલુ ન હતું કે દેશમાં પરિવર્તન આવે, દેશના ભાગલા પડે કે દેશ સ્વરાજ મેળવે, તો તેના નામમાં કોઈ પરિવર્તન થાય નહિ. દેશમાં આ બધું બન્યું ત્યારથી જ મણીન્દ્રનાથે અમુક કૉલોનીનો, અમુક નંબરનો પ્લૉટ, અમુક રજીસ્ટ્રેશન નંબર, સરકારી ખાતામાં અમુક રીતે નોંધાયેલો વગેરે જુદા જુદા પ્રકારના પરિચયોની પાછળ પોતાની જાતને બચાવી રાખવાનું કૌશલ હસ્તગત કરી લીધું હતું કોઈપણ સમયે પોતાની જાતને સ્પષ્ટ રૂપે પ્રગટ કર્યા વિના આ સર્વ સાથે જોડાઈ રહેવાની એક અસાધારણ ટેવ મણીન્દ્રનાથને પડી ગયેલી. મણીન્દ્રનાથ બરાબર સમજતો હતો કે ભદ્રલોકના વર્ગમાંથી નીચે ઊતરી જવું તે ખૂબ જ સ્વાભાવિક અનિવાર્ય અને નિયતિ ઉપર આધારિત હતુ. આ સમજથી

પછી મણીન્દ્રનાથે આ સ્વાભાવિક અનિવાર્ય અને નિયતિ ઉપર આધારિત, એવુ એક વર્ગમાંથી બીજામાં નીચે ઊતરી જવું તે એને પોતાને બને એટલો ઓછો આઘાત આપે એ માટે પ્રયાસ કરેલો. આ બાબત આધુનિક વિજ્ઞાન અને મણીન્દ્રનાથમાં ઘણું સામ્ય હતું.

સૌ પ્રથમ રેશનની એક દુકાનમાં ચોપડા લખવાનું કામ તેને મળ્યું. ત્યારબાદ તો ચોખા વગેરેનું ઉત્પાદન એટલા મોટા પ્રમાણમાં થવા લાગ્યું કે મણીન્દ્રનાથનું દુકાનમાં ચોપડા લખવાનું કામ બિનજરૂરી થઈ પડ્યું પછી તો રેશનિંગનો જમાનો જ પૂરો થયો. ત્યાર પછી તેને એક દવાની દુકાનમાં કમ્પાઉન્ડરનું કામ મળ્યું. દાક્તરે પોતે જ તેને કેટલાંક મિક્સચર બનાવતાં શીખવી દીધું પરંતુ તે દાક્તરની દુકાન બીજા એક ભાગીદારને પૈસે મોટી બની ગયા પછી મણીન્દ્રનાથને ત્યાંથી પાણીચું મળ્યું પછી તેણે શરૂ કર્યું એક સિનેમા હૉલમાં ગેટકીપરનું કામ. ચાર મહિના કામ કર્યા પછી પગાર ન મળવાથી તે નોકરી છોડી દીધી. ત્યાં કામ કરનારાઓ હજુ પણ બાકી રહેલો પગાર મેળવવા ઝુંબેશ ઉઠાવી રહ્યાનું સંભાળાતું હતુ. બીજે ક્યાં ક્યાં નોકરી કરી તેની તો કોઈ યાદગીરી મણીન્દ્રનાથને પોતાને પણ રહી ન હતી. છેવટ આ મહીનગર કૉલેજની નોકરી મળી હતી. આ નોકરી છેવટે સુધી ચાલુ રહેશે એવી સંભવ તો હતો જ પણ બે વાત તેને આડે આવતી હતી – એક મણીન્દ્રનાથની પોતાની દીકરી અને બીજું, એન્જિનિયરિંગ કૉલેજમાં મળતું પેન્શન.

આ બે વસ્તુની સાથે બીજાં અનેક સરવાળા-બાદબાકી કર્યા બાદ મણીન્દ્રનાથ નિર્ણય નહોતો લઈ શકતો કે તેનુ કર્તવ્ય શું છે ? કૉલેજ છોડી દે તો દીકરીની કૉલેજની ફી ભરવી પડે મહિને રૂપિયા ૧૫ તે એક વધારાનો ખરચ. વળી, નોટબુકો પુસ્તકો એ સઘળાંનો ખરચ તો જુદો ઊભો રહે જ આ નવી કૉલેજમાં જાય તો પેન્શન મળે, પગાર પણ થોડો વધારે મળે પણ યુનિફોર્મનો પ્રશ્ન મોભો થાય. વળી, દીકરી માટે આ વધારાનો ખર્ચ કરવો પડે તેનુ શું ? આ બધા પ્રશ્નો કરતાં (અદશ્ય એવી હોવા છતાં ), આ બધા હિસાબો કરતાં વધુ મહત્ત્વની એક વાસ્તવિક ચિંતાએ મણીન્દ્રનાથને વ્યાકુળ કરી મૂક્યો હતો. છેલ્લાં થોડાં વર્ષોની મહેનત, પરિશ્રમ, જુદા જુદા પ્રકારનાં છળ કપટ કરી અને થોડે અંશે પોતાની જાતને સમર્પિત કરી, મણીન્દ્રનાથે નોકરીમાં ઘણા બધાની, થોડી ઘણી સહાનુભૂતિ મેળવી હતી. પરિણામે મણીન્દ્રનાથે મહીનગર કૉલેજમાં પોતાનું એક એવુ વિશેષ પ્રકારનું અસ્તિત્વ સ્થાપ્યું હતુ કે જેને કારણે, પટાવાળાઓથી તેણે પોતાને માટે જુદું એવું એક સ્થાન મેળવી લીધું હતું. જેથી એકંદરે તે પોતે કારકુનોના વર્ગમાં છે એવુ તે દેખાડી શકતો પરંતુ એન્જિનિયરિંગ કૉલેજનું વાતાવરણ એટલું બધુ નિરપેક્ષ, વ્યક્તિત્વહીન અને યાંત્રિક હતું કે મણીન્દ્રનાથ જેનું વ્યક્તિત્વ બીજાઓની કરુણા, સહાનુભૂતિ વગેરે ઉપર આધારિત હતું અને તેના ઉપર નિર્ભર કરી તે જીવી રહ્યો હતો તે વ્યક્તિત્વ અહીં લોપ પામે એમ હતું.

પરંતુ જ્યારે મણીન્દ્રનાથે અરજી કરેલી, જ્યારે તપાસ કર્યા બાદ, ઈન્ટરવ્યૂ બોર્ડના સભ્યોને ત્યાં એક પછી એક આવ જા કરેલી ત્યારે તો સંપૂર્ણ રૂપે તે એક પટાવાળો જ હતો અને પટાવાળાની નોકરીમાં જ વધુ નચિંત બનવું, વધુ સ્થાયી બનવુ, વધુ બઢતી મેળવવી આ જ બધું તેણે વિચારેલું. બે પ્રકારનાં જમા-ઉધારનાં પાસાં તપાસવા જેટલી શક્તિ મણીન્દ્રનાથમાં ન હતી.

જ્યાં સુધી તેની દીકરી કૉલેજમાં દાખલ થઈ ન હતી ત્યાં સુધી તો કંઈ મુશ્કેલી હતી જ નહીં. એ આખી બાબત (–એટલે કે મણીન્દ્રનાથ ચૌધરી એવું નામ હોવા છતાં તે પટાવાળાની નોકરી કરતો, તે બાબત ) તેની પોતાની એક અંગત વાત હતી. પોતાનુ પટાવાળા હોવાપણું ગુપ્ત રાખવું અને પોતે એક ભદ્રલોક છે એ વાત જાહેરમાં પ્રકાશિત કરવી   એ બધાંનો નાયક અને દર્શક એ પોતે જ હતો પરંતુ ગયે વર્ષે, જે દિવસથી એની દીકરી હાયર સેકન્ડરીની પરીક્ષામાં પાસ થઈ કૉલેજમાં દાખલ થઈ તે જ દિવસથી આ આખી બાબત તેના એકલાના હાથમા રહી ન હતી. એક જ કૉલેજમાં એકી સાથે દીકરીનો બાપ અને દીકરીનો પટાવાળો હોવું   એ પરિસ્થિતિ તેને માટે સાવ નવી હોવાથી તેને અસ્વસ્થ બનાવી દેતી  બીજુ તો કશું જ શરમજનક ન હતું. તેના ધોતિયાના છેડાની પાટલીઓ બરાબર હતી, તેના પગમાં સેન્ડલ હતાં (જાણે એક કવચ જેવાં) પરંતુ ઑફિસમાં ઘંટી વાગે તો તરત ઊભા થઈ જવું પડતું હતું અને છોકરીઓના કૉમનરૂમમાં નોટિસ ટાંગવા જવાનું કામ તેને શરમજનક લાગતું.

હેડક્લાર્કની થોડી ખુશામદ કરી, ઑફિસનું કામ છોડી તેણે લાઇબ્રેરીની ડ્યુટી લીધી. પણ ત્યાં ગયા પછી એને ખ્યાલ આવ્યો કે ત્યાં તો દીકરી સાથે વધારે પ્રત્યક્ષ હળવામળવાનું થતું, હાથમાં ચોપડીઓ પણ આપવી પડતી અને લાઈબ્રેરીયન પહેલે જ દિવસથી એને 'તું' કહી બોલાવતો  હજી તો સાત દિવસ પૂરા થાય તે પહેલાં જ મણીન્દ્રનાથ ઑફિસમાં પાછો આવી ગયો. છોકરી બિચારી આખો દિવસ કાલેજમાં જતી, ત્યાંથી સીધી ટાઈપિંગ ક્લાસમાં જતી  ટાઈપિંગ શીખી, મોડી સાજે ઘેર પાછી ફરતી  આખો દિવસ તે ભૂખી રહેતી. સાંજ પછી દીકરી ઘેર આવે તે પહેલાં જ મણીન્દ્રનાથ પૂરેપૂરો બાપ બની બેસી રહેતો.

દીકરીનો બાપ બની  ઘૂંટણ ઉપર લુંગી ચઢાવી, મણીન્દ્રનાથ કોઈવાર નિરાંતે સૂતો હોય એવે વખતે દીકરીની કોઈ બહેનપણી આવી ચઢતી. લુંગી ઘૂંટણની નીચે ઉતારી સરખી કરવામાં મણીન્દ્રનાથને કાંઈ વાંધો ન હતો  કારણ એ તો સભ્ય વ્યવહારને અનુરૂપ આચરણ હતું અને એ હતો તો ભદ્રલોક  પરંતુ દીકરીની બહેનપણી એટલે કાલેજની છાત્રા અને તે એવે ઘેર આવે તો મણીન્દ્રનાથને ફરજિયાત બીજા ઓરડામાં ચાલ્યા જવુ પડતું. દીકરી કાલેજમા દાખલ થઈ ત્યાર બાદ કોઈ કોઈવાર તેને પોતાના ઘરમાં જ કૉલેજનો પટાવાળો બની જવું પડતું !

ઘેર પહોંચતાં જ માયાએ પૂછ્યું, કેમ બાપુજી ઈન્ટરવ્યૂ કેવો ગયો ?'  ઠીક હતો કેટલા જણ હતા ?' મણીન્દ્રનાથે ઝભ્ભો ઉતાર્યો  માયાએ હાથ લાંબા કરી તે લઈ લીધો.

ઘણા બધા, બધા જ તો નવા હતા અને મેં જોયું કે અમારી કૉલેજના જ બધા આવ્યા હતા  માયાએ આપેલી લુંગી લેતાં લેતાં મણીન્દ્રનાથે જવાબ આપ્યો

તમને નોકરી મળશે તો ખરીને ?'

શી ખબર, સુરેન ભૌમિક  રઘુ મિત્તિર હતા તો ખરા  ખાસ કોઈ પ્રશ્નો તો પૂછ્યા જ નહિ. પણ નોકરી મળે તો પણ લેવી કે કેમ તે વિષે હું વિચારું છું

મણીન્દ્રનાથ ઓરડામાંથી બહાર નીકળતો હતો ત્યારે તેણે ઉતારેલું ધોતિયું ઉપાડતાં માયાએ પૂછ્યું, કેમ બાપુજી ?'

મેં જોયું કે ત્યાં તો ગણવેશ પહેરવાનો છે  બધો જાણે સાહેબ લોકોનો કારભાર

હોય એમ લાગ્યું. આ ઉંમરે એવું બધું ફાવે ખરું ? વળી, વધારામાં સાઈકલ ચલાવતાં શીખવી પડશે. જોકે પેન્શન છે નોકરી સારી કહેવાય એવી છે પગાર પણ વધારે છે વરંડાનાં પગથિયાં ઉપર મણીન્દ્રનાથ બેઠો.

'ગણવેશ એટલે પાછું એના ઉપર કૉલેજનું નામ લખેલુ હોય ?' માયાએ પ્રશ્ન પૂછ્યો.

'હા

હે ભગવાન તમારે એ બધું પહેરવાની જરૂર નથી, તમારે નોકરી કરવાની પણ જરૂર નથી. બીજાં બે વર્ષ આ જ કૉલેજમાં રહો, પછી તો હું જ પાસ થઈ કૉલેજ પૂરી કરીશ.

મણીન્દ્રનાથ એકદમ ઊભો થઈ ગયો અને માયા સામે જોઈ ઘાંટા પાડી બોલવા લાગ્યો કેમ, હું ગણવેશ પહેરું તો તેમાં તારા સન્માનને હાનિ પહોંચશે ? છોકરા છોકરીઓ આગળ તારે શરમાવું પડશે કે તારો બાપ યુનિફોર્મ પહેરેલો પટાવાળો છે ? પટાવાળો જ જ્યારે થયો છું, બ્રાહ્મણનો દીકરો થઈ બધી નીચ જાતિઓની જ્યારે ખુશામદ કરવી જ પડી છે પછી હવે મારે માટે બાકી જ શુ રહ્યુ છે ? પહેરીશ, હું યુનિફોર્મ જરૂર પહેરીશ અને તે પહેરી તારી કૉલેજમાં જઈશ. તુ જાણે એક બહુ મોટી સંન્યાસિની બની ગઈ હોય એમ બાત ને અન્ન કહે છે પટાવાળાની દીકરીનો બાપ યુનિફોર્મ પહેરે તો પાછું દીકરીનું માન સચવાય નહિને ?'

મણીન્દ્રનાથની ઘાટાઘાટ સાભળી રસોડામાથી માયાની મા અને નાનાં બાળકો, જે બધા અહીં-તહીં હતાં, ઓટલા ઉપર ટોળે વળી ઊભાં રહ્યાં. પહેલાં તો માયા સહેજ ગભરાઈ પછી થોડીક પાછળ હઠી, ઓરડામાં અંદર ચાલી ગઈ મણીન્દ્રનાથે ઉચ્ચારેલો દરેક શબ્દ સત્ય હતો અને તેમ છતાં, તે સમયે મણીન્દ્રનાથે પોતે, છેલ્લાં તેર-ચૌદ વર્ષમા બનેલી ઘટનાઓ, તેમ જ ચારે બાજુએ જે કાંઈ બન્યું હતું તેમાં પોતાનું થયેલું ઉત્થાન અને પતન સંપૂર્ણ રીતે ભૂલી જઈ પૂર્વે સમાજમાં જે વર્ગમાં પોતાનું સ્થાન હતું તે વર્ગની પ્રતિનિધિ તરીકે તેને જોઈ જે દીકરી જન્મથી જ દુકાનદાર, કમ્પાઉન્ડર અને પટાવાળાની દીકરી તરીકે જ મોટી થઈ હતી તે જાણે કૉલેજની છાત્રા બનતાં જ રાતોરાત એક વર્ગમાંથી બીજા વર્ગમાં જઈ પહોંચી હતી !

એકાએક ગુસ્સો કરી મણીન્દ્રનાથ થાકી જઈ બેસી ગયો, માયા જે રીતે અંદર ખુરશી ઉપર પગ લટકાવી, ડોકું નીચું કરી બેઠી હતી, તેથી સ્પષ્ટ રીતે દેખાતું હતું કે તે પણ થાકેલી હતી.

માયા અને મણીન્દ્રનાથ આ પરિવારની ભવિષ્યની અને વર્તમાનની કમાણી કરનારી વ્યક્તિઓ હતી. એમ લાગતું હતું કે જાણે આખા પરિવારથી છૂટાં પડી જઈ તેઓ બંને એક એવે સ્થળે આવી ઊભા હતાં જ્યાં તેઓ વચ્ચે સ્પર્ધા અને સંઘર્ષના સબંધ સિવાય કૌટુંબિક કે લાગણીનો કોઈ સંબંધ રહ્યો જ ન હતો. તેનું કારણ એ હતુ કે જીવનની યાત્રાના જે કેંદ્ર ઉપરથી મણીન્દ્રનાથ ધીરે ધીરે નીચે ઊતરતો જતો હતો, માયા જીવનયાત્રાના તે કેંદ્ર તરફ ધીરે ધીરે ઊંચે ચઢતી જતી હતી

□

## વાંચીએ

રાઝ નવસારવી

ક્યાં સુધી કાનો ને માતર વાંચીએ?
થોડી ફુરસદ છે તો ભીતર વાંચીએ.

આંખો આંખોમાં પરસ્પર વાંચીએ
ક્યારે ઘટશે મનનાં અંતર, વાંચીએ.

એ જ તો છે આપણા રસનો વિષય
વાત તારી-મારી સહચર વાંચીએ.

એક પરપોટાનું આયુ કેટલું?
જિંદગીનો મર્મ સત્વર વાંચીએ.

સ્વર્ગનો અહેસાસ દુનિયામાં થશે,
રાતદિન બસ કાઈં અક્ષર વાંચીએ.

વાંચવા એને ભલે મથવું પડે
દિલની લિપિને બરાબર વાંચીએ.

## ગઝલ

હર્ષ બ્રહ્મભટ્ટ

વાદળો દેખી તને શું થાય છે?
ભીતરે મોતી સમું શું બંધાય છે?

ચીર હરપળ કેટલાં ખેંચાય છે?
કૃષ્ણને પણ ક્યાં કશુંયે થાય છે?

હૃદય નામે એક પથ્થર પર સતત,
કોરડા વરસાદના વીંઝાય છે.

મેઘ તો ખાંગા થઈ તૂટી પડ્યા,
તે છતાંયે ક્યાં કશું ભીંજાય છે?

બહાર ઘરની જો નથી કો નીકળ્યાં?
એટલે વરસાદ આ સ્હોરાય છે!

## ગઝલ

ગુલામ અબ્બાસ અબ્બાસ

ત્રાસ એક જ હતો બીમારીમાં,
ઊંઘ આવી નહીં પથારીમાં

સાવ સૂની રહી તી શેરી પણ,
કોઈ રડતું હતું અટારીમાં.

ઝંખના ઈશ્વરી મદદની છે
કેવો મજબૂર છું ખુમારીમાં.

કોઈ કહે છે વટાવથી મળશે,
સુખ મળ્યા છે મને ઉધારીમાં.

દર્દ કપરું હતું શહીદીનું
ધાર બૂઠી રહી કટારીમાં.

સૌને આજે અછૂત લાગું છું
જાણે મેં શું કહ્યું લવારીમાં.

વાત અબ્બાસ ના કરો જગની,
કેદ છો ઘરની ચોંદીવારીમાં.

## હાઈકુ

ધીરુ મોદી

પંખીની માળો
આભ, ધરા, વૃક્ષ
ગજબ તાળો

# નક્કી એ મારો દિયોર ભગલો જ હશે !

ભાનુપ્રસાદ ત્રિવેદી

અલ્યા ભણો તો ખરા મુંઢેથી ! કુણ હતું એ ? ભૂત ? ભૂવો ?
અંધારી ઓરડી જ્યો સ, કુણ નેધણિયો હતો મૂઓ ?

બહુરૂપી ? બહુ ફંદ ? મદારી, પરપંચી કે ખેલાડુ ?
ચોર, ઠગારો, ધાગ ધુતારો, ખોતરિયો ખાતરપાડુ ?

કોમણ-ટૂમણ કપટકળો કે ડબલ એકના કરનારો ?
અવળો-હવળો, ઉપર-હેઠળ, ચારેકોરે ચરનારો ?
આડા-ઊભા વેતરનારો, ખલ ધગડો કે લંગોટો ?
એ—વી આહ્યવોત દિયોરૂને ! કરવો તો ન હાકોટો !

ચેં ચેં પેં પેં વાત ચાલતી ભાવારીથી... બધું ખરું !
કુણ લાયો પણ કોંડુ ઝાલી હૌની વચ્ચે હરુભરુ ?

એવો ચેવો સ એ તિભંગળ, ચબહ કરી હકતા સો ને ?
જાત-ભાતનાં રૂપ ધરે, શું ઇમાં શેતરે જ્યા સો ભૈ ?

આદિકાળમાં રાક્ષસ થૈ ને ન તો આવતો ? એ જ હશે !
પસં થવા રાજા, જે દાતેડા પર લૈ તરવાર ઘસે...
ઉત્થમ-ઊજળા દેશ ઉપર હુમલા કરનારો ને જુલમી,
લાજ-લૂંટારો, મંદિરતોડું વળી, ઘોર કરમ કરમી,
ડાકુ, હલાકૂ, ઠગ, પેંઢારો, ધાડપાડુ, ચહી-બનિયન,
મટકી, અદ્દા, કૂટણ, દારૂ, હુલ્લડ અસ્ત્રા, આગ, હરણ,
ઢોર-ચોર, એફણ, આત્યંકી, બોંમ અને બંધૂકવાળો,
હપ્તા, લાગા, ખંડણીઓ, ઠેકાખોરો કે હોપારો,
રાજ દુબેથી કરનારો કે ગાદી-ખુરશીનોય ધણી
– લોહી-હાડકાં ચૂશી આપણાં મ્હેલાતો ચકચૂર ચણી !
નરભે થૈ ને ધોળે દા'ડે મલક બધો ભેળાયે જાય,
રહે ઊડતો રંગેચંગે પથારીઓ પપળાયે જાય,
હાટ-હૂટ, વખ વાવેતરમાં, હળગાવામાં રચ્ચોપચ્ચો,
કીભાંડો, અત્યોલ ખરચ ને ટાંગા-ખેંચે રચ્યો મચ્યો,

પાધર વાધ્યો, બેહર ખંધો, નાગો ને આંખે બાડો,
રાજકારણી મલઈ ખઈ_ને જો ચેવો થ્યો સે પાડો!
ઘંટ, લાંચિયો, કોમચોર જડ ભૂપનેય ઓઠે ન કદી!
શાપે, કહે, તંતર ને મંતર હૌ લ્હાયો જૈ હવે હદી..
ભગવો વભો, ધને ફાટ્યો, ઠમઠોલ, દગડ ને ડોઝાળો,
ચૂનોચોળુ, કાળબજારો, ભેળશેળિયો ઓઝારો,
ખિશાંકાતરું, ઝૂંપડપટ્ટો, અધધ સોકરાં જણનારો,
ગટર કરે ગંગાને, મ્હેનત શદા પારકી લણનારો..
અપલખણો, અક્કર્મી, નગણો,મરે તોય બોલો, ન્હીં ના!
જડાબેંટ જાય જ ઈનું તે મૂળે બેઠો સ હૌના!
અરે દિયોરો રૂડા થૈ ને પડ્યા રહ્યા શું? ડંગોરા
લૈને આવો, ભેગા થૈને ભાગી નાખીએ ઠંગોરા!
બડફડ બડફડ કરતા રહં ને ગણતા રહં સં હૌ વેઠા,
મગનું નોમ ન મરી પાડતા, જો મારા બેટા મેંઢા!
શું કીધું લ્યા? મેલો પેંડ? ફરી ચ્યમ્ જ્યા? ફફડી જ્યા સો?
શવારથે હલવોણા? બરગે, ઠગે ક દહમાડી જ્યા સો?
કશું ન તું? તો અમથો મેલ્યો કરી આટલો હોબાળો?
ઝખ મારી શું કોમ? અમારી બગડઈ મૂંથી ઓળો!
કશું હોત નૈ તો તો ચેવું હારું હોત! ખરું કે નૈ?
આપણને તો હોત જ ઈને થૈ નિરાંત! ચ્યમ્ બોલ્યા નૈ?
ને હજુય શું વ્હે જ્યુ સ? આ બધ્ધું ઈની બુગે રાખું
હડડ હુમ્ કરતું ફૂટે! ના કશુંય રહે! ખાલી બાખું...
શું? શું? શું? 'લ્યા ઠોબારાઓ! મેલેને એક જ અડબોથ!
દેખતું અણદેખ્યું કરતા, ભલે તણી વાળી દો લોથ!
ભર્યા તળાવેથી કોરા નેકળો, જાગતા મૂતરો સો!
'મિથ્યા કહો પરપંચ બધો પણ થેંકે ફૂને નૂતરો સો?
કુનાં કરો સો ભજન દિયોરો? ગાંડીનું ધાવણ ધાયા,
હોબેલાથી બચવા મોથું ખોડણિયે ઘાલી, ગાયા!
ભાળ્યો સ જ કુણે' પણ તો આ હારી કૈણી વૈધાણી
શદાકાળથી કુણે કર્યું એ? નથી ભળાતી ઔંધોણી?

જ્યુગવારીથી ભલું ઉથાપી ભૂંડુ થાપવા ખાતર તો
શેઢાશેમ વનાનું ટંટળ-મંટળ આ ઊભું કરતો !

અકળ લીલા સે ઈની ? પોમર મોનવ કદી ન પોમ પાર ?
પાસા કીર્તન કરવા મંડ્યા ખાતા રહો સો તોયે માર ?

અલ્યો કોઈ દી ભાળ્યું સમદર તળિયેથી બ્હારાયું મ્હોજ ?
હેમખેમ હૌ ઘેર શિધાયાં, આધણ મૂક્યાં, જ્યાં મ્હોકોણ ?
ધરતીકંપ થયો અંદરથી નગર ફૂટ્યું અકબંધ, વળી
તુળશી-દીવો, વ્રત કન્યાઓ, પાદરમાંની એ જ ખળી ?

કર્યું કારવ્યું ધૂળમાં ઘાલે, ખોડીલો પાછો અનહદ
હાથાવે ના ! કોક આપણા મ્હેલ્યો તો ને હોયૂ અદબદ ?

હખણો રૂઠ્યો ના, રૂઠેવા દેતો, રોગા કરતો ઓઠે રૂઠે
નક્કી એ મારો દિયોર ભગલો જ હશે ! ના, બીજો ને !

---

રમણીક સોમેશ્વર

સસલાની રુવાંટી ઓઢી
ચાંદો ઓળોટે છે
શિયાળુ મધરાતે.

તીક્ષ્ણ-કોમળ નહોર ભેરવી
પજવે સસલું.

અને ગેલમાં
વિખરાતો-અટવાતો ચાંદો
સસલાની રુંવાટી
અહીંતહીં વેરે

કરી ડોકિયું
છેક ક્ષિતિજે
આછું-ચેરું અજવાળું મલકાય

ચાંદો
સસલાની રુવાંટી વચ્ચે
સસલું થઈને ધબકે
રાતે.

શિયાળાની રાતે
ચાંદો
શીત-ઉષ્ણ.

ીજથી પણ આઘે આઘે

। ચોમેર અંધકાર.

વાચક
(લ અજર જલ
માં અ-જલ છલ.

~ ..... ..... જળહીન શુષ્ક/જળરહિત અને તેવી સુશ્લિષ્ટ  એ સંદર્ભે)

# વિવેચન / વિવેચક સુરેશ જોષી (૧૯૨૧-૧૯૮૬) વિશે નિર્બન્ધ નોંધ

સુમન શાહ

ગુજરાતી સાહિત્યવિચારના ઘડતરમાં વિવેચક સુરેશ જોષીનું પ્રદાન સાવ જ મૂળગામી નીવડ્યું છે એમણે સમગ્ર ગુજરાતી સાહિત્યને ધરમૂળથી બદલીને એક નૂતનયુગના મંડાણ કર્યાં છે

વિવેચક સુરેશ જોષીને સર્જક સુરેશ જોષીનો લાભ હતો તો સર્જકને વિવેચકનો. તેઓ વિશ્વસાહિત્યના વાચક અને કલામર્મજ્ઞ હતા તે લાભ પણ તેમના સર્જન-વિવેચનને મળ્યો છે તેમનો ઘણો બધો વિવેચનરાશિ 'વર્કશોપ ક્રિટિસિઝમ'નું નિદર્શન ધરાવે છે

સુરેશ જોષીએ વિશ્વસાહિત્યની ગતિવિધિઓ સાથે આપણી દસ્તોદસ્ત રચી આપી છે તો આધુનિકતા અથવા આધુનિક સંવેદનશીલતા પ્રગટાવનારા સાહિત્યને માટે ઉપકારક આબોહવા સરજી છે એ ઉન્મેષના મૂળમાં સાહિત્યને કલા તરીકે જોવાની એક નિતાંત જુદી જ દૃષ્ટિ હતી. સાહિત્યને જીવનનાં શ્રેય અને માનવકલ્યાણ સાથે જોડી, સાધન લેખતી આપણી આદર્શો અને ઉચ્ચાગ્રહોભરી પરંપરાગત સમજનું સુરેશ-વિચાર વડે ખાસ્સું નિરસન થયું છે સાહિત્યનો શબ્દ કેવો તો હૃદયંગમ અને આસ્વાદ્ય છે તેની એક અપૂર્વ ઓળખ આપણને સુરેશભાઈને કારણે લાધી છે સુરેશ જોષીના વિવેચને ગુજરાતી સર્જકને વધારે આત્મશ્રદ્ધાવાન બનાવ્યો, સ્વકીય સર્જકતાને ઓળખતો અને માણતો પ્રમાણતો કર્યો છે એ વડે સર્જનક્ષેત્રે – કાવ્ય નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધમાં સવિશેષ – નવપ્રસ્થાન થયાં છે એથી ગુજરાતી વિવેચક ખરા અર્થમાં નિર્ભીક બન્યો છે સાહિત્યકલાવિવેક ખરેખર શું છે તેની પ્રતીતિ મેળવતો થયો છે – પરિણામે નિર્મમ છતાં કલા-સૌંદર્યની ગરજ અને તમા રાખતાં મૂલ્યાંકનોની દિશા ખૂલી છે સાહિત્યેતર અને સાહિત્યોત્તર આકાશે ચગેલો રહેલો આપણો સાહિત્યવિચાર સાહિત્યલક્ષી અને એમ વાસ્તિવક બન્યો તે સુરેશ-વિચારમાં રહેલા

અનોખા અભિગમને પ્રતાપે એ અભિગમમા રહેલી સાહિત્યિકતા સર્વેસર્વા બની છે અને એણે એક નવી અને સાચકલી વિવેચન-ભાષા પ્રગટાવી છે – એ અર્થે ગુજરાતી ગદ્યની ગર્ભિત ગુંજાઇશો પહેલીવાર અનાવૃત થઈ છે એવી વિવેચના વડે આપણે કવિકર્મ સર્જકતા, કલા સૌંદર્ય જેવાં મૂળતત્ત્વોની સ્પૃહા કરતા થયા છીએ – ઊંચાઊંચા આદર્શો અને કોરા સિદ્ધાંતોની સુક્કુ સુક્ક વાતોથી, પાંડિત્યપ્રચુર વિભાવનાઓથી છૂટ્યા છીએ. સુરેશ જોષીના પ્રતાપે આપણાં વ્યાખ્યાનોમાં, પરિસંવાદોમાં તેમજ સામયિકોમાં ચર્ચા અને ઊહાપોહ એક મૂલ્ય રૂપે સ્થિર થઈ શક્યાં છે એથી સાહિત્યિક વાતાવરણ સજીવ અને ચમકદમકભર્યું બન્યું છે – વકીલશાહી વિવેચનાનો એથી અસ્ત થયો છે – ડોળઘાલુ અને પલ્લવગ્રાહી વિદ્વત્તાએ કા તો હટી જવું પડ્યું છે અથવા તો સ્વચ્છ થઈ ખરી શક્તિ માટે પ્રયત્નશીલ થવુ પડ્યુ છે આ સઘળી વાતોનો સાર આ છે સુરેશભાઈને લીધે ગુજરાતમાં વિવેચન એક બહુમૂલ્ય વસ્તુ રૂપે પહેલીવાર પ્રકાશી શક્યુ છે પ્રતિષ્ઠા પામી શક્યુ છે સુરેશ જોષીનુ વિવેચન-સાહિત્ય સ્વયં-સંપૂર્ણ છે એ અર્થમા કે એ, વિવેચનની કર્તા, કૃતિ અને ભાવક એવી ત્રણે ય ધરીઓ પરની સરજત છે જોકે એકંદરે છાપ તે કૃતિ-ધરીનુ વધારે છે – એવી છે ભાવક-ધરીનુ એ પછી આવે ને કર્તા-ધરીનુ ત્રીજા ક્રમે આવે એ સરજતનુ વિહંગાવલોકન કરનાર જોઈ શકશે કે (i) એમાં આકારાયેલો કર્તા દ્રષ્ટા નથી, સ્રષ્ટા છે પયગંબર કે સંદેશાવાહક નથી, ભાવ ભાવના અને શીલ-સંસ્કારનો રક્ષક-સંવર્ધક નથી પણ સૌંદર્ય સર્જક છે ગુજરાતી લેખકને સર્જક તરીકે જોવાનું આટલી પ્રચુર માત્રામાં કદાચ પહેલીવાર બન્યુ છે સાહિત્યકારની શ્રદ્ધા એથી સ્વાભિમુખ થઈ છે અને રૂપનિર્મિતિને વિશે કેંદ્રસ્થ થઈ છે તેનો કવિધર્મ હવે કવિકર્મ રૂપ છે તેનું ધન અને શસ્ત્ર હવે, માત્ર શબ્દ છે કશાં સંચિત અને તૈયાર દર્શનો તેને કામ નથી આવતાં. (ii) એમાં ઊપસતી આવતી કૃતિ-સમજ ધ્યાનપાત્ર છે કેમકે તે તેમાં નિતાંત ભાષાકૃતિ છે જોકે તેને વ્યવહારમાં વપરાઈને જર્જર થતી રહેતી ભાષા ખપ નથી આવતી ને તેથી ભાષા પણ એના દાખલામા સાધ્ય છે સુરેશ-વિચારમા કૃતિ, કર્તાના સભાન સસંકલ્પ સર્જનવ્યાપારનું એક પરિણામ છે –તે ગમે તેટલી પ્રયોગ-અધીન હોય છતાં કલાસૌંદર્ય નિષ્પન્ન કરનારી સુ-સયોજના છે કૃતિનું કલેવર હવે પ્રયોગ અને ટૅક્નિકની સમજે વિસ્તરનારા સાહસથી પ્રગટ્ય છે તેમાં કૃતિ-માધ્યમ એટલે કે પદ્યરચના અથવા ગદ્યરચના, તેમાં સાહિત્ય પ્રકાર, બાની વગેરે પરિમાણો પરત્વેની પરંપરાનુસારી જડતા નથી બલકે સૂઝભરી નવતા છે કૃતિ સુરેશભાઈમાં ટેવવશતાનું ફળ નથી, સપ્રાણ જીવનવીરની સર્જકચેતનાનો મોંઘો અને આપણી અસમાપિક સભ્યતામાં વિરલ થતો આવતો માનવીય ઉન્મેષ છે (iii) એમાં ભાવક ભાવક છે વાચક નથી. એ રુચિસંપન્ન અને સાહિત્ય-અર્થની સ્પૃહા કરનારો છે નિષ્ક્રિય આદાતૃ નથી, સહસર્જક છે સુરેશભાઈએ એને ભાષા અને દેશકાળથી આબદ્ધ નથી કલ્પ્યો મુક્ત અને દુનિયાભરના સર્વકાલીન સાહિત્યનો ભોગી કલ્પ્યો છે એ સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અનુસારનો 'સહૃદય છે રસાસ્વાદને વરેલો એ કલાસૌંદર્યની ખેવના કરનારો છે રૂપનિર્મિતિનું અનુધાવન કરનારો એ સાહિત્યથી રળિયાત થવા ચાહે છે કલાના સૌંદર્યબોધથી સ્વ જીવનને સંવેદવા અને માનવજીવનને એ સમજવા માગે છે આવી ભાવક-વ્યક્તિતા વિનાનો કોઈ વિવેચક ન હોઈ શકે સુરેશભાઈમાં એ, વિવેચકનો અગ્રસર છે વિવેચકની

મૂકી છે

સુરેશ જોષીનું વિવેચન-સાહિત્ય સિદ્ધાંતમાં અને પ્રત્યક્ષમાં, બંનેમાં છે અને બંનેય તેની સરખેસરખી મહત્તા સ્થપાઈ છે એ બંને વચ્ચે ખાસ્સું સામંજસ્ય પણ અનુભવાય છે (I) સિદ્ધાંત સુરેશ જોષીએ કશા નર્યાં તર્કબદ્ધ આકલનનું અને વિભાવનીકરણનું પરિણામ હોય તેવા સાહિત્યસિદ્ધાંતો નથી સ્થાપ્યા. છતાં તેમાં સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને પશ્ચિમના નોંધપાત્ર સઘળા સાહિત્યવિચારનું દ્રવ્ય જરૂર સમાવિષ્ટ થયું છે એમને સિદ્ધાન્તકાર ન કહેવાય તેવો તેમણે સાહિત્યચિંતનનો, મનન-નિદિધ્યાસનનો રસ્તો પકડેલો છે એથી એમને આપણે હૃદયજ્ઞ સાહિત્યચિંતક કે કલામર્મજ્ઞ કહીને સુખેથી ઓળખાવી શકીએ. એમના સિદ્ધાંતનું એક સમીચીન સમુચિત સમીકરણ જોવા મળે છે તેમના સંખ્યાબંધ લેખો, સ્વરૂપે ચિંતનાત્મક હોવા છતાં એટલે જ સુખપાઠ્ય રહી શક્યા છે એમનો સિદ્ધાંત-અભિગમ મુખ્યત્વે અસ્તિત્વશીલ ફિલસૂફીથી અનુપ્રાણિત અને ફીનોમિનોલૉજીથી જાણ્યે-અજાણ્યે પરંતુ ઉપકારક સ્વરૂપે ઘેરવાયેલો છે એમના સમગ્ર સાહિત્યવિચારને રસની પાળ છે કલાની તેમાં એક સાર્વત્રિક આણ વરતાય છે એમના સઘળા સૈદ્ધાન્તિક વિચાર-વિહારો રૂપકેન્દ્રી છે અને રૂપનિર્મિતિ સુરેશભાઈમાં તત્ત્વતઃ હમેશાં પરિશોધની અખૂટતાને પામી જવાય છે એ જ રીતે એ પરિશોધ હમેશાં શુદ્ધથી જરાય ઓછી નહીં એવી અવિરામ કશાને અર્થે કલ્પાયેલી વરતાય છે રૂપ-સંલગ્ન અને રૂપ-ઉપરાંતના અનેક વિવેચનાત્મક સંકેતોથી એમનું સિદ્ધાંત વિવેચન કેવું તો ખચિત છે તે માટે અહીં થોડાક નોંધો આંકી આપું છું

(i) ભાષા સંસ્કૃતિનો અવિશ્લેષ્ય અંશ છે છતાં કદાચ એ જ કારણે એમાં માનવીય અનુભૂતિના સંકુલ જીવનનો બહુધા ભોગ લેવાય છે અનુભૂતિની વિલક્ષણતા નષ્ટપ્રાય થઈ જાય છે આ હ્રાસ છે અને એવી રીતે ભાષાને સમસામયિક સભ્યતા હ્રાસોન્મુખ છે સુરેશભાઈ સર્જન વડે એ હ્રાસને ખાળવા ચાહે છે રૂપનિર્મિતિ વડે એક અખંડ લયવાળ અને સંકુલ શ્રીથી સુંદર સૃષ્ટિ રચાય – જેનો કલાનુભવ, સર્વથા ઉપકારક અનુશાસનમાં પરિણમે. રૂપ વડે સ્વાયત્ત અને આત્મનિર્ભર સત્તા રચાય, જે તુલ્યબળ ગુણવત્તાએ કરીને પેલા હ્રાસ સામે પોતાનો પ્રભાવ પાથરી શકે આ પરમ કર્તવ્યને સારુ જીવન સઘળું સાહિત્યની સાધના છે આ પરિપ્રેક્ષ્ય અનુસાર સુરેશ જોષીમાં સર્જન એક સાહસ છે જોકે સાથોસાથ તે અહૈતુક નિષ્પ્રયોજની પ્રવૃત્તિ છે લીલા છે સુરેશભાઈની રૂપનિષ્ઠ સાહિત્યમીમાંસાનું આ પરમ સત્ય છે

(ii) [illegible] શબ્દો, [illegible] કે બોધ, અપ્રયોજ્ય એવી [illegible] સોહરાઈ રચા છે હું તેની [illegible] તો પાળી જ [illegible] અહૈતુક હોને છતે કશા [illegible] કે સર્જકતાનો [illegible] નથી. તે જ રીતે [illegible] અને રસાનુભૂતિ [illegible] હોય છે પ્રયોજન [illegible] આવેગ ઉદ્રેક વગેરે પરંપરાગત [illegible] સુરેશભાઈનો [illegible] છે અહીં લીલા એટલે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સર્જન [illegible] [illegible] [illegible] સર્જન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] છે તે એ [illegible] સર્જન એ રીતે [illegible] પ્રક્રિયા હરેલો

કલાકારનો હસ્તક્ષેપ છે કલા એવી માનુષ્યિક ચીજ છે છતાં સૃષ્ટિ-સદૃશ થવા કરે છે તેથી જ તેમાં અપૂર્ણતા રહેવાની જ એટલે સુરેશભાઈમાં એક દિવ્ય અસંતોષ વરતાયો છે પૂર્ણતાનું નહીં પણ તે માટેના પુરુષાર્થનું મૂલ્ય બંધાયું છે એમ લાગશે. એમનો સાહિત્યવિચાર મનુષ્યના આ સંમર્યાદ સર્જનકર્મનું એ રીતનું પૂરું પણ યથાર્થ ગૌરવ કરે છે કેમકે મનુષ્ય મનુષ્ય રહીને આથી વિશેષ કરવાનો દંભ કરી શકતો નથી, કરે તો સહી શકતો નથી. આ રીતે કલા વૈયક્તિક ભૂમિકાનું સ્વાતંત્ર્ય પણ સરજે છે એવું સ્વાતંત્ર્ય જેમાં અનેક વિધાયક શક્તિઓ પૂંઘવતી હોય છે પરિણામે સાચા કલાકારની સૃષ્ટિ સમાજ અને સંસાર માટે હમેશાં સ્પૃહણીય અને આવકાર્ય લેખાવી ઘટે છે સંસ્કૃતિવિકાસમાં આવો કલાકાર પોતે જ એક મૂલ્ય છે વિવેચનાએ હમેશાં સ્વસાહિત્યના ઉદ્ધારને સારુ વિકાસશીલ તો રહેવું જોઈએ સાથેસાથે વિશ્વસાહિત્યને વિશે ય એટલા જ ઉત્કર્ણ રહેવું ઘટે. જગતમાંથી જ્યાંથી લાધે ત્યાંથી સાહિત્ય અને કલાઓ વિશેની સમજને માટે મથવું તે તેનો પાયાનો ધર્મ છે – સુરેશભાઈએ એ ધર્મ આજીવન પાળ્યો હતો. વિવેચનને ય પોતાની એક ભાષા છે બાની છે એ આવશ્યક પરિભાષાથી બંધાતી આવે છે સુરેશભાઈ અને તેમના સમકાલીનોએ આપણી જૂની તત્ત્વમીમાંસાપરક-મેટાફિઝિકલ પરિભાષાને સ્થાને નવી સાહિત્યકલાપરક-એસ્થેટિકલ પરિભાષા જન્માવી છે વિવેચનાએ પૂર્ણ સ્વીકાર માટે નહીં પણ બહુસંમતિ માટે હમેશાં મથવું જોઈએ. એ પાણીમાં બેસી જઈ શકે નહીં, તો આકાશે ઊડી પણ શકે નહીં. એણે બંને અંતિમોને અંદરની તરફ વાળીને, કેન્દ્ર રચીને વધુ ને વધુ સંક્રમણશીલ બનવું ઘટે. સુરેશભાઈના વિવેચનનો વિવેચકને એય એક મોટો સંદેશો છે સુરેશભાઈની આવી વિવેચનાએ દેખીતી રીતે જ સાહિત્યસ્વરૂપોને ક્રોચેની જેમ રસકીય કોટિઓ તરીકે ઘટાવેલાં, એટલે કે તેનું માત્ર વ્યવહાર ખાતરનું મૂલ્ય માનેલું. છતાં, રૂપનિર્મિતિની પરિશોધ જ લક્ષ્ય હોય અને તે માટે વિવેચનાએ ભાષાથી શરૂ કરી તમામ અર્થસંકેતો અને અર્થવિસ્તારો માટે પૃથક્કરણપરાયણ જ બનવાનું હોય, એ એમનો એવો જ નોંધપાત્ર આગ્રહ હતો. સાહિત્યને કલા તરીકે ઘટાવનારી આ વિવેચનાએ એટલી જ સારી રીતે લલિત કલાઓની આવશ્યક સૂઝ-સમજ આંકારી હતી. આ સઘળાં વાનાંને કારણે ગુજરાતી સાહિત્યમાં સુરેશભાઈ-પ્રમુખ આધુનિકયુગનો શુભારંભ થયો હતો. એ યુગ હાલ મંદપ્રાણ દીસે છે પણ યુગો કંઈ અમુકોની ઇચ્છામતિએ ઊગે આથમે એવા નથી હોતા એટલે કે હમેશાં પોતાનું સત ટકે ત્યાં લગી ટકતા હોય છે બીજા શબ્દોમાં એમ કહેવાય કે સતની સ્પૃહા કરનારી પ્રજા ટકવા દે તો ટકે છે પણ એનો અર્થ એ નથી કે યુગ આથમતાં તેનું સતરૂપી મૂલ્ય માર્ગદર્શક મટી જાય. એ અર્થમાં ઇતિહાસ સદાનો શિક્ષક હોય છે સુરેશભાઈની વિવેચના એવા તાત્ત્વિક શિક્ષકનું કામ આપવાને હમેશાં સક્ષમ પુરવાર થવાની છે

(ii) પ્રત્યક્ષ સુરેશ જોષીના પ્રત્યક્ષ વિવેચનોમાં હું એમના ગુજરાતી કાવ્યોના આસ્વાદોને પહેલાં મૂકું. એ પછી આવે તેમના નવલકથા અને ટૂંકી વાર્તા વિશેનાં પ્રત્યક્ષ સ્વરૂપનાં તમામ લખાણો અને ત્રીજા ક્રમે આવે શેષ બધું જ પ્રત્યક્ષ વિવેચન. એમના પ્રત્યક્ષ કોઈપણ વિવેચનલેખમાં વિવેચ્ય રચનાના કલાસૌંદર્ય પર, તે સિદ્ધ કરનારી રૂપનિર્મિતિ પર તેમની દૃષ્ટિ ઠરતી હોય છે – એ અર્થે તેઓ પૃથક્કરણમાં જરૂર જેટલું વિલસે છે પણ પછી

તરત કલાસૌંદર્યની ઓળખ કરાવતા ખાસ તો તેનો આસ્વાદ કરાવે છે પ્રત્યક્ષવિવેચક સુરેશ જોષી એટલી જ સારી રીતે એક નિયમ તરીકે મને તુલનાલક્ષી જણાયા છે તુલનાઓ તેમના વિશાળ વાચનમાંથી ગમે તે વખતે શરૂ થઈ જતી હોય છે એનો અર્થ એ થયો કે તેઓ પોતામાં રહેલા હૃદયશ્રુત ભાવકશ્રેષ્ઠ વડે અને પોતામા રહેલા બહુશ્રુત પંડિત વડે વિવેચન પદાર્થની કોટિ, તેનું સાહિત્યિક મૂલ્ય અને તેનુ જીવનમૂલ્ય નક્કી કરે છે એ અર્થમાં તેઓ વર્ણનવાચી અને તુલનાવાચી વિવેચનાએ પળેલા છે એમ કહેવાય. પ્રત્યક્ષવિવેચકનુ મૂલ્યાંકન આથી વિશેષ ભાવે કરવુ હોય તો મૂળ કૃતિ કર્તાના પાયાના સંદર્ભો ય રાખવા ઘટે, માટે અલમ્

સુરેશ જોષી ગુજરાતી સાહિત્યસંસારનું એક એવુ નામ છે જેનો છેલ્લાં ચાળીસેક વર્ષથી હરદિન કશો ને કશો ઉલ્લેખ થયા જ કરે છે એ વિવાદાસ્પદ નામ છે એ ઊહાપોહનું નામ છે કોઈ અભ્યાસીએ એમની કારકિર્દી દરમ્યાનના તમામ વિવાદોની યાદી રચવી જોઈએ અને તેનું પછી મૂલ્યાંકન કરવુ જોઈએ. ટૂંકી વાર્તામાં ઘટનાતત્ત્વનો હ્રાસ, 'સરસ્વતીચંદ્ર'માં આકારનો પ્રશ્ન, નવલકથાનો નાભિશ્વાસ, સર્જનમાં સામગ્રી અને રૂપની ચર્ચા તથા આપણી પરંપરાગત કાવ્યવિવેચનાના પ્રશ્નો – જેવા મુખ્ય પ્રદેશોમાં એ વિવાદો પ્રગટ્યા છે સ્વ-અર્થી કેટલાક સુરેશ-દ્વેષ્ટાઓ એવુ બકયા કરે છે કે એમણે ગુજરાતી ટૂંકી વાર્તાને મારી નાખી, એવાઓના અબુધ અનુસરણિયાઓ એટલી હદે કહેવા લાગ્યા છે કે સુરેશ જોષીએ ગુજરાતી સાહિત્યને ગુમરાહ કર્યું છે એ પશ્ચિમથી પ્રભાવિત રહેનારા અને સ્વની ઉપેક્ષા કરનારા પણ કહેવાયા છે સમકાલીનોને ફરિયાદો સંભળાવનારા પણ સમકાલીનોનું કશું અંકે નહીં કરનારા કૃપણ પણ કહેવાયા છે આ બધું કશાં ચોક્કસ નિરીક્ષણોના અભાવે, મત-ચગાવો, રે-લોવ ચલાવો શૈલીનું હોઈને વ્યર્થ છે એ ઊહાપોહને માટેની તુલ્યબળ બીજી બાજુ નથી રચતું, વિવાદ પાછળની તત્ત્વેષણાને નથી ચીંધતું બલકે સરેરાશ ગુજરાતી સાહિત્યકારની રોગગ્રસ્ત માનસિકતા જ વધારે સૂચવે છે એવા ઓકીરાથી સુરેશ કાળમાં પ્રગટેલાં, વિવાદોની ચમકદમક જ્ઞાનપિપાસા, તત્ત્વાન્વેષણ ન-ગણ્ય નથી ઠરતાં કહો કે વધારે ને વધારે કીમતી અને સ્પૃહણીય પુરવાર થાય છે

સુરેશ જોષીએ એક આખો યુગ સરજ્યો અને સાહિત્યકારોની પૂરી બે નવી પેઢીને પોતાનાં સત્ત્વો વડે પ્રેરી તે અર્થે તેમની વિવેચક પ્રતિભા સદા કાર્યરત રહી, પ્રવૃત્તિમય રહી. એ પ્રવૃત્તિઓમાં સામયિકોનુ તંત્રીકાર્ય, તે પાછળનુ સાહિત્યિક પત્રકારત્વ, કાવ્ય વગેરેના આસ્વાદો વિશ્વસાહિત્યનું અનુધાવન સૂચવતા નિત્યના લેખો, નિબંધો, પરભાષાની કૃતિઓના અનુવાદો – એમ ત્રણ મુખ્ય છે એ વિવેચક પ્રતિભા આપણા સાહિત્યોદ્ધારને માટે હોરી તેમ આપણા સાહિત્યના અધ્યાપન અર્થે પણ પ્રસરી, કેળવણીવિષયક ચિંતન રૂપે ય વિકસી. એ તમામ પ્રવૃત્તિને મેં પૂરક ગણી છે – સુરેશ જોષીએ સરજેલા પ્રભાવમા ય પૂરક લેખી છે

સુરેશ જોષીના સાહિત્યરાશિનો પ્રભાવ બહુવિધ અને સંકુલ છે એમના કારણે આપણે કાલિદાસ, રવીન્દ્રનાથ, કાફકા, દોસ્તોએવ્સ્કી, કામૂ, સાર્ત્ર વાલેરી રિલ્કે બાદલેર – એમ સંખ્યાબંધ વિશ્વકવિઓને ચિત્તમાં વસાવતા થયા છીએ તો ભરત, આનંદવર્ધન કુંતકને,

એરિસ્ટોટલ-એલિયટને, નિત્શે, કાન્ટ, હાઇડેગર, હસેર્લ, મર્લો પોન્તિને તે-તેના આવશ્યક સંકેતોમાં સમજતા થયા છીએ. સુરેશભાઈએ સંખ્યાબંધ સાહિત્યકારોનું દાયિત્વ તેમના પ્રભાવ ઝીલીને બેધડક સ્વીકાર્યું છે એમનામાં એવું બુદ્ધિજીવીને છાજે તે પ્રામાણિક મન ભરપૂર હતું મેં એમના વિચારસંકેતોનાં અન્યો સાથેના એવાં અનુસંધાનો, એવાં સમાંતરણો દર્શાવ્યાં છે જેમકે એમના રૂપવિભાવમાં પ્રાધાન્ય ભોગવતો વસ્તુના નિગરણનો વિચાર ઓર્તેગા વડે તેની સ્વયંપર્યાપ્ત સૃષ્ટિ ખડી કરવાની ગુંજાઈશનો વિચાર અરિસ્ટોટલ, સુસાન લન્ગર કે વાલેરી વડે કલાની પ્રાતિભાસિક સત્તા વિશેનો વિચાર સુસાન લન્ગર, ભારતીય રસવાદ કે બૉદલેર વડે અસંબદ્ધ, કપોલકલ્પિત વગેરે વિશ્વોના ખયાલને વિશે કામૂ, કાફકા કે રવીન્દ્રનાથ વડે પ્રિમિટિવિઝમ અને એન્ટી-ઈન્ટેલેકચ્યુઆલિઝમ અંગે રિલ્કે વાલેરી કે યુગ વડે ટેક્નિક વિશે માર્ક શોરર વડે કે પછી કલા પરિણામ નહીં પણ એક પ્રક્રિયા છે એવા વિચારને અંગે પોલ ક્લી વડે વિવેચનામાં કૃતિ જ ઇર્રિડ્યુસિબલ લિટરરી મિનિમમ છે એવા ગૃહીત અંગે માલ્કમ બ્રેડબરી વડે મૂળભૂત માનવીય પરિસ્થિતિના અસ્તિત્વવાદી આકલનોને અંગે દોસ્તોએવ્સ્કી, કિર્કેગાર્ડ સાર્ત્ર, કામૂ કે કાફકા વડે કલા પ્રતીકધર્મી છે એવા ખ્યાલના દૃઢીકરણ વિશે ફ્રેંચ પ્રતીકવાદી કવિઓ બૉદલેર, માલાર્મે, વાલેરી વગેરે વડે સર્જક-ભાષા તથા ભાષામાં પડેલી ભાષાના વિચારને વિશે કુંતક આનંદવર્ધન, વાલેરી વડે શુદ્ધ કવિતા અને અતિવાસ્તવવાદી અકુંઠિત સાહસોની સર્જકસૃષ્ટિ અંગે કવિ વાલેરી કે ડાલિ આદિ અતિવાસ્તવવાદી ચિત્રકારો વડે કે પછી કાવ્યાત્મક ભાતમાં ઉદ્દ્બુદ્ધ થતાં કલાનાં સવાઈ સત્યોની વિભાવના અંગે રવીન્દ્રનાથ, બકેટ કે આયોનેસ્કો વડે – એમ આ નિરર્થક યાદી પૂરી જ નહીં એટલી બધી હસ્તીઓ વડે સુરેશ જોષીનો સાહિત્યવિચાર પ્રેરાતો રહ્યો છે પુષ્ટ થતો રહ્યો છે સુધરતો રહ્યો છે એને એમ થવા દેવામાં સુરેશભાઈની મૌલિકતા છે એમનામાંનો સાહિત્યપુરુષ એવા નિતાંત તત્ત્વાર્થે પ્રભાવશીલ છે – બલકે સાહિત્યકલાના જગતમાં પ્રભાવશીલ હોવું તે શું છે – તેનું એક અવિચળ દૃષ્ટાંત છે જોકે એવા પુરુષથી પ્રભાવિત નહીં થવાની હઠે ચડેલાઓનું તો શું કરી શકાય ? – સાહિત્યસંસારમાં સુજ્ઞ ભરતો જેમ સદ્દનસીબે મળે જ છે તેમ જડભરતો ય મળે જ છે – જોકે એમને આપણે આપણું કમનસીબ નથી લેખતા...

## પુનરપિ

## કેટલાક છિન્નપત્રો આ !

(જન્મતિથિ ૩૦-૫ ૧૯૨૧ની સ્મૃતિ સાથે)

સુરેશ જોષી

ઉમાશંકર જોશીએ ગોષ્ઠિ નિબંધસંગ્રહના આરંભે મૂકેલા નિબંધ કલાપ્રકારમાં સર્જકનિબંધની વ્યાખ્યા કરતાં નોંધ્યું છે "સર્જકનિબંધ અતિબદ્ધ રચના નથી, કલાનિબંધનને એ વશ વર્તે જ છે આ કલાનિબંધન એવું અનાયાસે સિદ્ધ થયેલું હોય કે ઘણીવાર અગોચર રહે છે પણ તેથી તે નથી જ એમ માનવું ભૂલભરેલું છે એની ગેરહાજરીમાં કૃતિને એક સત્ત્વ ઘટક

તરીકે ટકી રહેવું જ અસંભવ બને. મૂઠી ભરીને મોતી વેર્યાં હોય અને એમાંથી સહજપણે કોઈ મનોરમ આકાર નિર્માઈ આવતો દેખાય – એની સાથે એડિસને સર્જકનિબંધની, અને કાળજીપૂર્વક દોરીમાં પરોવીને બનાવેલી મોતીની માળા સાથે લલિતેતર નિબંધની સરખામણી કરી છે" સુરેશભાઈએ પણ સર્જકનિબંધ નિમિત્તે કેટલાંક મોતી વેર્યાં છે એમાંથી મનોરમ્ય આકાર પામવાનું આપણી ઉપર અવલંબે છે ભાવક-નાતે !)

મારા ગામમાં રાજાનો કિલ્લો હતો. વન હતું, વનમાં વાઘ હતા, રીંછ હતાં. એક નદી હતી. એનું નામ ઝાંખરી. સંસ્કૃત નામોનો ઝંકાર એમાં નથી ઝાંખરામાં થઈને રસ્તો કરી વહેતી વહેતી આવતી માટે ઝાંખરી. અહીં ક્રિયા અને સંજ્ઞા વચ્ચેનો સંબંધ નિકટનો છે માટે એ નામ ગમ્યું અને માટે એ તમને કહ્યું. તાપી તો દૂર, સાતકાશીના ગાઢ વનમાં થઈને વહે. પણ આ ઝાંખરીનાં છીછરાં પાણીમાં પગ ઝબકોળીએ કે તરત ધરતી સાથે જકડાયેલા પગ પણ પ્રવાહી થઈને વહી જાય, એના અસ્ખલિત ખળખળ નાદમાં તાપીની વાણી સંભળાય. એના શીતલ સ્પર્શમાં સાતકાશીના નિબિડ અરણ્યમાં ઘૂંટાયેલા મસૃણ અંધકારના સ્પર્શની સ્મૃતિ હતી. દુંદાળા ગણપતિ અનંતચૌદશને દિવસે એમાં ડૂબકી મારીને અલોપ થઈ જતા ને દશેરાના દિવસે માતાના જવારાની સોનાની સળીઓ એનાં પાણીમાં તરી રહેતી. એ ઝાંખરીએ ધરાયેલો વાઘ પાણી પીવા આવતો, શરૂશરૂમાં બીડી પીવાનું સાહસ કરવા શીખેલા કેટલાક સોબતીઓએ, રખેને એમના આ અપલક્ષણની ચાડી ખાઈ દઉં એ બીકે મારા મોઢામાં ય બીડી ખોસી દીધેલી તે પણ આ ઝાંખરીની સાક્ષીએ. મોટી મોટી યોજનાઓના આ દિવસોમાં પણ એ ઝાંખરી એની નગણ્યતાને જાળવી રહી છે

ગામને પૂર્વ છેડે 'સતીનું વન એ નામથી ઓળખાતું આંબાવાડિયું હતું. એ આંબાવાડિયામાં એક ચોતરો હતો. પાસે એક દહેરી હતી ને એમાં સતીનાં પગલાં હતાં. એ સતીના મહિમાની ત્યારે અમને કશી ખબર નહોતી, પણ એ પગલાંની છાપ મન પર આજ સુધી અંકાયેલી રહી છે દંતકથાઓની હલદ્રુપ ભૂમિમાં એ પગલાં અમને દોરી જતાં હતાં. એ આંબાવાડિયા પર શાખિયાં તૈયાર થયાં છે એ સમાચાર વીજળીવેગે પ્રસરી જતા ને અમારી ટોળી નીકળી પડતી. રખેવાળને કેમ ભોળવવો, કેમ ખોટી દિશામાં દોડાવવો, આગલી હરોળમાં કોણ રહે – આ બધાંની પાકી વ્યવસ્થા થતી, વ્યૂહ રચાતો ને અંતે મિષ્ટ કેરીમાં સાહસની ઓર મીઠાશ ભેળવીને અમે થોડે દૂર, રેલવેના પાટા પાસેના ઝરણાની ઠંડકમાં, ઉમરાના ઝાડની ઘટામાં, આરોગવા બેસતા. એ પાતાળઝરણુ અદ્ભુત રસનું પણ ઝરણું હતું. એ ઝરણાએ ચિત્તમાંનાં કેટલાં ય પાતળઝરણાંને, ત્યાર પછી તો, વહેતાં કરી દીધાં છે

*

વૃક્ષોવૃક્ષોની છાયા જુદી હોય છે તે હજુ ય યાદ આવે છે શિરીષની આછી સુગંધવાળી છાંય, લીમડાની મંજરીની મહેકથી તરબરત શીતળ છાયા ને પીપળાની વાચાળ છાયા– વૈશાખની બપોરે, વૃક્ષોની છાયાના ચંદરવા નીચે જ અમારો દરબાર ભરાતો. વૃક્ષ સાથે પંખીનો પરિચય પણ થતો. કાબરને જ મેના માનીને એને પકડીને એની પાસે મીઠું આણ્ણાં ગવડાવવાનો પણ પ્રયોગ કરી જોયેલો. આ વનસ્પતિ અને પંખીપરિવાર સાથેની આત્મીયતા

હજુ ય શહેરના સાંકડી જગ્યાના ટુકડામાં એકાદ ગુલાબ મોગરાને નિમંત્રવાની ઘેલછા કરાવે છે બાળપણના પાઠ્યપુસ્તકના અક્ષર સાથે મધુમાલતીનાં ડાળખાંદડાં ને ફૂલની છાયા એવા તો ભળી ગયાં છે કે થોડાં વરસના વિચ્છેદ પછી ફરીથી મધુમાલતીને આંગણે બોલાવી આણી છે

ઘાસના બીડ પર આંગળી ફેરવીને સારીગમ છેડી જતા પવનને જોવો એ પણ લ્હાવો છે કિલ્લા પર રૂસા નામનુ ઘાસ થાય છે એની એક પ્રકારની તીવ્ર વાસ આવે છે સવારનુ ઝાકળ પડ્યુ હોય ને એ વાસ પર આળોટીએ તો શરીરને બહુ સુખ થતું ત્યારે એમ થતું કે આ ઘાસની ભેગા ઘાસ બનીને મહેકી ઊઠીએ, પવનમાં માથા પરની કલગી છટાથી ઝૂલાવીએ. આજે ય વર્ષાના પ્રારંભના દિવસોની કોઈક રાતે એકાએક વરસેલી વરસાદની ઝડીના અવાજથી જાગી જવાય છે ત્યારે ધરતીના પેટાળમાંનાં અસંખ્ય તૃણબીજોના ગર્ભસ્ફુરણનો અનુભવ થતાં ચિત્ત વિહ્વળ બની ઊઠે છે જમીનના નાના સરખા ટુકડા પર ખેતી કરવાની રમત રમતા ત્યારે વાવેલાં બીજમાંથી ફણગા ફૂટે તે જોઈને આનંદનો રોમાંચ થતો. એ કૂંપળો જાણે અમારા સર્જનના મહાન પરાક્રમની પતાકા બનીને ફરફરી રહેતી ને વળી, મકાઈનો છોડ ઊછરી આવ્યો હોય, એમાં મોતી જેવા દાણા દૂધભર્યા ગોઠવાઈ ગયા હોય ને એની સોનેરી મૂછના ગુચ્છા બહાર આવે, ત્યારે એ અમારા જ વિજયની ચામર ઝૂલતી હોય એવું લાગતું. પોતાનાં રેશમી સ્વપ્નોને ઉડાવી મૂકતો શીમળો અમને તો બીજા કારણે જાણીતો હતો. શીમળાનો કાંટો ને ગૂંદીની છાલ ભેગા ચાવવાથી મોઢે પાન ખાધા જેવો રંગ આવે એવી એક મિત્રે શોધ કરી હતી. પછી એ અનુભવસિદ્ધ પ્રયોગ તરીકે એને જાહેર કરતાં કેટલી વાર ! રંગો ને સ્વાદને ત્યારે છૂટા પાડી શકતા નહિ.

નિશાળમાંનુ કાળુ પાટિયુ ઓળખ્યું તે પહેલા સુખડનાં ફળની કાળવી મીઠાશને અમે ઓળખી ચૂક્યાં હતાં. ફણસોટા નામનો એક છોડ યાદ આવે છે એ રંગનો ખરો જાદુગર હતો. એનાં લીલાંછમ પાંદડાં જોતજોતામાં લાલચટ્ટક થઈ જતાં, ને તમે એને મસળી નાખો તો એમાંથી ધોળું દૂધ નીકળતુ. લીલામાંથી લાલ ને લાલમાંથી ધોળુ-આવું બહુરંગીપણું જોઈ ત્યારે અચરજ થતું. ઘણે વર્ષે કોઈએ કહ્યુ કે એ છોડનું દૂધ દદ્રુનાશક છે પણ આજે ય મારા મનમાં તો એ રંગના જાદુગર તરીકે જ જડાઈ ગયો છે

કિલ્લાના જીર્ણ અવશેષો અમારી સાહસભૂમિ હતી. જંગલી વેલને બાઝીને અમે ટારઝનની જેમ એક ઝાડથી બીજે ઝાડ કૂદતા. કિલ્લામાં ભોંયરાના ગુપ્ત માર્ગો હતા. એના રહસ્યમય અંધારને તળિયે પણ અમારામાંના સાહસિકો ડૂબકી મારી આવતા અમારો એક સાથી અનુજ એમાં સોનું છે એવી ભાળ કાઢી લાવ્યો. બસ, પછી પૂછવું જ શું ! સોનાની કિંમત નહોતી. એ તો સાહસના નિમિત્તરૂપ હતુ. ભોંયરાના પોલાણમાં દીવાલ સાથે પથ્થરનો અથડાવાનો અવાજ ધાતુ જેવા રણકારની ભ્રાંતિ ઊભી કરતો હતો, આથી સોનાની ખાણ શોધી કાઢ્યાનો આનંદ, એમાંનુ રતીભાર સોનું લીધા વિના, પૂરી નિ:સ્પૃહતાથી, અમે સૌએ માણ્યો.

પરીકથામાંની આખી અદ્ભુત સૃષ્ટિ આ અરણ્યાચ્છન્ન કિલ્લામાં અમે શોધતા અષ્ટકોણી વાવની પાળે બેસીને રૂમઝુમ પગલે સ્નાન કરવા ઊતરતી રાજકુંવરીને જોતા. તો

એ જ ભીના અધકારમાં કોઈ જીનના વાળની જટાનો ભાસ થતાં અમે ભયથી ફફડી ઊઠીને ભાગી જતા. પાંદડું ખખડતાં પાછળ જોતાં, વૃક્ષની પડછંદી કાયાનો પડછાયો જોઈને 'માણસ અધાય, માણસ ખાઉં' કરતો રાક્ષસ ઊભો છે કે શું ? —એવી ભ્રાંતિથી અમે છળી મરતા. પાકેલા અનુછ(સીતાફળ નામ તો પાછળથી જાણ્યું)ની અંદરની રાખોડી ઘોળાશવાળી પેશીઓ ડાકણના દાંત જેવી લાગતી ને કાપીને મૂકેલા દાડમના સૂર્યના તડકામાં ચળકતા પ્રત્યેક લાલ લાલ દાણામા એક એક તેજપરી, છુપાઈને લાલચટક હસી રહી હોય એવું દેખાતું. બોરડીને ઝૂડીને નીચે પાડેલાં બોરનો ખટમધુરો સ્વાદ ચાખતા ત્યારે દેવશિશુની કાલી વાણીનો સ્વાદ ચાખતા હોઈએ એવુ લાગતુ. કોઈ ચાંદની રાતે જાગી ઊઠીને બહાર નજર જતી તો ચંદ્ર જાણે વાર્તા કહેતો હોય ને આખું વન માથું ધુણાવીને હોંકારો પૂરતું હોય એવુ લાગતું. રાત્રિના અંધકારમાં સંભળાતી વાઘની ત્રાડથી માથે-ઓઢે રજાઈ ઓઢી લઈને બચવા મથતા. ઉંબર બહાર પગ મૂકતા અદ્‌ભુત અને ભયાનકનું સામ્રાજ્ય શરૂ થઈ જતું.

*

ફાગણ મહિનો શહેરમા દેખાતો નથી. વનને ખોળે બેઠેલાં ગામડાંમાં તો મહા-ફાગણ કેમે કર્યા છાના રહે નહીં. ખાખરે ખાખરે કેસૂડાં, આંબે આંબે મોર, લીમડે લીમડે મંજરી, એ તમને છોડે નહીં. ને પછી કોઈ બળતી બપોરે ઘૂંટણને માંડ ઢાંકતી જાડી પોતડી, માથે ફાળિયું, મોટા પેટને ઢાંકવાનો મિથ્યા પ્રયત્ન કરતું એકાદ વસ્ત્ર– પણ આંખમાં ફાગણનો નશો, લોહીમા મહુડાના ફૂલે ઘૂંટેલો ઉન્માદ ને કાનમાં ખોસેલુ કેસૂડાનું ફૂલ-એક જણાના હાથમા તૂર, બીજાના હાથમાં કાંસાની થાળી – આવી એક ટોળી તમને ચાલી આવતી દેખાય, ને તમે સાંભળો બારા મહીંની હોળીબાઈ પેકે દેહી પેનીવા, હોળી બાઈપે નાંવાસે અંમુ નીંગી આલા હો ! દેઅના ઓ રીતે દેજે હા, ગાળી રખે દેતેરા હોળી બાઈભા ભિખારી, આમાં નાહા ભિખાર્થાં.

શી ખુમારી છે એમની ! અમે ભિખારી નથી. હોળી ભિખારી છે. આપવુ હોય તો આપજો, ગાળ દેશો નહીં.

*

આ ઉનાળાની સવારનો તડકો, એનું પોત કેવું થદ્દ હોય છે ! એ જાણે વિધાતાની ઝોળીમાંથી અસાવધાનતાને કારણે પડી ગયેલો કોઈકના ભાવી સુખનો ખંડ ન હોય ! એને ચોરીછૂપીથી સંતાડી મૂકવાનું મન થાય છે. પણ વિધાતાની અવસાવધાનતા કાંઈ ઝાઝીવાર ટકતી નથી. તરત જ કોઈ એને સંકેલીને પાછો લઈ જાય છે. ને મન એની પાછળ રઝળે છે. પછી તો મબલખ તડકો જ તડકો-લૂંટાય એટલો લૂંટે. મનના લોભને ક્યાં થોભ છે ! આષાઢના અંધારા દિવસોમાં કામ આવે એટલા માટે આ ચૈત્ર-વૈશાખના તડકાનો સંચય કરી રાખવાનો લોભ જાગે છે. પણ મેદુરતાની ય અજબ માયા હોય છે ! કેટલીક ઊર્મિઓને મેદુરતાને ખોળે જ રમાડી શકાય છે. વિરહને ઐશ્વર્યની જેમ ભોગવવો હોય તો આષાઢની મેદુરતાની આબોહવા જોઈએ.

*

ઊડતાં પખીની પાંખથી ખરતું પીંછું જોયું ને એણે હવામાં ખરતાં ખરતાં જે અદૃશ્ય

રેખાઓ આંકી તે વડે જાણે નિરાકાર ઈશ્વરનું જ ચિત્ર અંકાઈ ગયું. બોલતાં બોલતાં બોલવાના આવેગમાં જ બોલવાનું ભૂલી જઈને આંખોને વિસ્મયથી વિસ્ફારિત કરીને જોઈ રહેલા શિશુને જોઈને ઈશ્વરના રૂપની ઝાંખી થઈ ગુલાબની પાંખડીઓની ગોઠવણીમાં ઈશ્વરના અંગુલિસ્પર્શનો અનુભવ થયો. ના, આ સૃષ્ટિ મને નાસ્તિક થવા દે તેમ નથી.

*

રાત્રિને જુદે જુદે પ્રહરે અંધકારના બદલાતાં જતાં રૂપ અને પોત જોયાં કરું છું. બાળપણમાં કેવળ તાવની ઉષ્માથી લપેટાઈને નિર્જન ઓરડામા સૂઈ રહેતા ત્યારે બંધ કરેલી આંખોની અંદર રૂંધાઈને જે અંધકાર ધૂંધવાતો હતો તેનું રૂપ કોઈવાર આજે દેખાય છે વાઘની ચાડના બખિયા ભરેલો અંધકાર પણ ક્યારેક ફરી નજરે ચડે છે તો કોઈક વાર મોગરો, આંબાનો મોર અને લીમડાની મંજરીની સુવાસના ત્રણ તંતુના ઝીણા શરબતી મલમલના વણાટવાળો અંધકાર પણ દેખાય છે ટીસ્યુ પેપર જેવા અંધકારમાં બીજા દિવસના સૂર્યને લપેટીને કેપ્સ્યુલની જેમ ગળી જવાનું મન થાય છે બે શબ્દો વચ્ચે અંધકારનું પાતળું અસ્તર મૂકીને સીવી લેવાનુ મન થાય છે અંધકારના ખરલમા ઘૂંટેલા મૌનની સહસ્રપુટી ભસ્મનાં સવાર થતાં પહેલાં પડીકાં બાંધી લેવાનો લોભ જાગે છે કાજળની આંખનાં અણિયાળાં સુધી લંબાયેલી તનુલેખા અને એમાં ભળી જતો કાળી પાંપણનો કાળો પડછાયો-આ બેના સંધિસ્થાને જે અંધકાર જન્મે છે તે એવો તો અસહાય હોય છે કે એને ક્યાં સંતાડવો તે સૂઝતું નથી અશ્રુના સ્ફટિકની દાબડી સિવાય બીજે ક્યાં સંતાડીએ ? ધૃતરાષ્ટ્રની આંખનો જરઠ બરડ અંધકાર ઘણના ઘા કરીને તોડીએ તો રાત્રિના પ્રહારો ગાજી ઊઠે

સવારે આંખો ખોલતાં અંધકાર ચાલી ગયો તેથી છેતરાઈ ગયા જેવું લાગે છે પણ તરત જ દિવસના વ્યવહારના શબ્દે શબ્દે, સ્પર્શે સ્પર્શે, આલિંગનમાં ખાલી રહી ગયેલા અવકાશમાં, શૂન્યમનસ્ક દૃષ્ટિના પોલાણમા અંધકાર છતો થાય છે મારા દરેક શબ્દના માધ્યમમાં આ અંધકારને ભરી રાખુ છું જેથી કોઈથી નજરાઈ ન જવાય.

# ગ્રંથાવલોકન ગાંધીજીવન અને ગાંધીવિચાર–ગાંધીપ્રેમી કવિની દૃષ્ટિએ

ચી. ના. પટેલ

(જીવનનો કલાધર ઉમાશંકર જોશી સં. નંદિની જોશી, ગૂર્જર, પ્રથમ આવૃત્તિ ૧૯૯૭ પૃ.૧૦૩ કિ રૂ. ૭૦)

બહેન નંદિની જોશીએ પિતૃતર્પણની ભાવનાથી સંપાદિત કરેલી જીવનનો કલાધર પુસ્તિકાના પદ્ય અને ગદ્ય વિભાગોમાં આપણે અનુક્રમે ગાંધીપ્રેમી કવિ ઉમાશંકર અને ગાંધીવિચારના મર્મગ્રાહી ભાષ્યકાર ઉમાશંકર જોઈએ છીએ.

પદ્યવિભાગના પહેલા જ જીવનનો કલાધર કાવ્યમાં વીશેક વર્ષની યુવાન વયના ઉમાશંકરે ગાંધીજીને યુદ્ધદેવાનળે દાઝ્યા, તપેલા પૃથિવીતલે અમી વર્ષાવતી શીળી પગલી

પાડતા, ભારતની પ્રજાના પુણ્યો ફળતાં ગુલામઘેરે મુક્તિગગા વહાવતા, અંતરેથી તપવારિ કેરી અનેક ધારે ફુવારા ઉડાડતા, દુઃખી ઉરોનાં રસશુષ્ક ક્યારાઓમાં નવજીવનની અમી સિંચતા અને શિવ સત્ય સુંદર પ્રકાશતા કલ્પીને જીવનના વિરાટ કલાધર રૂપે પ્રમાણ્યા છે તે અંગ્રેજી વિવેચનસાહિત્યના અભ્યાસીઓને શેક્સ્પિયરના અજ્ઞાત સમકાલીન નાટ્યકાર બેન જોન્સનના, કવિઓની પરખ કવિઓ જ અને તેય ઉચ્ચ કોટિના કવિઓ જ કરી શકે એ મતલબના અભિપ્રાયનું સ્મરણ કરાવશે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયના પચાસમા શ્લોકના ચોથા ચરણમાં યોગની વ્યાખ્યા શ્રીકૃષ્ણે યોગ કર્મસુ કૌશલમ્ એવી કરી છે અનાસક્તિયોગના સાધક ગાંધીજીએ શ્રીકૃષ્ણકથિત કર્મસુ કૌશલમ્ સિદ્ધ કર્યું હતું અને ઉમાશંકર જેવા જેમણે શબ્દકૌશલ સિદ્ધ કર્યું હોય તે કવિ ગણાય તો ગાંધીજી પણ કવિ, ઉમાશંકરના શબ્દોમા 'જીવનના કલાધર' ગણાય જ આમ શબ્દકવિ ઉમાશંકરે ગાંધીજીના સેવાયજ્ઞમા એક કર્મકળાકારનો, અર્થાત્ કર્મકવિનાં દર્શન કર્યાં છે

'રેંટિયો' શીર્ષકના કાવ્યમાં ઉમાશંકરે ઇશુ પૂર્વની છઠ્ઠી સદીના પાયથગરસ નામના ગણિતશાસ્ત્રીના અનુયાયીઓની માન્યતાને અનુસરીને અવકાશમાં અવિરત ભ્રમણ કરતા તારાઓની ગતિમાંથી અને પૃથ્વી ઉપર અવિરત વહેતી સરિતાઓના પ્રવાહની ગતિમાંથી મધુર સંગીત ઉદ્‌ભવતુ કલ્પ્યુ છે અને એ સંગીત કરતાંય વધારે મૂલ્યવાન રેંટિયાના ગુંજનને પ્રાણવાન જીવનસંગીત ગણ્યુ છે (પૃ.૫) તે યથાર્થ જ છે તે એ કારણે કે ગાંધીજીએ પોતેય એક પ્રસગે રેંટિયાના ગુંજનને કંઠ્ય સંગીત સાથે અને રેંટિયા ઉપર કાંતતાં કાંતતાં પોતાના મનમાં ચાલતા અવિરત અશબ્દ રામનામના રટણને એકતારા સાથે સરખાવ્યું હતું. વળી, 'જીવનસંગીત' શીર્ષકના કાવ્યની પાંચ પંક્તિઓનો કર્ણમધુર એવો લય તો સર્વ કોઈ ગાંધીપ્રેમીઓને સ્પર્શી જાય એવો છે (પૃ ૬)

ગાંધીજી ૧૯૪૨ના ઓગસ્ટની નવમીથી પૂનામાં આગાખાન મહેલમા અટકાયતમાં હતા તે દરમિયાન સરકારી પ્રચારતંત્રે તેમની ઉપર જાપાનપક્ષી હોવાનો આરોપ મૂક્યો હતો તેમાં તત્કાલીન વાઇસરોય લોર્ડ લિન્લિથગોની સંમતિ હોવાનુ માનીને તેમણે ૧૯૪૩ના ફેબ્રુઆરીની દસમીથી શરૂ કરેલા ૨૧ દિવસના ઉપવાસની આકરી કસોટીમાંથી તે માર્ચની બીજીએ સફળ પાર ઊતર્યા ત્યારે એ જ દિવસે ઉમાશંકરે લખેલા કાવ્યની આ પહેલી ચાર પંક્તિઓ

આજ આનંદ આનંદ ! આનંદની આજ સર્વત્ર ગાજે વધાઈ !<br>
આજ ઉત્સવ પ્રભુ કેરી પ્રભુતા તણો, સંતની આજ સૌ ગાય સાંઈ !<br>
પવન શો ખુશનુમા વાય ઉલ્લાસથી ! આજ આકાશ આશિષ વર્ષે !<br>
પાંદડેપાંદડું આજ વૃક્ષો તણું નાચી ઊઠ્યું અગમ કોઈ હર્ષે !

ગાંધીપ્રેમી ઉમાશંકરનું હૃદય કેવા ઉલ્લાસ અને આનંદથી નાચી ઊઠ્યુ જણાય છે ! ઉમાશંકર ગાંધીપ્રેમી છે કારણ કે તેમનું કવિહૃદય જાણે છે કે ગાંધીજીનું જન્મસ્થાન ન કોઈ નગરગૃહે પણ મૃદુ માનવહૈયું છે (પૃ ૧૮) અને તેમના એ જ સવેદનશીલ કવિહૃદયમાંથી, ગાંધીજીની ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મીએ થયેલી હત્યાને અનુલક્ષીને ફેબ્રુઆરીની

પહેલીએ તેમણે લખેલા કાવ્યમાં આ પંક્તિઓ સ્ફુરે છે

અમે ન રડીએ, પિતા, મરણ આપનું પાવન,
કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન. (પૃ.૧૯)

કહેવાય છે કે પ્રેમ પ્રિયજનના હૃદયની સૂક્ષ્મતમ ભાવનાઓ સમજવાની દૃષ્ટિ આપે છે ઉમાશંકરના ગાંધીપ્રેમે જ તેમને આ પંક્તિઓ

સર્વોદય તણો થશે સૂર્યોદય હૈયે હૈયે
ભારતનાં શરૂ થશે ગાંધીયુગ ત્યારથી (પૃ.૨૦)

માં ગાંધીજીની સર્વોદયલક્ષી જીવનદૃષ્ટિ યથાર્થત. શબ્દબદ્ધ કરવાની શક્તિ આપી જણાય છે અને એ જ કારણે 'બાળકોના બાપુ' કાવ્યમાં (પૃ ૨૧ ૨૭) ઉમાશંકરની કલમ ગાંધીજીનુ ચિત્ર ગાંધીજીએ પોતે આલેખ્યું હોત એવુ આલેખી શકી છે કસ્તૂરબાનુ ૧૯૪૪ના ફેબ્રુઆરીની ૨૨મીએ મગળવારે મહાશિવરાત્રિના પુણ્યદિવસે પૂનામાં આગાખાન મહેલમાં નિધન થયું તે શોકપ્રસગને અનુલક્ષીને ઉમાશકરે લખેલા 'પ્રસીદતુ રુદતે' શીર્ષકના કાવ્યમાં (પૃ.૧૪) પણ ગાંધીજીના કસ્તૂરબા પ્રત્યેના મનોભાવોનું તાદૃશ આલેખન થયુ છે

પુસ્તિકાના ગદ્ય વિભાગમાં સમાવિષ્ટ થયેલાં લેખો, વાર્તાલાપો, પ્રવચનો ઇત્યાદિમા ઉમાશકરે જે જે વિષયો સ્પર્શ્યા છે તે તે વિષયોની તેમણે સૂક્ષ્મ અને સર્વગ્રાહી મીમાસા કરી છે અને તમની એ મીમાસાઓમા આપણને તેમણે તે તે વિષયોનો ઊંડો અભ્યાસ કર્યો હોવાની પ્રતીતિ થાય છે એ વિષયોમાં મુખ્ય છે ગાંધીજીના જીવનવિકાસની પ્રક્રિયા, ગાધીજીની ધર્મભાવના, તેમનાં સર્વોદયલક્ષી સમાજવ્યવસ્થા અને અર્થતંત્રને લગતાં મતવ્યો તેમના યંત્રવિષયક ગ્રામોદ્યોગવિષયક અને વ્યક્તિસ્વાતત્ર્યવિષયક અભિપ્રાયો, તેમનો શિક્ષણવિચાર અને તેમની શબ્દશક્તિ – આ સર્વ વિષયને લગતી ઉમાશકરે પીરસેલી ચિંતનસામગ્રી એટલી સમૃદ્ધ છે કે એક ટૂંકા લેખમાં એ સામગ્રીને પૂરો ન્યાય ન કરી શકાય. આ સ્થિતિમાં હું એ સામગ્રીના કેટલાક અંશોને જ સ્પર્શી શકીશ.

ગાંધીજી શ્રીમદ્ ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયના બારમા શ્લોકનો આધાર આપીને કહેતા કે જે કોઈ કાંતવાનો યજ્ઞ કર્યા વિના ખાય છે તે ચોર છે ગાંધીજીના આ મતવ્યની પાછળ રહેલી તેમની ભાવનાને ઉમાશંકરે 'હું કેમ કાંતું છું' શીર્ષકના લેખમા આમ સમજાવી છે તે કહે છે "બહુજનસમાજ શરીરશ્રમથી જ જીવે છે બાકીના વર્ગોએ પણ જીવવા માટેના શરીરશ્રમની જવાબદારી ઉઠાવવી જોઈએ. જેટલો સમય તમે કાંતો તેટલો સમય જીવવા માટેના જ શરીરશ્રમની જવાબદારી બીજાઓ ઉપર તમે નાખી છે તેની તમે તમારી જાતને યાદ આપી શકો. (પૃ ૩૭). વળી, ગાંધીજીની જેમ ઉમાશકરેય રેંટિયારસ ચાખ્યો છે અને રેંટિયાનો કેફ પણ અનુભવ્યો છે (પૃ ૩૫) પોતાને ચક્રમ ગણાવતા ગાંધીજીની સ્વ-ઉપહાસ વૃત્તિનોય ઉમાશંકરને ચેપ લાગ્યો જણાય છે તેમને કાંતવાને બદલે કવિતા કરવાની સલાહ આપનાર એક મિત્રને તેમણે ઉત્તર આપ્યો હતો કે 'હું બંને ચીજો સાથે કાંતી રહ્યો છું (I am spinning a double yarn)' (પૃ ૩૮) સંભવ છે કે ઉમાશંકરે ઉત્તર અંગ્રેજીમાં જ આપ્યો હશે. ઉમાશંકર to spin a yarn શબ્દો ઉપર શ્લેષ કરીને કહે છે પોતે કાંતે છે અને સાથે સાથે કવિતા કરે છે અને એમ બંનેના બે તાર સાથે કાંતે છે (અંગ્રેજીમાં to spin a yarn

શબ્દોનો લાક્ષણિક અર્થ 'ગપ્પાં મારવા' થાય છે.")

'ગાંધીજી અને ધર્મ' શીર્ષકના લેખમાં ઉમાશંકરનો ઉપક્રમ, તેમના પોતાના જ શબ્દોમાં 'જાગૃતિપૂર્વકના પળેપળના આચારની કિતાબમાં ગાંધીજીના ધર્મચિંતનની લિપિ ઉકેલવાનો' છે અને વાચક જોઈ શકે છે કે એ ઉપક્રમમાં તે સફળ થયા છે. ગાંધીજીની ધર્મભાવનાના, ઈશ્વર ઉપર દૃઢ શ્રદ્ધા, ઈશ્વરનું સત્ય સાથે સમીકરણ અને સત્યની શોધમાં સાધનરૂપ અહિંસા, એ મતલબનાં ત્રણ લક્ષણો ગણાવવામાં (પૃ.૩૮) તેમણે ગાંધીજીની ધર્મભાવનાના હાર્દ ઉપર જ આંગળી મૂકી છે અને એ ત્રણ લક્ષણોમાંથી ગાંધીજીની ધર્મવિચારણાના સર્વધર્મસમભાવ જેવા અન્ય અંશો પણ ફલિત થાય છે. ગાંધીજી માનતા કે જગતના સર્વ મુખ્ય ધર્મો ઈશ્વરપ્રણીત છે પણ તેમનો પ્રચાર સ્વાભાવિકતઃ અપૂર્ણ મનુષ્યોના માધ્યમ દ્વારા થયો હોવાથી એ સર્વ ધર્મો અંશતઃ અપૂર્ણ છે. આ સ્થિતિમાં સત્યનો કોઈ પૂજારી પોતાનો ધર્મ સર્વાંશે સાચો હોવાનો દાવો ન કરી શકે. એમ હોવાથી સત્યના પૂજારીએ અન્ય ધર્મો પ્રત્યે તે પોતાના ધર્મ પ્રત્યે રાખે તેવો જ પૂજ્યભાવ રાખવો જોઈએ. સર્વધર્મસમભાવની આવી મનોવૃત્તિ હિંદુ ધર્મસંસ્કારમાં પ્રાચીનકાળથી દૃઢ થયેલી હોવાનું તે માનતા અને તેથી, ઉમાશંકર કહે છે કે તેમ, ગાંધીજી "હિંદુધર્મને કોઈ સાંકડા ધર્મમત કે સંપ્રદાય રૂપે જોતા નથી" પણ તેઓ માનતા 'એના ઉદરમાં સંસારની સર્વ વિભૂતિઓની પૂજાને સ્થાન છે' (પૃ.૪૧)

ગાંધીજી હિંદુ ધર્મની એક વિશેષતા ત્યાગની ભાવના હોવાનું માનતા અને તેથી ઉમાશંકર યથાર્થ કહે છે કે તેમને ઈશોપનિષદનો પહેલો મંત્ર

ईशावास्यमिदम् सर्वम् यत्किञ्च जगत्या जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृध कस्यस्विद् धनम् ॥

હિંદુધર્મના હાર્દરૂપ વચન જેવો જણાયો હતો. ગાંધીજી એ મંત્રથી અત્યંત પ્રભાવિત થયા હતા. ત્રાવણકોરના મહારાજાએ ૧૯૩૬ના નવેમ્બરની ૧૨મીએ પોતાના રાજ્યનાં સર્વ મંદિરો અસ્પૃશ્યો સહિત હિંદુઓના સર્વ વર્ગો માટે ખુલ્લાં જાહેર કર્યાં તે પછી ગાંધીજી ૧૯૩૭ના જાન્યુઆરી માસમાં એ રાજ્યના પ્રવાસે ગયા હતા. રાજ્યના ક્વિલોન નામના નગરમાં જાન્યુઆરીની ૧૬મીએ તેમને માનપત્ર આપવા મળેલી સભાને સંબોધતાં ગાંધીજીએ ઈશોપનિષદના આ મંત્રનો ભાવપૂર્વક ઉલ્લેખ કરીને તેનું સવિસ્તર વિવરણ કર્યું હતું. મંત્રનાં तेन त्यक्तेन भुञ्जीथा मा गृध कस्यस्विद् धनम् એ વચનોમાં અનુક્રમે ગાંધીજીની યજ્ઞજીવનની ભાવના અને આશ્રમના એકાદશવ્રતોમાંના એક અસ્તેયવ્રતનો સાર આવી જતો હોવાથી તેમને એ વચનોનું સવિશેષ આકર્ષણ થયું હતું. ઉમાશંકરે પૃ.૪૧ ઉપર 'જેમ જેમ ગીતાના પ્રકાશમાં ...' વગેરે જે શબ્દો ટાંક્યા છે તે ગાંધીજીએ ક્વિલોનમાં મળેલી સભામાં કરેલા વિવરણનો ગીતાને લગતા અંગ્રેજી અંશનો ગુજરાતી અનુવાદ છે (જુઓ ગાંધીજીનો અંગ્રેજી અક્ષરદેહ, ખંડ ૬૪ પૃ.૨૫૮, ૨૬૩-૨૬૪)

ઉમાશંકરે પૃ.૪૦ ઉપર ગાંધીજીએ ૧૯૩૪ના સપ્ટેમ્બરની ૧૨મીએ અંગ્રેજીમાં લખેલી જે પ્રાર્થનાનો ઉલ્લેખ કર્યો છે તેનો તેમણે જ 'નમ્રતાના નિધિ હે' (પૃ.૯૫-૯૭) શીર્ષકના કાવ્યમાં ભાવાનુવાદ આપીને સતર્પક રસાસ્વાદ કરાવ્યો છે. સ્પષ્ટ છે કે ઉમાશંકરને એ પ્રાર્થના આટલી સ્પર્શી ગઈ છે કારણ કે તેમાં ગાંધીજીએ ઈશ્વરને કોઈ અસ્પૃશ્યની ઝૂંપડીમાં રહેતા

નમ્રતાની મૂર્તિ રૂપે કલ્પ્યા છે અને નમ્રતાની મૂર્તિ એવા એ ઈશ્વરને પ્રાર્થના કરી છે કે તે સર્વને એવી જ નમ્રતા બક્ષે. 'અવિચલ સત્યનિષ્ઠ' શીર્ષકના લેખ (પૃ ૪૩)માં ઉમાશંકરે ગાંધીજીને એક જગદ્‌ગુરુ રૂપે ઓળખાવીને એ જગદ્‌ગુરુની દેણ માટે 'જીવન જીવવાનું વ્યાકરણ' અને તેમના 'રાજકારણ' માટે 'વિશાળ સત્યકારણ' જેવા, કોઈ કવિને જ સ્ફુરે એવા ધ્વનિસમૃદ્ધ પર્યાયવાચી શબ્દો યોજીને ગાંધીજીની પ્રયોગાત્મક સેવાલક્ષી, પ્રેમમય અને તેથી સર્વકલ્યાણ-પરિણામી જીવનભાવના અને સત્યનિષ્ઠ રાજકીય શૈલી, બેયનો મર્મ સંક્ષેપમા સમજાવી દીધો છે

'જીવન જીવવાનું વ્યાકરણ' શીર્ષકના સ્વતંત્ર લેખ (પૃ ૪૪ ૪૬)માં ઉમાશંકર પ્રશ્ન પૂછે છે 'જન્મ્યા ત્યારે તો બીજાં બધા બાળક જેવા જ સામાન્ય બાળક હતા તેમાથી આ વિભૂતિ કેવી રીતે થઈ ? એમણે પોતાની જાતને કેવી રીતે ઘડી ?' પ્રશ્નનો ઉમાશંકર એ મતલબનો ઉત્તર આપે છે કે જે રીતે ગાંધીજીએ પોતાની જાતને ઘડી તે તેમના જીવનનો મોટામા મોટો ચમત્કાર છે અને સ્વઘડતરની એ પ્રક્રિયા દ્વારા તેમણે 'મનુષ્યજાત આગળ જીવન જીવવાનું વ્યાકરણ રજૂ કર્યું છે' તેમા એકડો છે સત્ય એ સત્યપ્રેમે જ ગાંધીજીને, ઉમાશંકર કહે છે તેમ પોતાની હિમાલય જેવડી ભૂલો સ્વીકારવાની અજબ શક્તિ આપી હતી. સત્ય પછી, ઉમાશંકર કહે છે 'બીજું બધું તેમાં ઉમેરાય છે' આ બીજુ બધું એટલે સત્યના એકડા પછી અન્યના એકાદશવ્રતોના મીંડા જ ગણાય ને ? ગાંધીજીની સ્વઘડતરની રીતની બાબતમાં મનુભાઈ પંચોળી પણ કહેતા કે ગાંધીજી સત્યના સાધક હતા અને તેમણે પોતાની જાતને કોઈ શિલ્પી ટાંકણાથી મૂર્તિ ઘડે એવી ચીવટથી ઘડી હતી.

વ્યક્તિસ્વાતંત્ર્યની બાબતમા ગાંધીજીનો મત એ હતો કે કે વ્યક્તિને પોતાના કર્તવ્યનું પાલન કરવાની સ્વતન્ત્રતા એ જ સાચુ વ્યક્તિસ્વાતંત્ર્ય છે તે માનતા કે એમ પોતાના કર્તવ્યનુ પાલન કરતાં વ્યક્તિને અન્ય બાબતોને લગતા અધિકારો આપમેળે મળી રહેશે. ઉમાશંકરે ક્યાંકે આ જ વાત કહી છે તે કહે છે 'ગાંધીજીની સ્પષ્ટ માન્યતા છે કે હકનું બીજ ફરજ છે' 'આપણે બધા આપણી ફરજ અદા કરીએ તો હક આપણી પાસે જ છે' ઉમાશંકર પોતે માને છે કે 'પોતાની ફરજો અદા કરવાનો અધિકાર એ જ એવો અધિકાર છે જેને માટે જીવવુ અથવા તો મરવુ યોગ્ય છે' (પૃ ૫૩) વ્યક્તિ સ્વાતંત્ર્યની બાબતમા ગાંધીજી અમેરિકન ચિંતક થોરોનું 'That government is the best which governs the least' એ સૂત્ર ટાંકતા. ઉમાશંકર થોરોના આ 'મહાવાક્ય'નો ગુજરાતીમા અનુવાદ કરીને કહે છે કે 'રાજ્યના હાથમાં સત્તા કેન્દ્રિત થાય તેની સામે ગાંધીજીનો વિરોધ છે' અને પોતાના એ વિધાનના સમર્થનમાં ગાંધીજીના આ વચનો ટાંકે છે 'રાજ્યના હાથમાં વધુ પડતી સત્તાને હું ભયની નજરે જોઉં છું, કારણ કે ઉપરથી જોતાં તે શોષણને ઓછામાં ઓછું કરી નાખીને મનુષ્યજાતને લાભ પહોંચાડે છે પણ વ્યક્તિત્વ (મૂળ અંગ્રેજી individuality હશે ?) જે બધી પ્રગતિના મૂળમાં રહેલું છે તેનો નાશ કરીને મોટામાં મોટું નુકસાન કરે છે'

ગાંધીજીવન અને ગાંધીવિચાર ઉપર પોતાના ચિંતનું આવું સર્વગ્રાહી અને તલસ્પર્શી ચિંતન આપણને ઉપલબ્ધ કરી આપવા માટે બહેન નંદિની જોશીને આપણાં સર્વનાં અભિનંદન ઘટે છે

# માણસ મઝાનો, પરિચય પાંખો

અમૃત ખત્રી

(ગુરુદત્ત  એક અશાંત કલાકાર  ઇસાક મુજાવર, અનુ. જશવંતી દવે, ઇમેજ પ્રથમ આવૃત્તિ ૧૯૯૭ પૃ.૧૧૦ કિં રૂ ૧૦૦)

સને ૮૫માં પ્રગટ થયેલ ઈસાક મુજાવરના મરાઠી પુસ્તકનો જશવતી દવેએ કરેલ અનુવાદ ૯૭માં આપણને મળે છે તે ગુરુદત્તના જીવન વિશે કશું જાણવાની ગુજરાતી *વાચકોની તત્પરતા ને જિજ્ઞાસાને કારણે છે તેમ કહી શકાય ? આ પુસ્તકમાં ગુરુદત્તના જીવન* કરતાં તેમની ત્રણ ફિલ્મોના નિર્માણની પાછળનો ઇતિહાસ વિશેષ છે તેમના સ્ટાફના અને અંગત મિત્ર બની રહેલ અબ્રાર અલ્વીના મોઢેથી કહેવાયેલ વાર્તાઓને મુજાવરે અહીં અબ્રારની મૈત્રીના ચશ્મા પહેરીને લખી છે 'પ્યાસા  કાગઝ કે ફૂલ  અને 'સાહબ બીબી ઔર ગુલામ  એ ગુરુદત્તનાં ત્રણ ખૂબ જ મહત્ત્વના અને ઉત્કૃષ્ટ ફિલ્મ-નિર્માણ ગણાય છે તેની પાછળની કથા અને તેમાંથી સ્ફૂટ થતું ગુરુદત્તનુ સકીર્ણ વ્યક્તિત્વ અબ્રારે કહેવાની કોશિશ કરી છે પણ તેને માટે એમણે વિશ્લેષણાત્મક વલણ અપનાવ્યુ નથી અને ઇસાક મુજાવરે (તેમણે જેમ કબૂલ્યુ છે તે પ્રમાણે) અબ્રાર અલ્વીની મૈત્રીના ચશ્મા પહેરી ગુરુદત્ત વિશે લખતા, જે કાંઈ અબ્રારે કહ્યુ તેમા વિશ્લેષણ ઉપરાંત વિવેચકીય સભાનતા રાખી હોત તો કદાચ ગુરુદત્તને સમજવામા વધુ સરળતા થાત. આ પુસ્તકને કારણે ગુરુદત્ત એક મોટા ગજાના કલાકાર, દિગ્દર્શક અને ખૂબ જ અંતર્મુખી માનવી હતા તે વાત દૃઢ થાય છે પરંતુ તેની પાછળ શા કારણો હતાં તેની કોઈ અંતરંગી, દસ્તાવેજી અધિકૃત કે ઠોસ માહિતી ખાસ ઉપલબ્ધ થતી નથી તે, અબ્રાર ગુરુદત્તના જીવનની ત્રણ મહત્ત્વની વ્યક્તિઓ પૈકીના એક હોવા છતાં, કહે છે અબ્રાર અલ્વીને ફરિયાદ છે કે તેમનો ગુરુદત્તની ફિલ્મોના નિર્માણમાં સિંહફાળો હોવા છતાં તેમને જોઈએ તેટલી માન્યતા મળી નથી. આ ફરિયાદ ગુરુદત્ત સામે નથી, બીજાઓ સામે છે તે ફરિયાદને કારણે પણ જે થોડીક વિગતો ગુરુદત્ત વિશે જાણવા *મળી છે તે આવકાર્ય ગણાય પણ યાસીન દલાલે જે ફરિયાદ કરેલી કે ફિલ્મ પત્રકારત્વ* વિકસિત નથી, તેને કારણે આ જગતના કલાકારોના જીવન અને સર્જન અંગે સશોધનાત્મક દસ્તાવેજી મૂલ્ય હોય તેવી અને રોચક માહિતી મળતી નથી કે એ પ્રકારનું કામ થતુ નથી – તે વાજબી ઠરે છે

ગુરુદત્તની જીવનની ત્રણ મહત્ત્વની વ્યક્તિઓ ગીતા દત્ત, વહીદા રહેમાન અને અબ્રાર અલ્વી છે એમ કહેતા ઇસાક મુજાવર એમ પણ કહે છે કે આ પૈકી અબ્રાર અલ્વીની મિત્રતા વહીદા કરતા પણ વધારે હતી અને રહી હોવા છતાં તેઓ ઉપેક્ષિત રહ્યા એ વાત તેમને પણ ખટકતી હતી એટલે એમની સાથે સંવાદ કરી આ પુસ્તક લખ્યું છે પણ ખરેખર કોઈ કલાકારના જીવન-સર્જનને આલેખવા હોય તો તે મોટી જવાબદારીનું કામ છે અને તેમાં એકાંગી દર્શન ન જ ચાલે. જે જે લોકો હયાત છે તેમને મળવું પડે ખાખાંખોળા ને ખણખોદ કરવાં પડે પરિશ્રમ કરવો પડે. ત્યારે આમ થાય તો જ સત્યને રજૂ કરી શકાય આવી જવાબદારી વધુ તીવ્ર ત્યારે બને છે જ્યારે તમે જેના વિશે લખો હો તેવી વ્યક્તિઓ તમારા

લેખનની સામે કોઈ પ્રતિભાવ આપવા હયાત નથી.

ગીતા દત્ત, ગુરુદત્ત અને કેટલાક અધિકૃત સ્રોત્રો આજે હયાત નથી પણ આત્મારામ, ગુરુદત્તના માતા, દિલીપકુમાર, જહોનીવોકર અને ગુરુદત્તના પરિવારના અન્ય સભ્યો હજી હયાત છે વહીદા રહેમાન કશું કહેવાની ભલે ના પાડે પણ આવી બધી વ્યક્તિઓ દ્વારા હજી ઘણી માહિતીમૂલક સામગ્રી મળી શકે તેમ છે અને એ રીતે ગુરુદત્ત વિશે વધુ જાણકારી પ્રાપ્ત થવાની શક્યતા રહેલી છે મુન્ની કબીરે ગુરુદત્ત વિશે અને તેમની સિનેમા વિશે બહુ જ સંયમપૂર્વક તટસ્થતાપૂર્વક અનેક લોકોની મુલાકાતો કરીને અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું છે તે પણ વાંચવા લાયક છે યાસીન દલાલને પણ મારી જેમ ગુરુદત્ત બહુ ગમે છે તેવું, ફિલ્મ દર્શન મા તેમણે લખેલી વાતો પરથી લાગે છે આ પુસ્તકમાંની વિગતો પણ ગુરુદત્તનાં જીવન-સર્જન માટે મળતી માહિતીમાં ઉમેરો કરે છે

અબાર અલ્વીના મતે ગુરુદત્તનાં બે વ્યક્તિત્વ હતાં આરપાર, બાઝી, જાલ, સીઆઈડી, બાઝ એ ગુરુદત્તનાં પ્યાસા પહેલાંનાં ચિત્રો જેમાં ગુનાની પાર્શ્વભૂ ઉપર રચાયેલી વાર્તાઓ હતી. તેમાં એક વ્યક્તિત્વ ઉભરતું હતું જ્ઞાન મુખરજીનું કે જે ગુરુદત્તના ગુરુ હતા અને પ્યાસા કાગઝ કે ફૂલ અને સાહેબ, બીબી ઔર ગુલામ જેવી કલાત્મક ફિલ્મોના સર્જન પાછળ એક બીજું વ્યક્તિત્વ હતું તે અબાર અલ્વીનું – અબારનો આ બહુ મોટો દાવો છે પણ તેની સાથે સંમત થઈ શકાય તેમ નથી

ગુરુદત્તની ફિલ્મોનું વર્ગીકરણ કરીએ તો નીચે મુજબ થાય. ગુરુદત્તની કારકિર્દી અને વિકાસને સમજી શકીએ તે માટે તેની કારકિર્દીની સમયરેખા પણ ધ્યાનમાં લેવી ઘટે.

દિગ્દર્શન
* બાઝી (૧૯૫૧)
* જાલ (૧૯૫૨)

દિગ્દર્શન-નિર્માણ
* બાઝ (૧૯૫૩)

દિગ્દર્શન નિર્માણ
* સીઆઈડી (૧૯૫૬)

દિગ્દર્શન-નિર્માણ-અભિનય
* આરપાર (૧૯૫૪)
* મિ. એ ન્ડ મિસીસ ૫૫ (૧૯૫૫)
* પ્યાસા (૧૯૫૭)
* કાગઝ કે ફૂલ (૧૯૫૯)

નિર્માણ-અદાકારી
* ચૌદહવીં કા ચાંદ (૧૯૬૦)
* સાહબ, બીબી ઔર ગુલામ (૧૯૬૨)

અબાર અલ્વીના આગ્રહને વશ થઈ તેઓ ગુનાની પાર્શ્વભૂમિના ચોકઠામાંથી પ્રથમવાર બહાર આવ્યા. મિ. અને મિસીસ. ૫૫ ના નિર્માણથી અને ગુરુદત્તમાં અબાર અલવીનુ બીજું વ્યક્તિત્વ ખરા અર્થમાં વિકસિત થતું ગયું – એવો અબારનો મત છે !

પ્યાસા ની મૂળ વાર્તા છ પાનાંની હતી અને તેમાં ગુરુદત્તે નાયકને કવિ તરીકે નહોતો રાખ્યો. આ વાર્તામાં મીનાની ભૂમિકા બહુ ટૂંકી હતી પણ ગુલાબો ન હતી. આ ગુલાબોની વાર્તા અબારના અંગત જીવનની અનુભૂતિ હતી જે પ્યાસા ના વિજયના જીવનમાં વણી લેવાથી સ્ત્રીનાં બે સ્વરૂપો પ્રેક્ષકના માનસને બહુ અસરકારક રીતે સ્પર્શી જાય છે તેમાં શંકા નથી. પરંતુ અબારે આ પ્રકરણમાં પોતાના અંગત જીવનમાં આવેલી ગુલાબોની લાંબી વાર્તા ઇશાક મુજાવરને માંડીને કહી હશે તે આ પુસ્તકમાં પૃષ્ઠ ૧૩થી ૨૬ સુધી ચાલે છે તે થોડું કઠે

છે અબ્બારે વાર્તા પર ભાર મૂક્યો છે પણ ગુરુદત્તની નિર્દેશન કલામાં લાઇટ અને શેડની અસરોના જાદુની કોઈ વાત કરી નથી. ગુરુદત્ત, ત્રણ વાર જીસસનો વધસ્તંભ પર ચડાવે છે તેવી વિજયની સ્થિતિનું બયાન કરે છે તેની કોઈ વાત કરી નથી. સાહિરનો કાવ્યસંગ્રહ 'પરછાંઈયાં' એ અરસામાં બહાર પડ્યો, સાહિર બહુ ઊંચા ગજાના કવિ તરીકે સન્માનીત થયા એમની ગઝલોને લઈને નાયકને પ્રથમ ચિત્રકાર પછી લેખક અને ત્યાર પછી કવિ બનાવી દેવાની સૂઝ અને સાહિરનાં ગીતોને ઉત્તમ રીતે વણી લેવાની ગુરુદત્તની આવડત કલા વિશે પણ અબ્બારે અહીં ખાસ કશું કહ્યુ નથી. અબ્બારે ગુરુદત્ત સાથે બહુ લાંબી સફર કરી એટલે એમનું યોગદાન વીસરી શકાય તેમ નથી પરંતુ 'પ્યાસા' જેવી (માર્મિક ફિલ્મ કે જેને તમે ગમે તેટલીવાર જુઓ દરેક વખતે, દરેક સીનમાં, દરેક સંવાદમા અને વાર્તાના મોડમા જુદા જુદા અનેક અર્થો નીકળે અને એ જ એની મજા છે) મોટી કલાકૃતિનું સર્જન કરનાર કલાકાર મૌલિક ના હોય એમ તો બને જ નહિ. એટલુ જ નહિ આવા મોટા ગજાનો માણસ કોઈનુ મહોરું પહેરે તે પણ માન્યામા આવે તેવી વાત નથી. ફ્રાંસના મિસીએલોએ પ્રભાવિત થઈ ગુરુદત્ત ઉપર પુસ્તક લખ્યુ છે (આપણને તેનો અંગ્રેજી અનુવાદ મળે તો પણ સારું) જેમ સમય જાય છે એમ વિશ્વને એમની કૃતિઓની મહાનતા સમજાતી જાય છે (ફિલ્મદર્શન, યાસીન દલાલ, પૃષ્ઠ ૨૧૦)

'કાગઝ કે ફૂલ' ગુરુદત્તની બીજી ઉત્કૃષ્ટ કૃતિ છે સિનેમાના માયાવી જગતનાં પ્રેમ, લગ્ન અને સંબંધોનુ બરડપણું તેમાં અત્યંત સંવેદનાપૂર્વક આલેખાયેલુ છે 'પ્યાસા'ની સફળતાને કારણે બીજુ આવું ચિત્ર નિર્માણ કર્યું હોવું જોઈએ, એવી માન્યતાનું ખંડન કરતા અલ્વી કહે છે કે બીજી બેત્રણ ફિલ્મોના નિર્માણની યોજના પણ ગુરુદત્તે તેમનાં સ્વભાવ અને આદત મુજબ પડતી મૂકી દિગ્દર્શકના જીવન પરની તેમની જૂની વાર્તાના પ્લોટ પર નિર્માણ કરવાનું નક્કી કર્યું અને પોતે તેમાં અદાકારી પણ કરી. આમ, આ વાર્તા ગુરુદત્તના જીવન પર આધારિત ન હોવા છતાં પણ તેમણે કરેલી કલ્પનાનું સ્વરૂપ પણ એટલું બધું વાસ્તવિક છે કે એ ફિલ્મના ઘણા અંશો એમના જીવનને મળતા આવે છે અબ્બારની આ વાત ઘણી સૂચક લાગે છે 'કાગઝ કે ફૂલ'ની નિષ્ફળતા માટે લેખકનું અવલોકન વાજબી છે 'ચિત્રપટ વ્યવસાયની આ માયાવી દુનિયામાં એમ તો અનેક ચિત્રપટો નિષ્ફળ જાય છે પણ એમાંનાં કેટલાંક ચિત્રપટો એવાં હોય છે કે એ 'ક્લાસિક' તરીકે કાયમ માટે રહે છે 'કાગઝ કે ફૂલ' એ પરિપૂર્ણ ચિત્રપટ હતું અને તેમા કશી ખામી કાઢી શકાય તેમ નહોતું તો પણ એ ચિત્રપટ કેમ નિષ્ફળ ગયુ એ ઉકેલી ન શકાય એવું રહસ્ય છે... મુખ્તારના આ સંશયનું સમાધાન અબ્બાર મનોવૈજ્ઞાનિક ઢબે કરે છે 'પ્યાસા' અને 'કાગઝ કે ફૂલ'ના નાયકોના માનસિક દુઃખમાં જે ફરક હતો તે ગરીબાઈ અને શ્રીમંતાઈનો હતો. ગરીબનુ દુઃખ વધુ 'અપીલીંગ' હોય છે !

'કાગઝ કે ફૂલ'ના નિર્માણ વખતે શરૂ થયેલી ચિત્રપટ વ્યવસાયમાંની એ ચર્ચાએ ગુરુદત્તને ખુદને વિક્ષુબ્ધ કરી દીધા કે તેઓ તેમના જીવનની કથાને જ ચિત્રિત કરે છે પોતાના કૌટુંબિક જીવનને સાચવવા માટે તેમણે આ ચિત્રપટની આખી વાર્તા જ બદલી નાખી. ગુરુદત્ત અત્યંત ભીરુ સ્વભાવના ન હોય તો પોતાનું દાંપત્યજીવન જવાબદારીપૂર્વક સાચવવાનો તેમનો આ અભિગમ તેમને એક ઉમદા માનવી તરીકે સ્થાપિત કરે છે

ચિત્રપટમાં દિગ્દર્શક દ્વારા પોતાના વૈયક્તિક જીવનની કથનીના ચિત્રણને ટાંકતા ઇસાક મુજાવર (પૃ૬-૮૦) મહેશ ભટ્ટ નાનાભાઈ ભટ્ટના અનૌરસ સંતાન હતા અને તેને કારણે તેમનામા જે એક લઘુતાગ્રંથિનું નિર્માણ થયું તેનુ ચિત્રણ 'જનમ'મા અને પરવીન બાબી સાથેના લગ્નેતર સંબંધોનું 'અર્થ'માંનુ ચિત્રણ ટાકતાં ગુરુદત્તના જમાનાથી આગળ વધીને સામાજિક મૂલ્યોનો સંદર્ભ આપવા પ્રયાસ કરે છે

'કાગઝ કે ફૂલ'મા આર્થિક ફટકો પડતા બોક્સઑફિસ પર ચાલે તેવી ફિલ્મનુ નિર્માણ કરી આર્થિક નુકસાન સરભર કરવાનો સમય પાકી જતાં 'ચૌદહવી કા ચાંદ'નુ નિર્માણ કર્યું. એ ચાલ્યુ અને તેમાથી મળેલ પૈસાની હૂંફ મળતાં જ ગુરુદત્તની કલાત્મક ચિત્રોના નિર્માણની આશ ઝંખના પાછી જાગ્રત થઈ અને 'પ્યાસા' અને 'કાગઝ કે ફૂલ' પછી 'સાહબ, બીબી ઔર ગુલામ' એ ત્રીજા કલાત્મક ચિત્રના નિર્માણની હરણફાળ ભરી. આ ફિલ્મમાં વિશ્વજીત પછી શશીકપૂર અને છેવટે તેમણે પોતે ભૂમિકા કરવાનું નક્કી કર્યું. અલબત્ત, અબાર તો આ માટે ગુરુદત્તને ગીતા દત્તે કાંઈક ચાવી ટાઈટ કરી હોય તેવું કારણ આપે છે !

'સાહબ, બીબી ઔર ગુલામ'ને મળેલાં અદ્‌ભુત સફળતા અને પારિતોષિકો છતાંય અબ્રારને તેને મળવુ જોઈતું શ્રેય મળતું ન હતું તેવી તેની ફરિયાદ છે મોટા બેનર્સ હેઠળ કામ કરતા ઘણા જિનીયસ આ રીતે સિનેમાની લાઈમ લાઇટમાં આવી શક્યા નહીં હોય એ વાત પણ સ્વીકારવા યોગ્ય છે પણ અબ્રારની ફરિયાદ ઇકબાલ મસુદના ૧૯૮૭ના ઇલસ્ટ્રેટેડ વીકલીમા પ્રસિદ્ધ થયેલા, ગુરુદત્ત પરના એક લેખમા કરેલ ટીકા, ધો ડાયરેક્ટેડ બાય અબ્રાર અલ્વી બેયર્સ એ ગુડ પેની ગુરુદત્ત ટચીઝ – તરફ છે બીજી ફરિયાદ ગુરુદત્તના ભાઈ દેવીદત્ત સામે છે જેમણે અલ્વીના ગીતના ચિત્રણ અંગેના હકીકતદોષવાળું બયાન 'ધી સ્ટાર એન્ડ સ્ટાઇલ' સામયિકમાં જે વિધાન કર્યું તેનો ઉલ્લેખ કરીને આ ફરિયાદ થઈ છે પણ મારી દૃષ્ટિએ આ બાબતો બહુ સામાન્ય છે જે શખ્સને ગુરુદત્ત જેવા મહાન કલાકાર, મહેરબાન, અત્યંત સંવેદનશીલ મિત્ર, પ્રેમી અને સહચર પ્રાપ્ત થયો હોય તેણે દુનિયાની આવી બેધારી ટીકા-ટીપણી ને ધ્યાનમાં લેવી જોઈએ નહિ

ગુરુદત્ત સાથે લાંબી મજલ કાપનાર અબ્રારે તેમના અંગત જીવનની ઘણી બધી વાતો કહી છે તેનાથી એક ગાઢ અંતર્મુખી અને એકલવાયી જિંદગી જીવેલા ગુરુદત્તના જીવન પર થોડો વધુ પ્રકાશ પડ્યો છે પરંતુ મુજાવરના આ પુસ્તકમાં રજૂ થયેલી ઘણી વિગત હજી પણ વધુ આધારો, દસ્તાવેજી પુરાવાઓ સમર્થનકારી મુલાકાતો અને વધુ સંશોધનાત્મક લેખન માટે પ્રેરિત કરે તેવી છે મુલાકાત માટે ફરી ફરીને ના પાડતી વહીદાને બોલાવે છૂટકો કરે તેવા જર્નાલિસ્ટો આપણે ત્યાં છે દિલીપકુમાર (પ્યાસામાં રોલ કેમ ન કર્યો ?) જોનીવોકર, દેવઆનંદ, ગુરુદત્તના માતુશ્રી, આત્મારામ, મહેમૂદ, ધુમાલ, શશીકલા વગેરે ગુરુદત્તનાં ઘણાં બધાં સાથી-સંગાથી અભિનેતાઓ સ્વજનો આજે હજુ હયાત છે ગુરુદત્તનું મૃત્યુપત્ર મળી શકે ? નંદલાલ મલીજા જે ફ્લેટમાં રહેતા, ગુરુદત્ત તેની નીચે જ રહેતા. ત્યાંથી કાંઈ મળી શકે ? ગુરુદત્તના જૂના રેકર્ડ જૂની ડાયરીઓ, ફિલ્મ-રીલ મળી શકે ? જેના વિશે ઘણું કામ થઈ શકે થવું જોઈએ તેવા મોટા ગજાના કલાકારના એક અત્યંત ટૂંકા જીવનને પણ ટીપ ઑફ ધ આઈસબર્ગ જેટલું જ જાણે આપણે જાણતા હોઈએ તેવું આ પુસ્તક વાંચ્યા પછી પણ લાગ્યા કરે છે

જ હશે તો કાવ્યથી થતા અનુભવમાં ભાષા તદ્દન તો કેમ કરીને ઓગળી શકે ? જો વાચક લેખકનો ગુલામ નથી તો સાહિત્યકારે શબ્દની પ્રતિબદ્ધતા પાળવા માટેની ટેકનિક પ્રત્યેક કૃતિએ શોધી લેવી રહી. આ પ્રકારની ચર્ચાઓમા લેખક 'સ્વસ્થ વિવેકથી' પ્રવર્તે છે તે તો કલ્પિત મૈત્રીવિવેચન માટેના દોષારોપણની સામેના પુણ્યપ્રકોપથી પામી જવાય (પૃ ૧૦)

લેખક વાચકપક્ષી સવિશેષ વરતાય એવી ખલુ શંકા અતિસ્નેહથી થાય છે ત્યારે કહેવું ઘટે, 'અનિષ્ટ પાસે' જો કે અનિષ્ટ તો અભિરુચિની વર્તમાન અવદશાનું દ્યોતક છે ગોવર્ધનરામની તુલનાએ મોહનલાલ ચુ. ધામી અને કાન્ત કરતાં મેઘાણી નબળા સર્જક હોવા છતા પ્રજાની માન્યતાનું પલ્લું ધામી મેઘાણી તરફ જ છેવટે નમે છે તે બાબતની સાક્ષી સાહિત્યનો ઇતિહાસ પૂરે છે એ વિધાન વાંચીને થાય કે સુરેશ જોષી, કિશોર જાદવ, લાભશંકર, સિતાંશુ પ્રત્યેની દિશાદૃષ્ટિ હજુ ઝાંખી વધુ છે

## સ્વાધ્યાયલોક ૬

શરીફા વીજળીવાળા

('ગુજરાતી સાહિત્ય ઉત્તરાર્ધ' નિરંજન ભગત, ગૂર્જર, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૭ પૃ ૨૬૦ કિં ૧૧૫ રૂ.)

અંગત પ્રશ્નોને કારણે મારી આ સમીક્ષા અન્ય કરતાં મોડી પ્રગટ થાય છે કાચો આલેખ થયા પછી અંતિમ નકલ ખાસ્સા સમય સુધી ન જ કરી શકી. આજે આ લખતી વખતે 'પરબ'ના અવલોકન વિશેષાંકમાં પ્રગટ થયેલા 'સ્વાધ્યાયલોક' વિશેના અન્ય લેખ વાંચીને બેઠી છું. મારે જે કહેવાનું હતું એમાંનું ઘણું બધું કહેવાઈ ચૂક્યું છે એ વાતથી સભાન હોવા છતાંય મારે ત્યારે જે કંઈ કહેવાનું હતું એ હું કહીશ જ

નિરંજન ભગત જેવા આજીવન અભ્યાસી, વિદ્વાનમાં વિવેચન માટેની મારી અપેક્ષા જરા વધુ પડતી જ ઊંચી હતી. એમને ત્રણેકવાર સાંભળવાનો લહાવો મળ્યો હોવાને પરિણામે બંધાયેલી છાપ પણ મારી ઊંચી અપેક્ષા માટે જવાબદાર પણ મારે નિખાલસતાથી કહેવું પડે કે મારી એ અપેક્ષા જરાક જ સંતોષાઈ 'સ્વાધ્યાયલોક ૬' થી. નિરંજન ભગતની જે વાગ્મિતા સાંભળતી વખતે જરાય નથી ખટકતી એ વાંચવામા બહુ આડી આવે છે 'ગુજરાતી સાહિત્ય ઉત્તરાર્ધ' એવું શીર્ષક વાંચી અહીં ગુજરાતી સાહિત્યના કોઈ ચોક્કસ ગાળા વિશે વાંચવા મળશે એવી ધારણા બાંધનાર નિરાશ થશે. પ્રસંગોપાત્ત લખાયેલા લેખ, અપાયેલા વક્તવ્યો, પ્રસ્તાવનાઓ, અંજલિઓ, આકાશવાણી પરના વાર્તાલાપો અને 'ચવન વધુ પ્યારો લાગ્યો' કે 'સભ્યતાનું મૂલ્ય' જેવા અંગત ચિંતનના લેખોને સમાવતા આ પુસ્તકનું શીર્ષક આવું શા માટે રાખ્યું હશે એવો પ્રશ્ન મારી જેમ કોઈ બીજાને પણ થઈ શકે આવું શીર્ષક રાખ્યા પછી અંદર સમાવાયેલ લેખો ઐતિહાસિક ક્રમે મુકાયા હોત તો વાચકને અમુક સમયગાળાનો આલેખ તો ચોક્કસ મળત પણ અહીં તો 'આઠમા દાયકાનું ગુજરાતી સાહિત્ય'ની વાત કર્યા પછી 'સત્તાવનનું સાહિત્ય' લેખ આવે છે એના પછી કવિતા

૧૯૪૬ ની વાત થઈ છે અને પછી ૧૯૫૦થી ૧૯૫૫ વચ્ચેના સાહિત્યની વાત કરતો લેખ મુકાયો છે આ દેખીતા અવળા ક્રમને તો ચોક્કસપણે સવળો કરી મૂકી શકાયો હોત. એવું કેમ નથી થયું એ આશ્ચર્ય અમુક પ્રસંગોએ અપાયેલાં વક્તવ્યો જ્યારે મુદ્રિત લખાણ રૂપે આવતા હોય ત્યારે એને મઠારવાં, પુનરાવર્તનો ટાળવાં આવશ્યક જ નહીં અનિવાર્ય બની રહે. એકાદ વર્ષના અંતરે લગભગ સરખા વિષય પર બોલવાનું થાય અને શ્રોતાવર્ગ જુદો હોય ત્યારે વક્તાને ઘણી બધી વાતો એની એ જ કહેવાની થાય એ સમજી શકાય એવી વાત છે પરંતુ આ પ્રવચનો મુદ્રિત થાય અને પુસ્તકમાં એક પછી એક છપાય ત્યારે એ પુનરાવર્તનોથી વાચક તો કંટાળે જ 'ઝવેરચંદ મેઘાણીની યાદમાં ! અને કુરબાનીની કથા' જેવા પ્રસંગોપાત અપાયેલાં વ્યાખ્યાનોમાંથી પુનરાવર્તનો ટાળી એક સઘન લેખ તૈયાર કરી શકાયો હોત. 'રાજેન્દ્ર શાહની કવિતા' અને 'ધ્વનિ' વિશેનો લેખ ઉત્તમ હોવા છતાંય આખા ને આખા ફકરાનાં પુનરાવર્તનો કઠે જ છે

પુસ્તકનો પ્રથમ લેખ છે 'ગુજરાતીમાં અર્વાચીન ઊર્મિકાવ્ય' આ લેખમા ઊર્મિકાવ્ય વિશે કંઈ સમજ સ્પષ્ટ થશે કે એ સ્વરૂપનો વિકાસ-આલેખ પ્રાપ્ત થશે એવી અપેક્ષા શીર્ષક જગાડે પણ અહીં એવું કંઈ નથી થતું. અભ્યાસપૂર્ણ સ્વાધ્યાય પછી લખાયેલ લેખ આવો ન હોય. સ્મૃતિના સહારે એકાદ-બે ઉદાહરણો નોંધી વાત સમેટી લીધી છે

'પ્રાગ્-સ્વાતંત્ર્ય ભારતમા કવિની ભૂમિકા' 'આધુનિકતાનો યુગ' અને 'આઠમા દાયકાનું ગુજરાતી સાહિત્ય' મૂળ અંગ્રેજીમાં લખાયેલ લેખના અનુવાદો છે સાહિત્ય અકાદમી, દિલ્હીના ઉપક્રમે 'પ્રાગ્-સ્વાતંત્ર્ય ભારતમાં ભારતીય કવિની ભૂમિકા' પર અપાયેલા વક્તવ્યમાં વિષયની માંડણી કરતાં પહેલાં કવિની ભૂમિકા રસપ્રદ રીતે સ્પષ્ટ કરી આપી છે 'આધુનિકતાનો યુગ' 'ધ ઇલેસ્ટ્રેટેડ વીકલી ઑફ ઇંડિયા'ના ગુજરાત પરના વિશેષાંક માટે લખાયેલો લેખ છે એ વાત લક્ષમાં રાખીએ તો ફરિયાદને અવકાશ નહીં રહે. અહીં નિરંજન ભગત જેવા વિવેચક પાસેથી મળવો જોઈએ એવો હિસાબ નથી મળ્યો પણ તોય એમના આવા એકાદ અવલોકન સાથે ઝટ સંમત થઈ જવાય છે 'ટૂંકી વાર્તા સંદર્ભે એમણે લખ્યું છે ... કળાના સંદર્ભમાં એ કવિતાથી ન્યૂન પુરવાર થાય છે એમાં કસબ કારીગરીનું સભાનતાપૂર્વક-કંઈક વધુ પડતી સભાનતાપૂર્વક-મહત્ત્વ કરવામાં આવ્યું છે એના પર અભિનિવેશપૂર્વક એકાગ્ર અને એકાંગી ધ્યાન કેંદ્રિત કરવામાં આવ્યું છે આધુનિક ટૂંકી વાર્તાનો સર્જક પોતાનાં કસબ કારીગરી પરના પ્રભુત્વનું જાણે કે પ્રદર્શન કરી રહ્યો ન હોય ! કસબ-કારીગરી એ જ કળા છે એવુ જાણે કે એ માનતો મનાવતો ન હોય !! (૨૧)

'આઠમા દાયકાનું ગુજરાતી સાહિત્ય' 'ધ ટાઇમ્સ ઑફ ઇંડિયા' અમદાવાદની દશાબ્દી પ્રસંગે ગુજરાત પરના વિશેષાંકમાં લખાયેલ અંગ્રેજી લેખનો અનુવાદ છે આગળના લેખની સરખામણીએ આ લેખ વધુ વ્યવસ્થિત, મુદ્દાસર લખાયો છે જો કે દર્શકની 'સૉક્રેટિસ'ને સરસ નવલકથા કહેતા નિરંજન ભગત એની વિગતે છણાવટ કરે છે પરંતુ રઘુવીર ચૌધરીની 'ઉપરવાસ કથાત્રયી'ને આઠમા દાયકાના ગુજરાતી સાહિત્યમાં સૌથી મોટી ઘટના (૨૯) લેખાવતા નિરંજન ભગત માત્ર આટલું વિધાન કરીને અટકી ગયા છે

'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતનું સાહિત્ય' લેખકની દૃષ્ટિએ ભલે મિતાક્ષરી સમીક્ષા હોય પણ આપણને

અહીં કિંમતી મૂલ્યાંકનો મળે છે આ લેખ એક અપેક્ષા જગાડે નિરંજન ભગત એમના અન્ય લેખોમાં પણ આવાં ધારદાર મૂલ્યાંકનો આટલા લાઘવથી આપી શક્યા હોત તો ! ’૫૭ના વિવેચન વિશે તેઓ લખે છે ‘દૈનિકો અને સામયિકોમાં અઢળક અવલોકનો પ્રગટ થયાં છે પણ એ જવલ્લે જ જવાબદાર કે પ્રમાણિક હોય. એક બાજુ નકલી-છાપાળવી વિવેચન લઢણ ઉપજાવવામાં આવી છે જ્યારે બીજી બાજુ મૂલ્યવાન માપદંડ જેવા શબ્દો સત્ય ‘સૌંદર્ય કળા આદિનો ફાવે તેમ બેફામ ઉપયોગ થયો છે’ (૩૭) (લાગે છે વર્ષોથી વિવેચન વિશે એકસરખી જ ફરિયાદ થતી આવી છે !) કવિતાની વાત કરતાં કહે છે ૩૦ અને ૪૦માં જેમણે કાવ્યપ્રદેશ સર કર્યો હતો એ કવિઓએ કોઈ મહત્ત્વનો વિકાસ સાધ્યો નથી. એમાંના કેટલાક હજુ પણ છંદશાસ્ત્રના નિયમોથી પોતે પરિચિત છે એવું પોતાને અને પોતાના વાચકોને સતત સ્મરણ કરાવે છે... (૩૮) આ લેખમાં સુંદરમ્ અને ઉશનસ્ સંદર્ભે રજૂ થયેલાં તારણો ભલે કડક લાગે પણ એ સાવ સાચાં છે

એકદમ જ હળવી શૈલીમાં સુરેશ દલાલસંપાદિત કવિતા ૧૯૫૬ નો હિસાબ આપતા તેઓ લખે છે અહીં જે કૃતિઓ છે એ પરથી કહી શકાય કે અત્યારે કયા કવિઓએ વનપ્રવેશ કર્યો છે કયા કવિઓને બેતાલાં આવ્યાં છે કયા કવિઓનો હાથ કાચો છે કે હજુ કેળવાયો નથી, કલમ પર બરાબર બેઠો નથી. એ પણ કહી શકાય કે પાકી વયના કવિઓ કાચી કવિતા કરે છે ને કાચી વયના કવિઓ પાકી કવિતા કરે છે (૪૧) અને પછી અહીં કવિતા કરતાં કવિતાનો આભાસ વિશેષ છે એવું કહ્યા પછી એમણે અહીં ‘શું શુ છે ની જે યાદી આપી છે એ કદાચ આપણાં મોટાભાગનાં કાવ્યસંપાદનોને લાગુ પાડી શકાય એમ છે વળી, પાછા એકદમ હળવા થઈ, આક્રોશ ખંખેરી નાખીને લખે છે ‘પુષ્કળ કવિતા માત્ર... એ બલવન્તરાયના કાવ્ય ‘ખૂશું મને કટેવ’માં જે વર્ણનો છે એના અનેક આબાદ નમૂના અહીં છે જાણે કે આટલે વર્ષે પણ કવિઓનું એ આહ્વાન ન હોય કે લખું મને કટેવ ! ટૂંકમાં અહીં કેટલીક નરસિંહ મીરાંના સમકાલીન ઉપકવિઓની અને કેટલીક દયારામના સમકાલીન ઉપકવિઓની કૃતિઓ છે અને સંચયનું નામ છે કવિતા ૧૯૫૬ (૪૨)

નિરંજન ભગતના વિવેચનમાં આવી હળવાશ અન્ય ઠેકાણે પણ જોવા મળે છે દા ત અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નાટક એની અનુપસ્થિતિ માટે પ્રસિદ્ધ છે (૨૧) ‘જ્યારે કોઈપણ સાહિ વાસ્તવવિમુખ થાય ત્યારે પહેલુ મોત નાટકનું થાય પણ સદ્‌ભાગ્યે ગુજરાતમાં ટક જન્મ્યું જ નથી (૫૧) ‘સાહિત્યના શિષ્ટ વિવેચનનું આ વર્ષે એની ગેરહાજરી રના જ સ્મરણ થાય છે (૩૭) જરાક ઈશારામાં ઘણુંબધું કહી દેતાં માર્મિક વિધાનો કરી લેવાની એમને સારી ફાવટ છે દા.ત. ‘શિવકુમાર જો સંવાદથી આગળ વધે તો સાચાં એકાંકી આપી શકે (૫૨) ચંદ્રવદન મહેતાની કવિતા વિશે વાત કરતા કહે છે યમલ નો અહીં ઉલ્લેખ થાય એ માટે કે એ ગુજરાતી ભાષાની પ્રથમ સોનેટમાળા છે એ જ એની એકમાત્ર પાત્રતા છે (૧૧૦)

મારે જ્યારે ‘અમાસના તારા ભણાવવાનું થયું ત્યારે મને એના પર ઓવારી જનારા માટે અનહદ આશ્ચર્ય થયું હતું. એકે વખાણ્યું એટલે સૌએ વખાણ્યુંના ન્યાયે એ પુસ્તકનાં

ખોટા થયાં છે બાકી ખરેખર ત્રણેક રેખાચિત્રને બાદ કરતાં એમાં કશું નથી – એવી મારી સ્પષ્ટ માન્યતા નિરંજન ભગતનાં આ તારણોથી દૃઢ બની. જિપ્સી ઉપનામથી માંડીને ઘણું બધું એમાં બોદું છે એની નોંધ કરતાં નિરંજન ભગત લખે છે કર્તાએ જિપ્સીનું તખલ્લુસ રાખતાં રાખી લીધું છે તો ભલે, પણ જો જિપ્સીઓને આ પુસ્તક વંચાવી શકાય તો આપણા જિપ્સીને તેઓ નાતબહાર મૂકે એવી એની અમીરી છે જિપ્સીના અંચળા હેઠળ એક રજવાડી ઠઠનો અમીર છુપાયો છે... અમાસના તારા જો જિપ્સી હોઈએ તો કેવું લખવું જોઈએ એવી એક આસ્થાની ખ્યાલાતનું પરિણામ છે... એની આડંબરી અને એકસૂરીલી શૈલી તથા અધિચિત માનવતા જિંદગી જેવા ફૂલગુલાબી શબ્દોનો નિરર્થક ઉપયોગ પાત્રો અને પ્રસંગોની વાસ્તવિકતાની પ્રતીતિ કરાવવામાં ધરાર નિષ્ફળ જાય છે આ શૈલી અત્યંત જોખમી છે છાપાળવી છે _ (૫૦)

મૂળ વિષય સાવ બાજૂ પર રહી જાય ને લેખક જે તે કવિ વિશે, કાવ્ય વિશે યાદ આવી ગયેલી વાત પર જઈ ચડે અને મૂળ વાત પર જ્યારે પાછા ફરે ત્યારે વાચક મૂળ લેખ સાથેનો તંતુ તોડી બેઠો હોય એવું નિરંજન ભગતના લેખમાં વારંવાર બને છે ક્યારેક આખો લેખ કવિતા વિષયક બનવાને બદલે અંગત સંસ્મરણોના ભાર તળે ચરિત્રલેખ બની જાય છે આનાં આદર્શ ઉદાહરણ છે પાઠક સાહેબની કવિતામાં વૈશ્વિકતા વાળો લેખ અને બળવંતરાય ઠાકોરના સાનેટ પરનો લેખ. આ બંને લેખ રસપ્રદ છે અહીં બે-ચાર ઉત્તમ મૂલ્યાંકનો જડી રહે પણ એને માટે વાચકમાં અખૂટ ધીરજ હોવી ઘટે

અહીં વક્તવ્યની શૈલીથી સંપૂર્ણપણે બચી ગયેલો લેખ છે રાધેશ્યામ શર્માની લઘુનવલ સ્વપ્નતીર્થ ની પ્રસ્તાવનારૂપ લખાયેલો સ્વપ્ન અને જાગૃતિની સાધ્યભૂમિ લેખ અને રાજેન્દ્ર શાહના કાવ્યસંગ્રહ ધ્વનિ વિશેનો લેખ. સ્વપ્નતીર્થ વિષયક લેખમાં કદાચ નિરંજન ભગતે પોતાની જાતને ન્યાય કર્યો છે એમની વિદ્વતા, અભ્યાસનિષ્ઠાનું પ્રમાણ આપે છે આ લેખ. ધ્વનિ ના નિરુદ્દેશે આયુષ્યના અવશેષે અને શેષ અભિસાર કાવ્ય વિશે માંડીને થયેલી વાત તથા ચૈતાબાઈની ભગ્ન સ્વપ્નની નાવ કવિતાનો રસાળ આસ્વાદ આવા વધુ આસ્વાદો લેખકની પાસેથી મળે એવી અપેક્ષા જગાડે.

પ્રિયકાન્તની પ્રયોગશીલ અને રામપ્રસાદ શુક્લની બુદ્ધિપુત ઊર્મિની કવિતાનાં અને આ બંને કવિની પ્રતિભાના વખાણ નિરંજન ભગત તટસ્થ-સ્વસ્થ બુદ્ધિથી કરે છે એનું પ્રમાણ આપશે ચન્દ્રવદનની કવિતા વાળો લેખ. ચન્દ્રવદન મહેતાના અમૃતમહોત્સવ પ્રસંગે એમની કવિતા વિશે નિરંજન ભગત આટલાં – તટસ્થ, સ્પષ્ટ (કડવા લાગે એવા) મૂલ્યાંકનો રજૂ કરી શક્યા છે એ જોઈને ખરેખર જ માન થાય. આવા પ્રસંગોએ લળીલળી જઈ વખાણ કરનારાઓએ ભગતસાહેબ પાસેથી બોધપાઠ લેવા જેવો ખરો.

બધી સામગ્રીથી વધુ સારી કેસૂડાં અને કવિતા કે ગૂર્જર વિદ્યાર્થિની જેવા સમસામયિક લેખો (લસરકા જ કહેવાય એવા લેખોનું પુસ્તકમાં સમાવવા જેટલું મહત્ત્વ મને તો નથી લાગતું.

સમગ્ર પુસ્તકમાં બે-ચાર લેખ અને પાંચ-સાત તારણો મૂલ્યવાન છે શૈલી પ્રાસાદિક છે એની જરાય ના નથી પણ નિરંજન ભગત જેવા અભ્યાસી પાસેથી જે પ્રકારના સ્વાધ્યાયની અપેક્ષા રાખી હોય એ અહીં નથી સંતોષાતી એ સ્પષ્ટપણે કહેવું જ રહ્યું

# એક રવીન્દ્ર ગીતના અનુવાદની ટહેલ

રવીન્દ્રનાથ ઠાકુરનાં ગેય અનુવાદ-ગીતો ગુજરાતને ઝવેરચંદ મેઘાણી, જુગતરામ દવે અને બીજા કવિઓ પાસેથી મળેલાં છે અને લોકહૈયે તથા લોકકંઠે એવાં ઘણાં હજી જળવાયેલાં છે. તેમાંથી કેટલાંક સુંદર ને લોકપ્રિય ગીતોની જોડા-જોડ મૂળ બંગાળી પાઠનો અંશ અને ગુરુદેવે પોતે કે બીજા કોઈએ કરેલા તેના અંગ્રેજી અનુવાદને ગોઠવવાનો પ્રયત્ન હમણાં કરતો હતો. જુગતરામભાઈના 'અમે હાથે તે કામ બધાં કીજીએ રે !' નું મૂળ બંગાળી શોધવા 'ગીત પંચશતી'નાં પાનાં ફેરવતાં ફેરવતાં બીજું પણ એક ગીત જડ્યું ને બહુ ગમી ગયું, એટલે આપણા વાચકો પાસે તે અહીં રજૂ કર્યું છે. 'ગીત પંચશતી'માંનો તેનો સીધોસાદો યથાનુવાદ પણ સાથે મૂક્યો છે.

છ દાયકાથી પણ લાંબા કાળ સુધી દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની સેવા કરનારા જુગતરામકાકા પોતાની કઠોર તપસ્યા વચ્ચેથી જેટલો અવકાશ મેળવી શક્યા હશે, તેટલાં કાવ્યો અને બીજું સાહિત્ય રચીને એ મૂકતા ગયા. આજે એ બેઠા હોત તો 'આમાદેર ભય કાહારે ?' (અમને ભય કોનો ?)નું ગુજરાતી ગીત પણ એમની પાસેથી માગવાનું મન થાત.

હવે તો એ વિનતી કરવી રહી, આપણને સુંદર બાળકાવ્યો પણ આપનારા મકરન્દ દવે, સુરેશ દલાલ, રાજેન્દ્ર શાહ અને રમેશ પારેખ જેવા અન્ય કવિઓને.

ફિટ્ઝજિરાલ્ડ જંક્શન,
૩૧-૩-૯૮

મહેન્દ્ર મેઘાણી

## આમાદેર ભય કાહારે ?

આમાદેર ભય કાહારે ?
બુડો બુડો ચોર ડાકાતે કી આમાદેર કરતે પારે !
આમાદેર રાસ્તા સોજા–
નાઈકો ગલિ, નાઈકો ઝુલિ, નાઈકો થલિ
ઓરા આર યા કાડે કાડુક
મોદેર પાગલામિ કેઉ કાડબે નારે ! આઠાય પડાય સમાન નાચિ,
આમરા ચાઈ ને આરામ ચાઈ ને વિરામ
ચાઈ ને યે ફલ, ચાઈ ને રે નામ –
મોરા ઓઠાય પડાય સમાન નાચિ,
સમાન ખેલિ જિતે હારે.

રવીન્દ્રનાથ ઠાકુર

## અમને ભય કોનો ?

અમને ભય કોનો ?
બુઢ્ઢા બુઢ્ઢા ચોર-લૂંટારા અમને શું કરી શકવાના છે !

અમારો રસ્તો સીધો છે –
ગલી નથી, અમારી પાસે નથી ઝોળી, નથી થેલી
એ લોકો બીજું ગમે તે લૂંટી લે, પણ
અમારું પાગલપણું કોઈ લૂંટી શકે એમ નથી !

અમારે આરામ નથી જોઈતો, વિરામ નથી જોઈતો.
નથી જોઈતું ફ્લ કે નથી જોઈતું નામ.
અમે ચડતી કે પડતીમાં સરળ રીતે નાચીએ છીએ.
હારમાં કે જીતમાં સરખી રીતે રમીએ છીએ.

[અનુવાદક નવીનદાસ પારેખ]

## 'ચર્ચાપત્રો' વિશે–

આદરણીય તંત્રીશ્રી પરબ

છેલ્લા ઘણા સમયથી પરબમાં પ્રકાશિત થતાં ચર્ચાપત્રોનું ધોરણ ઘણું બદલાયેલું જણાય છે તેથી, પરબ ના એક આજીવનસભ્ય, વાચક અને ચાહક તરીકે આપનું તે તરફ ધ્યાન દોર્યા સિવાય રહી શકતો નથી

આ ચર્ચાપત્રોમાં સાહિત્યના તાત્ત્વિક કે સમસામયિક મુદ્દાની ચર્ચા અતિ અલ્પ પ્રમાણમાં કે અપવાદ રૂપે જ અને સામસામે આક્ષેપોની ફેંકાફેંક આત્મકથનવૃત્તિ, તે નિમિત્તે આત્મપ્રશંસા, સ્થાપિત હેતુસર પર પ્રશંસા, વિશિષ્ટ ભાષાપ્રયોગોની આતશબાજી કટાક્ષવૃત્તિ અને ઉપહાસનું તત્ત્વ વગેરે વધુ પ્રવર્તતાં જોવા મળે છે

આ બધાં ઇતર તત્ત્વો શુદ્ધ સાહિત્યરુચિને પોષક-સંવર્ધક બનવાને બદલે અપરુચિકારક બની રહે છે આનાં દૃષ્ટાંતો છેલ્લાં એક-દોઢ વર્ષના પરબ ના અંકોમાંથી આપી શકાય પરંતુ અહીં કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓની ટીકા કરવાનો ઉપક્રમ છે જ નહીં તેથી તથા વિસ્તારભયે અને તેથી કદાચ વાતાવરણ વધુ કલુષિત પણ થાય તે ધ્યાનમાં રાખીને તેમ કરવું ઉચિત ગણ્યું નથી. પરંતુ તેવાં ચર્ચાપત્રો પરબ ની ઉમદા, સ્વચ્છ સુરુચિપૂર્ણ સામયિક તરીકેની Imageને પણ ઝાંખપ લગાડે છે એટલું ચોક્કસ.

અલબત્ત, અહીં કહેવાનો આશય એ નથી કે પરબમાં પ્રકાશિત થતી સામગ્રીમાંથી કે સાહિત્ય જગતના અન્ય પ્રવર્તમાન પ્રવાહોમાંથી ઉદ્ભવતા મુદ્દાઓ અંગેના મતભેદો કે તેની ચર્ચાને પરબ નાં પાનાં પર સ્થાન ન જ હોય બેશક ગુજરાતી ભાષાના એક મૂર્ધન્ય અને અધિકૃત સામયિક તરીકે તેનાં પાનાં પર તે હોય જ ! પરંતુ તેમાં ઉપર દર્શાવેલાં અપ્રસ્તુત તત્ત્વોને સ્થાને સાહિત્યના પ્રસ્તુત મુદ્દા અંગેના ચર્ચાપત્ર-લેખકના સ્પષ્ટ અભિપ્રાયો વિચારો ભલે વિરોધી, ચર્ચા જગાવનારા ! પણ તાર્કિક માંડણી સાથેના સંક્ષિપ્ત અને મુદ્દાસર હોય એ જ ઇષ્ટ અને આવકાર્ય ગણાય ! તો તે ગંભીર સાહિત્યચિંતન પ્રતિ આગળ પણ દોરી જાય ! બાકી, અન્ય લેખકો પ્રત્યેના કટાક્ષ-ઉપહાસથી, વિશિષ્ટ ભાષા પ્રયોગોથી આગવા શૈલીકાર તરીકે વ્યક્ત થવા માટે તો સાહિત્ય સર્જનનાં અન્ય ક્ષેત્રો છે જ ! ચર્ચાપત્રના જાહેર

મંચનો તે માટે ઉપયોગ ન થવો ઘટે. કારણ કે તે રીતે તો તે ચર્ચાપત્રલેખકને સસ્તી લોકપ્રિયતા અપાવનારું માધ્યમ જ બની જાય !

મારા વિનમ્ર મતે સાહિત્યતત્ત્વને વધુ સમજવામાં, તેની વિચારણાને વધુ વિકસાવવામાં ઉપકારક બને, તેની આબોહવાને શુદ્ધબુદ્ધિયુક્ત રાખી વધુ તંદુરસ્ત વિચાર પ્રેરક બનાવે તેમાં જ ચર્ચાપત્રની સાર્થકતા ગણાય. અગાઉ ભાયાણી સાહેબ, નગીનદાસ પારેખ, જયંતભાઈ કોઠારી અને અન્ય અનેક વિદ્વાનોએ ચર્ચાપત્રો દ્વારા પણ આ રીતે સાહિત્ય અંગેના અનેક નવા મુદ્દાઓ ઊભા કરી, તે વિશે ગંભીર વિચારણાઓ રજૂ કરી જ છે એ આદર્શરૂપ અને માર્ગદર્શક પરિપાટીને અનુસરવામાં જ અત્યારે પણ સાહિત્ય-સામયિકોનું અને સાહિત્યરસિકોનુ શ્રેય છે એમ કહેવું જ મને તો યોગ્ય લાગે છે અસ્તુ !

દુર્ગેશ ન. ભટ્ટ

# સાહિત્યવૃત્ત

## 'સન્નિધાન'નો પાંચમો અધ્યાપન સજ્જતા શિબિર

જિતેન્દ્ર મેકવાન

સ્વ. અમિત કિશોરભાઈ શાહ સ્મૃતિવ્યાખ્યાનમાળાના ઉપક્રમે સન્નિધાનનો પાંચમો અધ્યાપન-સજ્જતા શિબિર તા. ૪ ૫ એપ્રિલ, ૯૮ના રોજ શારદાગ્રામ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ માંગરોળ ખાતે યોજાઈ ગયો. સન્નિધાન એ મૂળે સુમન શાહનાં પ્રેરણા અને પ્રયોજનથી ૧૯૯૧માં શરૂ થયેલી એક અનૌપચારિક સંસ્થા છે 'સાહિત્ય અધ્યયન-અધ્યાપનનું નવ્ય કેંદ્ર એવી આ સંસ્થાએ અત્યાર સુધીમાં વિદ્યાર્થીઓ માટેના કુલ દસ કાર્યશિબિરો અને તદનુસારી દસ પુસ્તકોનું પ્રકાશન કર્યું છે જેમાં ગુજરાતની લગભગ દરેક યુનિવર્સિટીના બી.એ./એમ.એ.ના ગુજરાતીના અભ્યાસક્રમમાંથી અનેક કૃતિઓ સાહિત્ય-સ્વરૂપો અને સિદ્ધાંતચર્ચાના મુદ્દાઓને આવરી લેવાયા છે આ ઉપરાંત સન્નિધાને કાવ્યશાસ્ત્ર, પાશ્ચાત્ય સાહિત્યમીમાંસા, ગુજરાતી સાહિત્ય વિવેચના વગેરેને અનુષંગે પાંચ અધ્યાપન-સજ્જતા શિબિરો પણ યોજેલા છે સન્નિધાનના આ પાંચમા અધ્યાપન-સજ્જતા શિબિરનો વિષય હતો 'ભાષાવિજ્ઞાન તેમજ નવલકથા કેટલાક પાયાના વિભાવો/સંકેતો. આ વિષયને અનુલક્ષીને ૪૫ મિનિટનું એક એવાં ૧૨ વ્યાખ્યાનો અને પૂરક ચર્ચા વડે આ શિબિર સંપન્ન હતી.

શિબિરની ઉદ્‌ઘાટન બેઠકમાં સુમન શાહે સન્નિધાનનો પરિચય આપતા, આજે કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં ગુજરાતી સાહિત્યનું જે અધ્યાપન થાય છે તેની મર્યાદાઓ તરફ આંગળી ચીંધી હતી. મૂળ કૃતિની ગેરહાજરીમાં જ અધ્યાપકો તેના વિશે વાત કરે છે અને વિદ્યાર્થીઓ તૈયાર નોંધો ઉતારી લે છે તે અંગે એમણે ચિંતા વ્યક્ત કરી. આ પરિસ્થિતિ દૂર કરવા અને અધ્યાપક તથા વિદ્યાર્થીઓને સજ્જ કરવા સન્નિધાન પ્રયત્નશીલ છે એમ તેમણે જણાવ્યું. આ શિબિરના ઉદ્‌ઘાટક તરીકે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ગોવિંદભાઈ

રાવલ ઉપસ્થિત રહ્યા હતા. એમણે ઉદ્દઘાટન વક્તવ્યમાં સાહિત્યનો સમૃદ્ધ વારસો ધરાવતી ગુજરાતી ભાષાને મહત્ત્વનું સ્થાન ગુજરાતીના અધ્યાપકો જ અપાવી શકશે એ વાત પર ભાર મૂક્યો. વિજ્ઞાન અને ટૅકનોલૉજીના આ યુગમાં સમૂહ માધ્યમોએ અધ્યાપકો સામે એક પડકાર ઊભો કર્યો છે પણ અધ્યાપકે વિદ્યાર્થી પ્રત્યે પ્રેમ અને નિષ્ઠા દર્શાવીને પોતાનું આગવું સ્થાન જાળવી રાખવાનું છે તથા સમૂહ માધ્યમોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીને જ્ઞાનના સાગરમાં તરતો કરવાનું બ્રહ્મકર્મ ઋષિકર્મ આપણે કરવાનું છે એ વાત પર એમણે ભાર મૂક્યો.

શિબિરની પહેલી બેઠકના આરંભે સુમન શાહે 'ભાષા  સ્વરૂપ, કાર્ય અને પદ્ધતિ વિષય પર મુદ્દાસર વ્યાખ્યાન આપ્યું. એમણે ભાષાના સ્વરૂપ અંગેના પાંચ મુદ્દા (તે નિયમોથી આબદ્ધ એક તંત્ર છે  તે તત્ત્વત. પ્રતીકાત્મક છે  તે તંત્ર ભેદમૂલક છે  તે તંત્ર છે માટે સહજ છે અને તે તંત્ર છે પણ સંરચનાશીલ છે) તારવીને તેની વિશદ ચર્ચા કરી. ભાષાના કાર્ય અંગે પણ ચાર મુદ્દા (અભિવ્યક્તિ અર્થે, સંક્રમણ અર્થે 'અર્થ  સર્જન માટે તથા જ્ઞાન, માહિતી, કલા વગેરે કશીપણ માનવીય સિદ્ધિના ચિરકાલીન સંચય માટે) દર્શાવીને ભાષાનું કાર્ય સ્પષ્ટ કરી આપ્યું. પહેલી બેઠકનું બીજું વ્યાખ્યાન 'ગુજરાતીના નામિક અને આખ્યાતિક રૂપતંત્ર વિશે પ્રભાશંકર તેરૈયાએ આપ્યું. એમના વ્યાખ્યાનમાં અભ્યાસના મુદ્દાની ચર્ચા કરતાં હાસ્ય કટાક્ષયુક્ત ઉદાહરણોથી શ્રોતાઓ વધુ આકર્ષાયા. જો કે એમના લેખમાં ભાષાનું નામિક અને આખ્યાતિક રૂપતંત્ર વ્યવસ્થાની દૃષ્ટિએ ભાષામાં કયું સ્થાન ધરાવે છે અને તેની કામગીરી શી છે તે સદૃષ્ટાંત દર્શાવેલ છે

બીજી બેઠકના આરંભનાં ત્રણ વ્યાખ્યાન નવલકથા અંગે હતાં. એમાં મણિલાલ હ. પટેલે 'પરંપરાગત ગુજરાતી નવલકથાની વિકાસરેખા  તેના કલાસ્વરૂપની લાક્ષણિકતાઓ અને કેટલીક કલાકીય મર્યાદાઓ સમેત દર્શાવી. એમણે આપણી નવલકથાની ગતિવિધિ નવલકથાઓને જુદા જુદા પ્રકારોમાં વર્ગીકૃત કરીને દર્શાવી. નવલકથાનાં વસ્તુ અને અભિવ્યક્તિને આધારે એમણે સામાજિક  ઐતિહાસિક  આદર્શવાદી-ભાવનાવાદી, પ્રાદેશિક જાનપદી, વિચારપ્રધાન, મનોવૈજ્ઞાનિક અને છેલ્લે વાસ્તવલક્ષી તથા આધુનિક નવલકથા – એટલા પ્રકારો દર્શાવ્યા. આ રીતે એમણે ટૂંકાણમાં છતાં યોગ્ય રીતે વિષયને ન્યાય આપ્યો. ત્યારબાદ 'આધુનિક ગુજરાતી નવલકથાની વિકાસરેખા  પારુલ રાઠોડે દર્શાવી આપી. એમણે ગુજરાતી નવલકથામાં આધુનિક વલણોના આવિષ્કારની પાર્શ્વભૂમિકા વિશે વિગતે વાત કરી. વ્યાખ્યાનના ઉત્તરાર્ધમાં એમણે ગુજરાતી આધુનિક નવલકથાને ત્રણ તબક્કામાં વિભાજિત કરી તેનો વિકાસક્રમ દર્શાવ્યો. આધુનિકતાના પ્રભાવથી મુક્ત થઈને આજે આપણે જ્યારે આ કૃતિઓને તપાસીએ છીએ ત્યારે તેની મર્યાદાઓ કેવી નજરે ચઢે છે તે તટસ્થ રીતે દર્શાવ્યું નવલકથા અંગેનું ત્રીજું વ્યાખ્યાન સતીશ વ્યાસે ફિયોદોર દોસ્તોએવ્સ્કીકૃત નવલકથા  ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ  વિશે આપ્યું. આ રચનામાં મૂળ કથા તો નાનકડી જ છે પણ એ નિમિત્તે લેખકે વસ્તુપ્રપંચ, ચરિત્રનિરૂપણ, કથનકલા અને ભાષાસંરચનાનું જે સંયોજન કર્યું છે તેની એમણે ઉદાહરણસહિત સરસ ચર્ચા કરી. વસ્તુ સામાન્ય હોવા છતાં એક સમર્થ સર્જક તેને કેવું કલાસ્વરૂપ બક્ષે છે અને નવલકથા કલાકૃતિ બનવા માટે કેવી અપેક્ષાઓ રાખે છે એ ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ ના આધારે એમણે સુપેરે દર્શાવ્યું.

બીજી બેઠકનું છેલ્લું વ્યાખ્યાન પી.જે પટેલે 'ગુજરાતી ભાષા સ્વરૂપ અને તેની લાક્ષણિકતાઓ' વિશે આપ્યું એમણે ગુજરાતી ભાષાના સ્વરો, અર્ધસ્વરો, વ્યંજનો, જકૂશ્રુ, સૂર/ભાર વગેરેથી માંડીને ગુજરાતીની વ્યાકરણગત લિંગવ્યવસ્થા, વચનવ્યવસ્થા, વિભક્તિના પ્રત્યયો, વાક્યનો પદક્રમ વગેરે અંગે ઝીણવટભરી ચર્ચા કરી ગુજરાતી ભાષાનું સ્વરૂપ ટૂંકમાં પણ વ્યવસ્થિત રીતે સમજાવ્યું.

૫ એપ્રિલે સવારે ત્રીજી બેઠકનો આરંભ બળવંત જાનીના વ્યાખ્યાનથી થયો. એમણે 'સંસ્કૃતથી ગુજરાતી સુધીનાં મુખ્ય ધ્વનિ પરિવર્તનો' વિશે વાત કરી. એમણે ભારતીય આર્યભાષાના ત્રણ વિભાગ – પ્રાચીન ભારતીય આર્ય, મધ્યમ ભા.આ. અને નવ્ય ભા.આ. –નાં તબક્કાવાર ધ્વનિપરિવર્તનોની સદૃષ્ટાંત માહિતી આપી. બીજુ વ્યાખ્યાન અરવિંદ ભાંડારીએ 'ધ્વનિશાસ્ત્ર અને ગુજરાતી ધ્વનિવ્યવસ્થા' વિશે આપ્યુ ઉચ્ચારણપ્રક્રિયા દ્વારા વિવિધ ધ્વનિઓનું નિર્માણ કેવી રીતે થાય છે તેવી પાયાની વિગતો એમણે ખૂબ રસપ્રદ રીતે આપી. ગુજરાતી ભાષાના ધ્વનિતંત્રના સંદર્ભે ઘોષ-અઘોષ, અલ્પપ્રાણ મહાપ્રાણ, સ્વરોમાં ભેદકત્વ, અનુનાસિક્ય અને નાસિક્ય વગેરે ઉચ્ચારણ અંગેના મુદ્દાઓની શાસ્ત્રીય ચર્ચા ખૂબ વિશદતાથી છતા જરાય કંટાળાજનક ન બને તે રીતે કરી. સરળ, સ્પષ્ટ મુદ્દાઓ અને ઉચિત ઉદાહરણોથી તેની પુષ્ટિ એ તેમના વ્યાખ્યાનની વિશેષતા હતી.

ચોથી બેઠકનું પહેલું વ્યાખ્યાન ટાગોરકૃત નવલકથા 'ઘરે બાહિરે' વિશે જયેશ ભોગાયતાનું હતું. એમણે એમનું વક્તવ્ય બે મુદ્દાઓમાં વિભાજિત કર્યું હતું. પહેલો મુદ્દો રવીન્દ્રનાથના જીવનચિંતન/સંસ્કૃતિ-ચિંતન તથા કલાચિંતન અંગે હતો. એમાં રવીન્દ્રનાથના સાહિત્યના આધારે એમનું જીવનદર્શન સ્પષ્ટ કરી આપ્યું. બીજો મુદ્દો કૃતિના રચના સંવિધાનનો હતો. તેમાં મુખ્યત્વે કૃતિમાં કથનકેંદ્ર વસ્તુસંકલના તથા પાત્રનિરૂપણને કેંદ્રમા રાખીને કૃતિનું સંરચનાત્મક સૌંદર્ય દર્શાવવાનો ઉપક્રમ હતો. ત્યારબાદ જયંત પારેખે માર્ક્વેસકૃત નવલકથા 'વન હન્ડ્રેડ યર્સ ઓફ સોલિટ્યુડ' વિશે વ્યાખ્યાન આપ્યુ. એમણે માર્ક્વેસે પોતાને વિશે જે કંઈ કહ્યુ છે તે અને તેના જીવનની કેટલીક પૂરક વિગતો આપીને કૃતિને તપાસવાની કેટલીક મહત્ત્વની કડીઓ મેળવી આપી. નવલકથાના જુદા જુદા પ્રસંગો અને સંવાદોમાંથી ઉદાહરણ ટાંકીને માર્ક્વેસની નવલકથાકળાનો સુંદર આસ્વાદ કરાવ્યો. સાથે સાથે આવી મહાન કૃતિમાં અને અન્ય પ્રયોગલક્ષી રચનાઓમાં નવલકથાના સ્વરૂપનું પરિમાણ કેવું વિકસતુ હોય છે એ પણ દર્શાવ્યું.

શિબિરનુ અંતિમ વ્યાખ્યાન 'નવલકથાનું સાહિત્ય સ્વરૂપ કેટલીક લાક્ષણિકતાઓ' અગે સુમન શાહે આપ્યું. એમણે નવલકથાના જુદાં જુદાં ઘટકતત્ત્વોને ઈસ્થેટિકની ભૂમિકાએથી તપાસીને તેનાં કેટલાક નવાં પરિમાણો દર્શાવી આપ્યા. આગળના વ્યાખ્યાનોમા થયેલી કેટલીક વિશિષ્ટ કૃતિઓની સમીક્ષા પછી નવલકથાના સ્વરૂપ અંગે કરવામાં આવેલી આ વિચારણાએ સાહિત્યપ્રકાર લેખે નવલકથાની એક આગવી ઓળખ ઊભી કરવામાં મદદ કરી.

આ શિબિરમાં દરેક બેઠક પછી વક્તા અને શ્રોતાઓ વચ્ચે પ્રશ્નોત્તરી અને પૂરક ચર્ચા ન તે માટેનો સમય આપવામાં આવ્યો હતો. પરંતુ સન્નિધાનના વિદ્યાર્થીઓ માટેના શિબિરમાં ાર્થીઓ જે રીતે પ્રશ્નો પૂછીને ચર્ચાને જીવંત બનાવે છે એવું અહીં ખાસ ન થયું કેટલીકવાર

તો ચર્ચા માત્ર વિદ્વાન વક્તાઓ પૂરતી જ રહી.

શિબિરના અંતિમ ચરણમાં કેટલાક શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા. એમાં માત્ર ભાષાવિજ્ઞાનને અંગે જ એક આખો શિબિર યોજવામાં આવે એવાં બે-ત્રણ સૂચનો આવ્યાં. અંતે બળવંત જાનીએ આભારદર્શન કરીને શિબિરનું સમાપન કર્યું દરેક શિબિરાર્થીને મોટાભાગનાં વ્યાખ્યાનોની કે તેની રૂપરેખાની ઝેરોક્ષ નકલો સાથેની ફાઈલ મળી તે એમના માટે ઉપકારક બન્યું.

શારદાગ્રામના શાંત, રમણીય અને પ્રાકૃતિક પરિસરમાં શિબિરાર્થીઓએ બે દિવસ સરસ રીતે પસાર કર્યા. યજમાન સંસ્થાએ ભોજન-નિવાસની વ્યવસ્થા ખૂબ જહેમતપૂર્વક કરી હતી. પ્રા. રમેશ મહેતા અને તેમના સહકાર્યકર્તાઓ તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી શિબિરાર્થીઓની આગતા-સ્વાગતા કરી અને શિબિરને સફળ રીતે પાર પાડ્યો તે માટે તેઓ ખરેખર અભિનંદનને પાત્ર છે

# અકાદમી પારિતોષિક સમારોહ

તરુણપ્રભસૂરિ

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ૧૯૯૬ સુધીનાં, ગુજરાતી ભાષાનાં શ્રેષ્ઠ પુસ્તકોને અપાતાં પારિતોષિકોનાં પ્રમાણપત્રો તથા પારિતોષિક-રાશિનાં ચેક પારિતોષિક વિજેતા સર્જકોને ટપાલ દ્વારા મોકલી આપવામાં આવતા હતા. ૧૯૯૭નાં પારિતોષિકો એમ ન મોકલાતાં ગુજરાત રાજ્યના સ્થાપના દિન પહેલી મેને અનુલક્ષીને તા. ૧ ૫ ૯૮ શુક્રવારની સાંજના ૭ વાગ્યે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં વિધિવત્ મહોત્સવપૂર્વક અકાદમી અધ્યક્ષશ્રી મનુભાઈ પંચોલી 'દર્શક'ના હાથે અપાયાં તેનો આનંદ માત્ર પુરસ્કૃત સર્જકોના ચહેરે જ નહીં ઉપસ્થિત સૌ સાહિત્યરસિકોની આંખમાં પણ છલકાતો હતો. વાસી તિથિ જ્યોતિષીએ જ નહીં, આપણે ય શું કામ વાંચવી ? એ ન્યાયે આ આરંભને આવકારીએ.

કાર્યક્રમનો આરંભ કુમારી રુચિરા ભ. ભટ્ટના કંઠે ગવાયેલા 'ગૂર્જરીનાં ગૃહકુંજે અમારું જીવન ગુંજે ગુંજે' એ સુન્દરમ્‌રચિત ગૂર્જરી ગીતથી ઉચિત રીતે થયો હતો. કોઈ પણ ભજન મંગલગાનની રજૂઆત પૂર્વે તેનું સસ્વર પઠન થાય તો શ્રોતાઓ ગવાતાં ગીત-ભજન સાથે વિશેષ નિસબત અનુભવે છે એ તથ્ય કાર્યક્રમ સંચાલક હર્ષદ ત્રિવેદીએ કાવ્યરચનાનું સસ્વર પઠન કર્યું એનાથી છતું થયું.

પ્રવૃત્તિ પ્રાસંગિક વક્તવ્ય આપતી વેળા અકાદમી મહામાત્ર ડંકેશ ઓઝાએ આ પ્રકારે પારિતોષિક દર વર્ષે અપાતાં રહેશે તેમ જણાવી કાર્યક્રમ વધુ ને વધુ રોચક તેમ જ ઉપયોગી નીવડે એ માટેનાં સલાહ-સૂચનની અપેક્ષા પ્રગટ કરી હતી. અકાદમીની ભાવિ કાર્યયોજના અંગે વાત કરતાં એમણે કહ્યું કે અકાદમી મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ ગ્રંથો કે જ આજે ઉપલબ્ધ નથી તેના પુનર્મુદ્રણની વ્યવસ્થા વિચારે છે એક અત્યંત ઉપયોગી તેમ જ સવેળા સૂઝેલું

બીજી બેઠકનું છેલ્લું વ્યાખ્યાન પી.જે. પટેલે 'ગુજરાતી ભાષા : સ્વરૂપ અને તેની લાક્ષણિકતાઓ' વિશે આપ્યું. એમણે ગુજરાતી ભાષાના સ્વરો, અર્ધસ્વરો, વ્યંજનો, જક્ષર, સૂર/ભાર વગેરેથી માંડીને ગુજરાતીની વ્યાકરણગત લિંગવ્યવસ્થા, વચન-વ્યવસ્થા, વિભક્તિના પ્રત્યયો, વાક્યનો પદક્રમ વગેરે અંગે ઝીણવટભરી ચર્ચા કરી ગુજરાતી ભાષાનું સ્વરૂપ ટૂંકમાં પણ વ્યવસ્થિત રીતે સમજાવ્યું. 1

૫ એપ્રિલે સવારે ત્રીજી બેઠકનો આરંભ બળવંત જાનીના વ્યાખ્યાનથી થયો. એમણે 'સંસ્કૃતથી ગુજરાતી સુધીનાં મુખ્ય ધ્વનિ પરિવર્તનો' વિશે વાત કરી. એમણે ભારતીય આર્યભાષાના ત્રણ વિભાગ – પ્રાચીન ભારતીય આર્ય, મધ્યમ ભા.આ. અને નવ્ય ભા.આ. –નાં તબક્કાવાર ધ્વનિપરિવર્તનોની સદૃષ્ટાંત માહિતી આપી. બીજું વ્યાખ્યાન અરવિંદ ભાંડારીએ 'ધ્વનિશાસ્ત્ર અને ગુજરાતી ધ્વનિવ્યવસ્થા' વિશે આપ્યું. ઉચ્ચારણપ્રક્રિયા દ્વારા વિવિધ ધ્વનિઓનું નિર્માણ કેવી રીતે થાય છે તેની પાયાની વિગતો એમણે ખૂબ રસપ્રદ રીતે આપી. ગુજરાતી ભાષાના ધ્વનિતંત્રના સંદર્ભે ઘોષ-અઘોષ, અલ્પપ્રાણ-મહાપ્રાણ, સ્વરોમાં ભેદકત્વ, અનુનાસિક્ય અને નાસિક્ય વગેરે ઉચ્ચારણ અંગેના મુદ્દાઓની શાસ્ત્રીય ચર્ચા ખૂબ વિશદતાથી છતાં જરાય કંટાળાજનક ન બને તે રીતે કરી. સરળ, સ્પષ્ટ મુદ્દાઓ અને ઉચિત ઉદાહરણોથી તેની પુષ્ટિ એ તેમના વ્યાખ્યાનની વિશેષતા હતી.

ચોથી બેઠકનું પહેલું વ્યાખ્યાન ટાગોરકૃત નવલકથા 'ઘરે બાહિરે' વિશે જયેશ ભોગાયતાનું હતું. એમણે એમનું વક્તવ્ય બે મુદ્દાઓમાં વિભાજિત કર્યું હતું. પહેલો મુદ્દો રવીન્દ્રનાથના જીવનચિંતન/સંસ્કૃતિ-ચિંતન તથા કલાચિંતન અંગે હતો. એમાં રવીન્દ્રનાથના સાહિત્યના આધારે એમનું જીવનદર્શન સ્પષ્ટ કરી આપ્યું. બીજો મુદ્દો કૃતિના રચના સંવિધાનનો હતો. તેમાં મુખ્યત્વે કૃતિમાં કથનકેંદ્ર વસ્તુસંકલના તથા પાત્રનિરૂપણને કેંદ્રમાં રાખીને કૃતિનું સંરચનાત્મક સૌંદર્ય દર્શાવવાનો ઉપક્રમ હતો. ત્યારબાદ જયંત પારેખે માર્ક્વેસકૃત નવલકથા 'વન હન્ડ્રેડ યર્સ આફ સોલિટ્યુડ' વિશે વ્યાખ્યાન આપ્યું. એમણે માર્ક્વેસે પોતાને વિશે જે કંઈ કહ્યું છે તે અને તેના જીવનની કેટલીક પૂરક વિગતો આપીને કૃતિને તપાસવાની કેટલીક મહત્ત્વની કડીઓ મેળવી આપી. નવલકથાનાં જુદા જુદા પ્રસંગો અને સંવાદોમાંથી ઉદાહરણ ટાંકીને માર્ક્વેસની નવલકથાકળાનો સુંદર આસ્વાદ કરાવ્યો. સાથે સાથે આવી મહાન કૃતિમાં અને અન્ય પ્રયોગલક્ષી રચનાઓમાં નવલકથાના સ્વરૂપનું પરિમાણ કેવું વિકસતું હોય છે એ પણ દર્શાવ્યું.

શિબિરનું અંતિમ વ્યાખ્યાન 'નવલકથાનું સાહિત્ય સ્વરૂપ : કેટલીક લાક્ષણિકતાઓ' અંગે સુમન શાહે આપ્યું. એમણે નવલકથાના જુદાં જુદાં ઘટકતત્ત્વોને ઈસ્થેટિકની ભૂમિકાએથી તપાસીને તેનાં કેટલાંક નવાં પરિમાણો દર્શાવી આપ્યાં. આગળના વ્યાખ્યાનોમાં થયેલી કેટલીક વિશિષ્ટ કૃતિઓની સમીક્ષા પછી નવલકથાના સ્વરૂપ અંગે કરવામાં આવેલી આ વિચારણાએ સાહિત્યપ્રકાર લેખે નવલકથાની એક આગવી ઓળખ ઊભી કરવામાં મદદ કરી.

આ શિબિરમા દરેક બેઠક પછી વક્તા અને શ્રોતાઓ વચ્ચે પ્રશ્નોત્તરી અને પૂરક ચર્ચા થાય તે માટેનો સમય આપવામા આવ્યો હતો. પરંતુ સંનિધાનના વિદ્યાર્થીઓ માટેના શિબિરમાં વિદ્યાર્થીઓ જે રીતે પ્રશ્નો પૂછીને ચર્ચાને જીવંત બનાવે છે એવું અહીં ખાસ ન થયું. કેટલીકવાર

તો ચર્ચા માત્ર વિદ્વાન વક્તાઓ પૂરતી જ રહી.

શિબિરના અંતિમ ચરણમાં કેટલાક શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા. એમાં માત્ર ભાષાવિજ્ઞાનને અંગે જ એક આખો શિબિર યોજવામાં આવે એવાં બે-ત્રણ સૂચનો આવ્યાં. અંતે બળવંત જાનીએ આભારદર્શન કરીને શિબિરનું સમાપન કર્યું. દરેક શિબિરાર્થીને મોટાભાગનાં વ્યાખ્યાનોની કે તેની રૂપરેખાની ઝેરોક્ષ નકલો સાથેની ફાઈલ મળી તે એમના માટે ઉપકારક બન્યું.

શારદાગ્રામના શાંત, રમણીય અને પ્રાકૃતિક પરિસરમાં શિબિરાર્થીઓએ બે દિવસ સરસ રીતે પસાર કર્યા. યજમાન સંસ્થાએ ભોજન-નિવાસની વ્યવસ્થા ખૂબ જહેમતપૂર્વક કરી હતી. પ્રા. રમેશ મહેતા અને તેમના સહકાર્યકર્તાઓ તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી શિબિરાર્થીઓની આગતા-સ્વાગતા કરી અને શિબિરને સફળ રીતે પાર પાડ્યો તે માટે તેઓ ખરેખર અભિનંદનને પાત્ર છે

## અકાદમી પારિતોષિક સમારોહ

તરુણપ્રભસૂરિ

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ૧૯૯૬ સુધીનાં, ગુજરાતી ભાષાનાં શ્રેષ્ઠ પુસ્તકોને અપાતા પારિતોષિકોનાં પ્રમાણપત્રો તથા પારિતોષિક રાશિનાં ચેક પારિતોષિક વિજેતા સર્જકોને ટપાલ દ્વારા મોકલી આપવામાં આવતાં હતાં. ૧૯૯૭નાં પારિતોષિકો એમ ન મોકલાતા ગુજરાત રાજ્યના સ્થાપના દિન પહેલી મેને અનુલક્ષીને તા. ૧ ૫ ૯૮ શુક્રવારની સાંજના છ વાગ્યે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં વિધિવત્ મહોત્સવપૂર્વક અકાદમી અધ્યક્ષશ્રી મનુભાઈ પંચોલી દર્શક ના હાથે અપાયાં તેનો આનંદ માત્ર પુરસ્કૃત સર્જકોના ચહેરે જ નહીં ઉપસ્થિત સૌ સાહિત્યરસિકોની આંખમાં પણ છલકાતો હતો. વાસી તિથિ જ્યોતિષીએ જ નહીં, આપણે ય શું કામ વાંચવી ? એ ન્યાયે આ આરંભને આવકારીએ.

કાર્યક્રમનો આરંભ કુમારી રુચિરા ભ. ભટ્ટના કંઠે ગવાયેલા 'ગૂર્જરીનાં ગૃહકુંજે અમારું જીવન ગુંજે ગુંજે ! એ સુન્દરમ્‌રચિત ગૂર્જરી ગીતથી ઉચિત રીતે થયો હતો. કોઈ પણ ભજન મંગલગાનની રજૂઆત પૂર્વે તેનું સસ્વર પઠન થાય તો શ્રોતાઓ ગવાતાં ગીત-ભજન સાથે વિશેષ નિસબત અનુભવે છે એ તથ્ય કાર્યક્રમ સંચાલક હર્ષદ ત્રિવેદીએ કાવ્યરચનાનું સસ્વર પઠન કર્યું એનાથી છતું થયું.

પ્રવૃત્તિ-પ્રાસંગિક વક્તવ્ય આપતી વેળા અકાદમી-મહામાત્ર ડંકેશ ઓઝાએ આ પ્રકારે પારિતોષિક હર વર્ષે અપાતાં રહેશે તેમ જણાવી કાર્યક્રમ વધુ ને વધુ રોચક તેમ જ ઉપયોગી નીવડે એ માટેનાં સલાહ-સૂચનની અપેક્ષા પ્રગટ કરી હતી. અકાદમીની ભાવિ કાર્યયોજના અંગે વાત કરતાં એમણે કહ્યું કે અકાદમી મહત્ત્વપૂર્ણ પ્રશિષ્ટ ગ્રંથો કે જે આજે ઉપલબ્ધ નથી તેના પુનર્મુદ્રણની વ્યવસ્થા વિચારે છે એક અત્યંત ઉપયોગી તેમ જ સવેળા સૂઝેલુ

છેલ્લી વાત ગુ.સા.પરિષદનું રા.વિ. પાઠક સભાગૃહ બીજી કોઈપણ ઋતુમાં ભલે ખપ લાગતું હશે પણ ધોમધખતા ઉનાળે તો એ નરી ભઠ્ઠી જ અનુભવાય છે હાજર હતાં એ સૌનાં વસ્ત્રો પરસેવાથી ભીના ભીનાં હતાં. વાત સાચી ન લાગે તો અકાદમીએ ઊતરાવેલી વિડિયો કેસેટ જોવા વિનંતી છે એ કામ કરનાર કલાકાર પણ વૈરાગી ભર્તૃહરિનો શિષ્ય જ હતો બે વાર કહેવા છતાં એમણે એમના કેમેરાનાં સ્થાન-ઍંગલ ન બદલ્યાં તે ન જ બદલ્યાં અને કેમેરા સતત પીઠ ધરીને ઊભેલા સર્જકને ઝીલતો રહ્યો ! અલબત્ત, અંતે તો આનંદ આ નવપ્રયાણનો જ હતો સૌના હૈયે ।

## સ્મૃતિસભા

તા. ૭-૪ ૮૮ની સાંજના ૬ વાગે પરિષદના મેઘાણી પ્રાંગણમાં સદ્. હરકિસન મહેતા ને સ્મરણાંજલિ આપવા એક સ્મૃતિસભા સ્વામી સચ્ચિદાનંદજીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. તેમાં સર્વશ્રી વિનોદ ભટ્ટ રજનીકુમાર પંડ્યા, તારક મહેતા, રઘુવીર ચૌધરી, અશ્વિની ભટ્ટ, ભરત કાપડીયા તથા સ્વામી સચ્ચિદાનંદજીએ સદ્ગત સાથેનાં પૂર્વ-સ્મરણો રજૂ કર્યાં હતા.

## સ્મૃતિ ઠરાવ

ગુજરાતી સાહિત્ય પરિષદ ગુજરાતી સાહિત્યસભા, ગુજરાતી વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય મંડળ, 'ચિત્રલેખા' પરિવાર અને ગુજરાતી દૈનિક અખબાર સંઘના સંયુક્ત ઉપક્રમે સદ્. હરકિસન મહેતાને સ્મરણાંજલિ આપવા સ્વામી સચ્ચિદાનંદજીની અધ્યક્ષતામાં મળેલી આ સ્મૃતિસભા સદ્. હરકિસન મહેતા અક્ષરદેહે આપણી વચ્ચે વિદ્યમાન છે તેવી લાગણી સાથે તેમના પત્રકારત્વ, નવલકથાલેખન, તથા નવલેખકોનું ઘડતર જેવી વિશિષ્ટતાઓનો ગુણાનુવાદ કરે છે

## 'રઢિયાળી રાતની પ્રત બદલી અપાશે

ઝવેરચંદ મેઘાણી-સંપાદિત લોકગીત-સંગ્રહ 'રઢિયાળી રાત'ની ૧૯૮૭માં બહાર પડેલી આવૃત્તિમાં સંખ્યાબંધ ભૂલો રહી જવા પામી હોવાથી એ આવૃત્તિ અમે ક્ષમાયાચના સાથે રદ કરીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે એ આવૃત્તિની નકલ ક્યાંય રહેવા ન પામે. રદ કરેલી ૧૯૮૭ની આવૃત્તિની નકલ તેના ગ્રંથનામ પાના સાથે ગમે તેવી હાલતમાં પરત કરનારને તેની કિંમત પરત કરી શકીએ પણ 'રઢિયાળી રાત'ની, ૧૭૬ ગીતોના ઉમેરણ સાથેની બૃહદ્ આવૃત્તિ હમણાં જ તૈયાર થઈ છે એ, મેઘાણી જન્મશતાબ્દી નિમિત્તે વાચકો પ્રત્યેના સદ્ભાવના પ્રતીક રૂપે, બદલામાં આપવાનું સંપાદકના કુટુંબે નક્કી કર્યું છે રદ કરેલી આવૃત્તિની નકલ પરત મળશે કે તરત તેના બદલામાં નવી બૃહદ્ આવૃત્તિ મોકલાશે. ઉપરાંત, નીચેનાં કેટલાંક સ્થળોએથી પણ રદ કરેલી આવૃત્તિના બદલામાં નવી બૃહદ્ આવૃત્તિ રૂબરૂ મેળવી શકાશે

અમદાવાદ (૧) ગ્રંથાગાર, ધવલ કૉમ્પ્લેક્સ, નવરંગપુરા પો.ઓ. પાછળ. (૨) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ. (૩) આર. આર. શેઠની કં ફુવારા. (૪) નવભારત સાહિત્ય મંદિર, ગાંધીમાર્ગ. (૫) અમરભારતી ગ્રંથભંડાર, ગુજરાતી સાહિત્ય પરિષદ આશ્રમમાર્ગ. મુંબઈ (૧) આર. આર. શેઠની કં., શામળદાસ ગાંધીમાર્ગ. (૨) નવભારત સાહિત્ય મંદિર, શામળદાસ ગાંધીમાર્ગ. વડોદરા શ્રી મસ્તાનભાઈ મેઘાણી, ૧૦૩ 'સનગ્રેસ' ૧૮

પ્રકાશ રાજકોટ (૧) સાહિત્યધારા, શિવસદન, એમ/૨/૮ ગુરુ હાઉસિંગ બોર્ડ કાલાવડરોડ. (૨) સુમિરન, સ્પંદન સહકારનગર મેઇનરોડ (૩) પ્રવીણ પુસ્તક ભંડાર, લેકરમાર્ગ, ભુજ અક્ષરભારતી, વાણિયાવાડ ભાવનગર લોકમિલાપ ટ્રસ્ટ.

## સમગ્ર મેઘાણી-સાહિત્ય

મેઘાણી જન્મશતાબ્દી નિમિત્તે મેઘાણી કુટુંબ તરફથી પ્રકાશિત થઈ રહેલી સમગ્ર મેઘાણી-સાહિત્યની ગ્રંથાવલિના પહેલા ચાર ગ્રંથો ગયે વરસે બહાર પડેલા. હવે આ ત્રણ ગ્રંથો પ્રગટ થયા છે ૧ રઢિયાળી રાત, ૨. લોકસાહિત્ય ધરતીનું ધાવણ, ૩ લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય વ્યાખ્યાનો અને લેખો. આવતા દોઢેક વરસમાં વધુ પંદરેક ગ્રંથો બહાર પડવાના છે માની ન શકાય એટલી ઓછી કિંમતે સુલભ બની રહેલા આ ગ્રંથો જાણીતા પુસ્તક-વિક્રેતાઓ પાસે પ્રાપ્ય છે ગ્રંથાવલિ વિશેની માહિતી પ્રકાશકના આ સરનામેથી મળી શકશે પ્રસાર, આતાભાઈ એવન્યૂ, ભાવનગર-૩૬૪ ००૨

## ઑલ ઇન્ડિયા ઓરિએન્ટલ કોન્ફરન્સ

વડોદરાની મ.સ. યુનિવર્સિટીની સંશોધન સંસ્થા ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યુટ (પ્રાચ્યવિદ્યા મંદિર) દ્વારા યોજાઈ રહેલ ઑલ ઇન્ડિયા ઓરિએન્ટલ કોન્ફરન્સનું ૩૯મુ દ્વિવાર્ષિક અધિવેશન આગામી તા. ૧૩ ૧૪ અને ૧૫ ઓક્ટોબર ૧૯૯૮ના દિવસોમાં વડોદરા ખાતે મળનાર છે કોન્ફરન્સના અધિવેશનમાં એક વિભાગ પ્રાદેશિક ભાષાસાહિત્યના શોધપત્રોની બેઠકોનો પણ હોય છે એ રીતે કોન્ફરન્સના વડોદરા અધિવેશનમાં ગુજરાતી ભાષા અને સાહિત્યનો પણ એક વિભાગ રાખવામાં આવ્યો છે જેનું અધ્યક્ષસ્થાન સિતાંશુ યશશ્ચંદ્ર શોભાવશે.

પ્રાચ્યવિદ્યા પરિષદના ભાગ રૂપે આ વિભાગ યોજાઈ રહ્યો હોઈ આ વિભાગ માટે 'સંસ્કૃત કથા અને ગુજરાતી સાહિત્ય' તથા 'સંસ્કૃત વિવેચનના સિદ્ધાંતો અને ગુજરાતી સાહિત્યવિવેચન' એ બે વિષયો પરના અભ્યાસલેખો આમંત્રવાનું નક્કી કરવામાં આવ્યું છે

પરિષદના સભ્યપદ માટેના અરજીપત્રકવાળું પહેલું બુલેટિન રાજેન્દ્ર નાણાવટી, ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યુટ, પૅલેસરોડ પૅલેસગેટ સામે, વડોદરા ૧ એ સરનામેથી મંગાવી શકાશે. જ જુલાઈની ૧૫ તારીખ સુધીમાં મોકલી દેવાનું રહેશે. પહેલું બુલેટિન ભરીને પરિષદના સભ્ય થનારને બેએક મહિના પછી બીજુ બુલેટિન મોકલાશે

# પરિષદવૃત્ત

## દર્શક-આસ્વાદ

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય નવલકથાકાર મનુભાઈ પંચોળી 'દર્શક'ની છેલ્લે લખાયેલી નવલકથા 'કુરુક્ષેત્ર' (૧૯૯૧)ને કે.કે. બિરલા ફાઉન્ડેશન, દિલ્હી દ્વારા થતા 'સરસ્વતી સમ્માન' (૧૯૯૭)થી સન્માનિત કરવા માટે પસંદ કરાઈ છે સન્માન કાર્યક્રમ દિલ્હીમાં હવે પછી થશે એ વેળા 'સરસ્વતી સમ્માન' રૂપે 'દર્શક'ને સન્માનનું સ્મૃતિચિહ્ન તથા પાંચ લાખ રૂપિયા અર્પણ થશે. દર્શકને મળનારા આ સન્માનની ઘટના માત્ર ગુજરાતી ભાષા-સાહિત્ય-જગત માટે જ નહીં, સમગ્ર ગુજરાત અને ગુજરાતી પ્રજા માટે પણ હાર્દિક ગૌરવપ્રદ બની રહી છે

આ પ્રસંગના ઉપલક્ષ્યમાં ગુજરાતી સાહિત્ય પરિષદ અને અક્ષરભારતી ગ્રંથભંડારના

સયુક્ત ઉપક્રમે પરિષદ પ્રમુખ નિરંજન ભગતના અધ્યક્ષપદે તથા 'દર્શક'ની ઉપસ્થિતિમાં તા. ૩૦-૪-૯૮ને ગુરુવારની સાંજના સાડા છ વાગ્યે પરિષદભવનના મેઘાણી પ્રાંગણમાં 'દર્શક-આસ્વાદ' નામનો એક કાર્યક્રમ યોજાયો.

કાર્યક્રમના આરંભે પ્રાર્થના-મંગલગાનના વિકલ્પે 'દર્શક'ની નવલકથા 'સૉક્રેટિસ'માંથી ઝેન્થેપી, ક્રિરિપસ, ક્રીટો, અને મીડિયા જેવાં પ્રમુખ પાત્રોના સંવાદમાંથી ઊપસી આવતા સૉક્રેટિસના ચરિત્રને, ભરત દવેના દિગ્દર્શન તળે દીપ્તિ જોશી, સુભાષ બ્રહ્મભટ્ટ, મકરંદ શુક્લ, અન્નપૂર્ણા શુક્લ વગેરે કાર્યકરોએ એમનાં વાચિકમ્ માત્રથી તાદૃશ કરી આપ્યું હતું.

કાર્યક્રમની ભૂમિકા અને મહત્ત્વ સ્પષ્ટ કરતાં અધ્યક્ષશ્રી નિરંજન ભગતે સન્માન જાહેરાત અને સન્માનવિધિ વચ્ચે ઉત્સવઘેલી પ્રજાઓ દ્વારા થતાં સન્માનોના અનૌચિત્યને ચીંધીને, તેમ કરવાને બદલે, વચ્ચેના સમયમાં સન્માન પામનારાં સર્જક અને તેની રચનાનો વધુ ને વધુ પરિચય થાય તેવા પ્રયત્નો થવા જોઈએ એવી શીખ આપીને, પરિષદ તેની પહેલ આ આસ્વાદ કાર્યક્રમથી કરે છે એમ કહીને એ પહેલ પરંપરા બને તેવી આશા પ્રગટ કરી હતી.

ભોળાભાઈ પટેલે એમના માહિતીમૂલક છતાં રસાળ વક્તવ્યમાં 'સરસ્વતી સમ્માન' માટેની કૃતિની વરણી કેમ થાય છે તેની વિગતે વાત કર્યા પછી ભારતીય ભાષાઓના દિગ્ગજ સર્જકોની એવી જ મહત્ત્વપૂર્ણ કૃતિઓ વચ્ચેથી થયેલી 'કુરુક્ષેત્ર'ની વરણીને સમુચિત ઠેરવી ગુજરાતી ભાષાને 'સરસ્વતી સમ્માન'થી વિભૂષિત કરાવવા બદલ 'દર્શક'નું અભિવાદન કર્યું હતું.

'દર્શક'ની જુવાનીનાં વર્ષોમાં કિશોરમિત્ર તરીકે 'દર્શક'નો સંગાથ પામનારા અનિલભાઈ શાહે, એમના વિદેશવાસી પુત્રને, એણે 'દર્શક'કૃત 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથા શા માટે વાંચવી જોઈએ' એવું ચીંધતો સવિસ્તૃત પત્ર લખ્યો હતો અને તે 'કોડિયું'ના ઝે.પી. વિશેષાંકમાં પ્રકાશિત થયો હતો તેનું સ્મરણ કરીને 'દર્શક' એમની નવલકથાઓનાં પાત્રો દ્વારા વાચકોને જીવનમાં વેદનાનું તેના સાક્ષાત્કારનું મહત્ત્વ જે રમણીય રીતે સમજાવે છે તેની પ્રશંસા કરી હતી.

હસમુખભાઈ શાહે પોતાને 'દર્શક'ના સાહિત્યના ભાવક તરીકે ઓળખાવી 'દર્શક'ની રચનાઓમાં પ્રગટતા એમના આંતર-બાહ્ય વિશ્વના વ્યાપને ચીંધીને 'દર્શક'ના સર્જનોના ભાવનથી ભાવકની બૅટરી શી રીતે ચાર્જ થાય છે તે અત્યંત લાઘવપૂર્વક ચીંધી આપ્યું હતું.

પ્રકાશ ન. શાહે 'દર્શક'ની કૃતિઓમાં આવતાં યુદ્ધો વિશે કહ્યું કે યુદ્ધમાં તેમનો રસ મૂલ્યબોધનો છે. અધર્મથી જય ન ઈ. રણાંગણથી પીઠ નહીં એવો પ્રતિકાર પડકાર તેમની કૃતિઓમાં છે. 'કુરુક્ષેત્ર' આર્ય-નાગના સમિલનની કથા છે. તેમાં અંતરિયાળ પ્રજા પ્રદેશ પ્રવાહની વાત છે. યુદ્ધ વિશેનાં આવાં અનેક નવાં અર્થઘટનો તેમણે 'દર્શક'ની કૃતિઓમાંથી તારવી આપ્યાં હતાં. રઘુવીર ચૌધરીએ દર્શકની કૃતિઓમાં આવતા સતત દુઃખના અનુભવના રહસ્યને સરસ રીતે ખોલી આપ્યું હતું. તેમણે કહ્યું કે દુઃખનો અનુભવ કૃષ્ણની નજીક લઈ જાય છે. શ્રીકૃષ્ણની ચેતનાના આપણે સૌ ઋણી છીએ. 'દર્શક'ની કૃતિઓમાં ઉદાત્ત ચરિત્રો પણ વેદનાનો સાક્ષાત્કાર કરે છે એ જ રીતે તેમના નિરૂપણમાં પણ કેટલી સૂક્ષ્મતા રહેલી છે તે તેમણે [illegible] ઉદાહરણો સાથે સમજાવ્યું હતું.

દર્શકે વક્તવ્યનો પ્રારંભ કરતા આનુવંશિક સંસ્કારો મોટા કે પ્રાપ્ત સંસ્કારો એવો સવાલ ઊભો કરીને પ્રાપ્ત સંસ્કારોનું મહત્ત્વ કર્યું હતુ. તેમાં પણ શિક્ષણ અને સાહિત્યના સંસ્કાર સવિશેષ પ્રભાવ જન્માવે છે તેમણે નમ્રતાપૂર્વક 'કુરુક્ષેત્ર'ની પસંદગીને ગુજરાતી ભાષાની સિદ્ધિ ગણાવીને ગુજરાતી ભાષાનો મહિમા કર્યો હતો. અને સર્જક તરીકેના પૂરા ગૌરવથી જણાવ્યું કે સરકારી આદેશથી કૃતિ ન સર્જાય. લિંકન વિશે એક નવલકથા લખવાની પોતાની ઇચ્છાને પણ તેમણે અહીં આ પ્રસંગે સમુચિત રીતે વ્યક્ત કરી હતી.

નિરંજન ભગતે અધ્યક્ષસ્થાનેથી સમગ્ર કાર્યક્રમનું સમાપન કરતાં દર્શકને ગોવર્ધનરામ અને પન્નાલાલ પટેલ પછીના મોટા નવલકથાકાર તરીકે ઓળખાવ્યા હતા. તેમણે કહ્યુ કે મનુભાઈ એકલા છે અને તેમની દરેક કૃતિઓ દ્વારા તેમાં મીંડાં ઉમેરાતાં જઈને સતત વૃદ્ધિ થતી રહી છે 'દર્શક' વળીવળીને ઇતિહાસ તરફ શા માટે જાય છે એ સમજાવી તેમણે કહ્યુ કે દર્શકની ત્રણ નવલકથાઓ 'દીપનિર્વાણ' 'ઝેર તો પીધાં...' અને 'સૉક્રેટિસ'ને સનદી અધિકારીઓની પરીક્ષામાં પાઠ્યપુસ્તક તરીકે મૂકવી જોઈએ. રવીન્દ્રનાથ દ્વારા ઈ. ૧૯૧૦માં યુગવર્તી નવલકથા 'ગોરા' મળી હતી તેનુ સ્મરણ કરી ૨૦૧૦માં દર્શક પાસેથી 'શ્યામા' શીર્ષક ધરાવતી અમેરિકન વિગ્રહની પૃષ્ઠભૂ ધરાવતી નવલકથા મળે તેવી મહેચ્છા પ્રગટ કરી હતી.

## ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયમાં નવાં આવેલાં પુસ્તકો

(ગુજરાતી સાહિત્ય પરિષદના ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયના વાચકો દ્વારા અવારનવાર સૂચનો થતાં હતાં કે ગ્રંથાલયમાં વસાવેલાં નવાં પુસ્તકોની વાચકવર્ગને જાણ થાય તો તે ઉપયોગી નીવડે. 'પરિષદ્વૃત્ત'માં અવારનવાર નવાં પુસ્તકો અંગેની માહિતી આપતા રહેવાના ખ્યાલથી આ ક્રમ આરંભીએ છીએ. આ અંગેનાં સૂચનો આવકાર્ય છે.)

અક્ષરનું એકાંત માધવ રામાનુજ ૧૯૯૭ અજ્ઞેયકી કવિતા પરંપરા ઔર પ્રયોગ રમેશ ઋષિકલ્પ ૧૯૯૭ અરેબિક લિટરેચર એન્ડ થોટ મોહમ્મદ તાહેર ૧૯૯૭ અસ્તિત્વવાદ ઔર માનવવાદ ઝ્યાં પોલ સાર્ત્ર ૧૯૯૭ અંગત કૉમ્પ્યુટર અને ડૉસ પૅકેજીસ આર.પી. સોની અને અન્ય ૧૯૯૭ આવારા મસીહા (શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનું જીવનચરિત્ર) વિષ્ણુ પ્રભાકર ૧૯૯૫ ઇન્ડિયા એટ ફિફ્ટી સંપા. વી.એન. નારાયણન ૧૯૯૭ ઇન્ડિયા ફિફ્ટી ધ મેકિંગ ઑફ નેશન એથાજ મેનન અને બેનર્જી ૧૯૯૭ ઉપન્યાસ સ્વરૂપ ઔર સંવેદના રાજેન્દ્ર યાદવ ૧૯૯૭ ઉશનસ્ અધ્યયનગ્રંથ સંપા. લલ્લુભાઈ બી. પટેલ અને અન્ય ૧૯૯૧ ઉશનસ્ સમગ્ર કવિતા ઉશનસ્ ૧૯૯૬ ઋગ્વેદ મેં નારી કમલા ૧૯૯૭ ઋતુસંહાર કાલિદાસ (ગુજ અનુ. ચંદ્રશંકર ભટ્ટ) ૧૯૯૭ ક્ષણોમાં જીવું છું જયન્ત પાઠક ૧૯૯૭ ગઝલ કલા અને કસબ અમૃત ઘાયલ ૧૯૯૭ ગાંધીઝ પોવર નોનવાયોલન્સ ઇન એક્શન ડેનિસ ડાલ્ટન ૧૯૯૩ ગુજરાતી લોકકથા લોકસાહિત્ય મણકા, ૧ ૧૪ સંપા. હસુ યાજ્ઞિક ૧૯૯૭ ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશ સંપા. કિરીટ શુક્લ ૧૯૯૮ ગુજરાતી વિશ્વકોશ ભા. ૯૯ સંપા. ધીરુભાઈ ઠાકર ૧૯૯૭ ગ્રેટ શોર્ટ સ્ટોરીઝ ઑફ ધ વર્લ્ડ લિટ એડ હેલી બર્નેટ ૧૯૯૬ ઝવેરચંદ મેઘાણી જન્મશતાબ્દી અધ્યયનગ્રંથ સંપા. યશવન્ત શુક્લ અને અન્ય ૧૯૯૭ તમસા (ત્રીજી સંવર્ધિત આવૃત્તિ) રઘુવીર ચૌધરી ૧૯૯૭ તાઓ

તે વિંગ હાઓત્ઝુ ૧૯૯૦ સિલક કરે રઘુવીર ભા. ૧ ૨ રઘુવીર ચૌધરી ૧૯૮૮ તિસ્તા કાંઠાનું વૃત્તાંત દેવેશ રોય અનુ. અનિલા દલાલ ૧૮૯૭ દિલ્હીથી દૌલતાબાદ વિનોદ ભટ્ટ ૧૯૯૭ ધ ઓક્સફર્ડ ડિક્શનરી ઓફ વર્લ્ડ રીલીજન્સ — ૧૯૯૭ ધ કેમ્બ્રિજ કમ્પેનિયન ટુ ફ્રેન્ચ નોવેલ્સ ટિમોથી અન્વિન ૧૯૯૭ ધ કેમ્બ્રિજ બાયોગ્રાફિકલ એન્સાઇક્લોપીડિઆ ૧૯૯૪ ધ ગોડ ઓફ સ્મોલ થિંગ્સ અરૂંધતી રાય ૧૯૯૭ ધ વોલ્ડ સિટી એસ્થર ડેવિડ ૧૯૯૭ ધારો કે એક સાંજ આપણે મળ્યા જગદીશ જોષી ૧૯૮૮ પત્રમ્ પુષ્પમ્ વસંત પરીખ ૧૯૯૭ પહલા આદમી (હિન્દી અનુ.) અલ્બેર કામૂ ૧૯૮૮ પેંગ્વિન ન્યુ રાઇટિંગ ઇન ઇન્ડિયા સંપા. આદિત્ય બેહલ ૧૮૮૨. પોમેટ સેન્ટ્સ ઓફ ઇન્ડિયા એમ. શિવરામકૃષ્ણ ૧૯૮૮ પ્રથમ પ્રતિશ્રુતિ આશાપૂર્ણા દેવી ૧૯૮૮ ફૂટપાથ અને શેઢો રઘુવીર ચૌધરી ૧૯૯૭ ફોક ટેઇલ્સ ફ્રોમ ઇન્ડિયા એ.કે. રામાનુજન ૧૮૮૩ બંધનનાં સ્પંદન વસંત પરીખ ૧૯૮૬ બાંશી નામની એક છોકરી (પુનર્મુ) મધુ રાય ૧૯૯૭ ભૂગુલાંછન રઘુવીર ચૌધરી ૧૯૮૮. મેઘાણી-છબી કનુભાઈ જાની ૧૯૯૬ મેઘાણીનાં નાટકો (શતાબ્દી આવૃત્તિ) ઝવેરચંદ મેઘાણી ૧૯૯૭ રવીન્દ્રનાથ કા શિક્ષાદર્શન રવીન્દ્રનાથ ઠાકુર, નગીનદાસ પારેખ સંપા. ભોળાભાઈ પટેલ ૧૯૯૭ રસ-સિદ્ધાંત નયે સંદર્ભ નંદદુલારે વાજપેયી ૧૮૯૭ રહસ્યવાદ કા સમાજવાદ દેવપ્રકાશ મિશ્ર ૧૯૯૬ રાવી પાર એન્ડ અદર સ્ટોરીઝ ગુલઝાર ૧૯૯૭ રેખાએ રેખાએ ભરી શાનઝંખા (ભૃગુરાય અંજારિયાના પત્રો) સંપા. જયન્ત કોઠારી ૧૯૯૭ લખનઉ કી પાંચ રાત અલી સરદાર જાફરી ૧૯૮૮ લિટરરી ઇન્ડિયા કમ્પેરેટિવ સ્ટડીઝ ઇન ઇસ્થેટિક્સ, કોલોનિએલિઝમ એન્ડ કલ્ચર સંપા. પેટ્રિક હોગન અને અન્ય ૧૯૯૭ લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય (શ.આ.) ઝવેરચંદ મેઘાણી ૧૯૯૭ લોકસાહિત્ય ધરતીનું ધાવણ (શતાબ્દી આ.) ઝવેરચંદ મેઘાણી ૧૮૯૭ વર્તમાન ગુજરાત ત્રીજી શક્તિનો સૂર્યોદય વિષ્ણુ પંડ્યા, આરતી પંડ્યા ૧૮૯૭ વેન્ડર ઓફ સ્વીટ્સ આર.કે. નારાયણ ૧૯૯૭ વ્યંગ્ય વિવેચન શ્યામસુંદર ઘોષ ૧૯૯૪ શબદનો સોદાગર સંપા. કનુભાઈ જાની ૧૯૯૭ સદી કે અન્ત મેં કવિતા સંપા. વિજયકુમાર ૧૯૮૮ રંગભૂમિ ઉત્પલ ભાયાણી ૧૯૯૭ સોના-નાવડી (શતાબ્દી આવૃત્તિ) ઝવેરચંદ મેઘાણી ૧૯૯૭ સોમતીર્થ રઘુવીર ચૌધરી ૧૯૯૬ સોરઠી બહારવટિયા (શતાબ્દી આવૃત્તિ) ઝવેરચંદ મેઘાણી ૧૮૯૭ સ્ત્રી-સિદ્ધિનાં સોપાનો ધુમનબેન દીવાનજી ૧૯૯૭ સ્મરણરેખ સંપા. હર્ષદ ત્રિવેદી ૧૮૯૭ સ્વાધ્યાયલોક ભા. ૧ ૮ નિરંજન ભગત ૧૯૯૭ હિન્દી સાહિત્ય કા ઇતિહાસ (પુનર્મુ) નગેન્દ્ર ૧૮૯૭

---

## શુદ્ધિ-વૃદ્ધિ

✻ કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક ૧૯૮૬-૯૭નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

✻ પરબ માર્ચ ૯૮માં પ્રકાશિત ભાનુપ્રસાદ ત્રિવેદીની ગઝલ જેવી નો પહેલો શેર આમ વાંચવા વિનંતી છે

ઉરે જડી જે જડતર જેવી
આંખ લખી તી કળતર જેવી

* એ જ અંકમાંના હરિવલ્લભ ભાયાણીના લેખ 'જૂની મૂડી'માંના ૭૯મા પાના ઉપરના સંસ્કૃત શ્લોકમાંના શબ્દો આમ વાંચવા –

वाद्यानुकरणैर्वक्त्र-हस्ताभ्यां स्त्रीयशीकृतां।

* તા. ૧૭ જાન્યુ. ૯૭એ પરિષદને પ્રાપ્ત થયેલું ૫૦૦૧ રૂપિયાનું દાન સદ્. જે સી. બુચની સ્મૃતિમાં અપાયું હતું તેની નોંધ લેવા વિનંતી છે

# આ અંકના લેખકો

અમૃત ખત્રી ૧૦૧ જનાર્દન ફ્લેટ્સ, ૧૪ પ્રતાપગંજ વડોદરા ૩૯૦ ૦૦૨

ઉષાબહેન રાંદેરિયા 'મિતાલી' શ્રીસદ્ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯

ગુલામ અબ્બાસ એડનવાલા બિલ્ડીંગ, વાડવાડ વ્હોરા મસ્જિદ પાસે, વડોદરા ૩૯૦ ૦૧૭

જિતેન્દ્ર મેકવાન ૮૬ પદમસાલી સોસાયટી, વિભાગ ૨ વિરાટનગર, ઓઢવ, અમદાવાદ ૩૮૨૪૧૫

ચી. ના. પટેલ ૪ નીલકંઠપાર્ક નવરંગપુરા પો.ઓ. પાછળ, અમદાવાદ ૩૮૦ ૦૦૯

દુર્ગેશ ન. ભટ્ટ ૪ શ્રીપુષ્પ સોસાયટી, ફૂલવાડી પાસે, હિલડ્રાઈવ, ભાવનગર ૩૬૪ ૦૦૨

ધીરુ મોદી 'ચિત્રકૂટ' ૩, બી-૩૫ ઝાડેશ્વર રોડ, ભરૂચ ૩૯૨ ૦૧૧

નાઝિર મનસૂરી (ગયા અંકની વાર્તાના લેખક) અંગ્રેજી વિભાગ, આર્ટ્સ કૉલેજ નવસારી

પ્રાણજીવન મહેતા ૮૧-બી, ૨જે માળે, સિંધુવાડી, એમ.જી. માર્ગ, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૭૭

ભાનુપ્રસાદ ત્રિવેદી 'શાલવન' ૬ વિરાટનગર, સેક્ટર ૨૩ ગાંધીનગર ૩૮૨૦૨૩

માય ડિયર જયુ 'અવનિલોક' ૩ શાંતિનગર સોસાયટી, ૨૨૭૪ હિલડ્રાઈવ, ભાવનગર ૩૬૪ ૦૦૨

રમણીક સોમેશ્વર 'પલ્લવ' ફોરેસ્ટ ઑફિસ પાસે, નવું અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

રાજ નવસારવી ૨/૨૬૨૬ ચારપુલ પાસે, નવસારી, જિ વલસાડ ૩૯૬ ૪૪૫

રાધેશ્યામ શર્મા ૨૫ ભુલાભાઈ પાર્ક ગીતામંદિર માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૨૨

શરીફા વીજળીવાળા ગુજરાતી વિભાગ, એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ અઠવા લાઈન્સ, સૂરત ૩૯૫ ૦૦૧

સુમન શાહ જી-૭૩૦ શબરી ટાવર, વસ્ત્રાપુર, અમદાવાદ ૩૮૦ ૦૧૫

સદ્. સુરેશ જોષી ૫૩ નૂતન સોસાયટી, ફતેહગંજ વડોદરા ૩૮૦ ૦૦૨

હર્ષ બ્રહ્મભટ્ટ એ-૧ નાનાલાલ પાર્ક જયહિંદ હાઈસ્કૂલ (મુખ્ય) પાસે, મણિનગર, અમદાવાદ ૩૮૦ ૦૦૮

## ગુજરાતી સાહિત્ય પરિષદના મહત્ત્વનાં પદ્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ગુજરાતી કવિતાચયન ૧૯૮૧ | સં. હર્ષદ ત્રિવેદી | ૨૦.૦૦ |
| ગુજરાતી કવિતાચયન ૧૯૮૨ | સં. રમેશ ર. દવે | ૩૬.૦૦ |
| ગુજરાતી કવિતાચયન ૧૯૮૩ | સં. ચન્દ્રકાન્ત ટોપીવાળા | ૩૦૦૦ |
| ગુજરાતી કવિતાચયન ૧૯૮૪ | સં. હરિકૃષ્ણ પાઠક | ૭૨.૦૦ |
| કાવ્યસંચય ૧ | સં. અનંતરાય રાવળ, હીરાબહેન પાઠક | ૨૫.૦૦ |
| કાવ્યસંચય ૨ | સં. ધીરુભાઈ ઠાકર, વ્રજલાલ દવે | ૨૫.૦૦ |
| કાવ્યસંચય ૩ | સં. રમણલાલ જોશી જયંત પાઠક | ૫૦૦૦ |
| સ્વપ્નપ્રયાણ | હરિશ્ચંદ્ર ભટ્ટ | ૧૩૦૦૦ |
| કંદરા | મનીષા જોષી | ૬૫.૦૦ |
| તમે ઉકેલો ભેદ | રમણીક સોમેશ્વર | ૫૦૦૦ |
| ઝળમળ ટાપુ | લાલજી કાનપરિયા | ૪૦૦૦ |
| સહેજ અજવાળું થયું | ભરત વિંઝુડા | ૨૦૦૦ |
| બલાકા | રવીન્દ્રનાથ ઠાકુર. અનુ. રાજેન્દ્ર શાહ | ૨૦૦૦ |
| નવમા દાયકાની કવિતા | સં. ભોળાભાઈ પટેલ, ચન્દ્રકાન્ત ટોપીવાળા | ૨૦૦૦ |
| મેહુલો ગાજે ને માધવ નાચે | સં. ઉમાશંકર જોશી, રઘુવીર ચૌધરી | ૧૦૦૦ |
| તમારી વસ્તુ | અબ્દુલ કરીમ શેખ | ૬.૦૦ |
| અંડરગ્રાઉન્ડ | વિજુ ગણાત્રા | ૨૦.૦૦ |
| દરિયાનો પડઘો | નવનીત ઉપાધ્યાય | ૧૦૦૦ |
| ધ્રૂજતી પ્યાલી | સાબિર વટવા | ૧૨.૦૦ |
| પર્યાય તારા નામનો | હનીફ સાહિલ | ૧૦૦૦ |
| પીંછું મળ્યો અને ઉત્તર | દિલીપ ઝવેરી | ૨૦.૦૦ |
| પથ્થ વિનાના દેશમાં | મણિલાલ હ. પટેલ | ૭ ૫૦ |
| છીપલાં | મેઘનાદ હ ભટ્ટ | ૮ ૦૦ |
| ચતુરચાલીસી | સં. મહેન્દ્ર સી. દવે | ૮ ૦૦ |
| ભોંયબદલો | દલપત પઢિયાર | ૧૨ ૦૦ |
| મારા હાથની વાત | તરૂપ ધ્રુવ | ૧૦૦૦ |
| શરૂઆત | મહેશ શાહ | ૬ ૦૦ |
| કલ્કિ | જયેન્દ્ર શેખડીવાળા | ૧૨.૦૦ |
| કાવ્યો | શિવ પંડ્યા | ૧૫.૦૦ |


સંપર્ક

**અક્ષરભારતી ગ્રંથભંડાર**

ગુજરાતી સાહિત્ય પરિષદ ટાઇમ્સ ઑફ ઇંડિયા પાછળ, નદીકિનારે,
આશ્રમમાર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૯

## ગુજરાત સાહિત્ય અકાદમીની આગામી ચૂંટણી માટે
## સાહિત્યકાર મતદાર મંડળનું સભ્યપદ મેળવવા અંગે

(૧) જે સાહિત્યકારના ગુજરાતી ભાષામાં સાહિત્યિક મૂલ્ય ધરાવતાં ઓછામાં ઓછાં ત્રણ પુસ્તકો પ્રગટ થયાં હોય અથવા ગુજરાત સાહિત્ય અકાદમી, કેન્દ્રિય સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા જે લેખકનું કોઈ એક પુરસ્કૃત પુસ્તક હોય તેવા લેખકો/સાહિત્યકારોએ નામ, સરનામું, જન્મતારીખ, પ્રગટ થયેલાં પુસ્તકોનાં શીર્ષક પ્રકાશનવર્ષ, પ્રકાશક પુસ્તકની કિંમત અને પુરસ્કૃત પુસ્તકોની વીગત મોકલવાની રહેશે. આ માટે રૂ ૧૦ સભ્ય ફી ચેકથી/ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલવી.

(૨) સંસ્થા પ્રતિનિધિમંડળ માટેનું સભ્યપદ ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉત્કર્ષ વિકાસ માટેનો મુખ્ય ઉદ્દેશ ધરાવતી કાર્યરત સંસ્થા હોય, અને જે સંસ્થા સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ નોંધાયેલી હોય, અથવા ન નોંધાયેલી હોય તો નોંધાવીને પણ સંસ્થાનું નામ, સરનામું, રજિસ્ટ્રેશન નંબર, સ્થાપના વર્ષ, છેલ્લાં બે વર્ષની કાર્યપ્રવૃત્તિની વીગત નીચેના સરનામે તા. ૩૧ ૫-૯૮ સુધીમાં મોકલી આપવી.

મહામાત્ર,
ગુજરાત સાહિત્ય અકાદમી,
ટાઉનહૉલ કૅમ્પસ,
સેક્ટર ૧૭ ગાંધીનગર-૩૮૨ ૦૧૭

ગુજરાત સાહિત્ય અકાદમીની ચૂંટણી માટેનો વીગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

મનુભાઈ પંચોળી 'દર્શક' — ડંકેશ ઓઝા
પ્રમુખ — મહામાત્ર

# પરિવર્તનના સૂર્યનો પ્રકાશ પાથરે પ્રગતિનો ઉજાસ

શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર રાજ્યનાં સામાજિક અને આર્થિક પરિવર્તનનાં લક્ષ્યની સિદ્ધિ માટે મહત્ત્વના અને ઝડપી પગલા લઈ રહી છે ગુજરાતની કાયાપલટ થઈ રહી છે અને વિકાસના સંગીનપથે ગુજરાત ઝડપી પરિવર્તન પામી રહ્યુ છે

આપણા ગુજરાતના સ્થાપના દિનના મંગલ પ્રસંગે, રાજ્યમાં આરંભાયેલા વિકાસ-યજ્ઞમાં સહભાગી થવા તમામ લોકોને હુ આહ્વાન કરું છું.

કેશુભાઈ પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

## પરિવર્તન થકી સમૃદ્ધ ગુજરાત

- ગ્રામોત્થાનના દૃઢ નિર્ધાર સાથે ગોકુલગ્રામ યોજનાનો પ્રારંભ કરાયો. આગામી ત્રણ વર્ષમાં રાજ્યનાં ૧૮ ૨૪૨ ગામોને આવરી લેવાશે.
- કલ્પસર પરિયોજના અંગેના પ્રોજેક્ટ રિપોર્ટની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરાઈ
- ઔદ્યોગિક નીતિની સમીક્ષા કરવા ખાસ સમિતિની રચના કરવામાં આવી.
- ઔદ્યોગિક મૂડીરોકાણ અને ઉત્પાદકતા વધારવાની સાથે માંદા કે બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ ધબકતા કરવા નિર્ણય લેવાયો.
- રાજ્યમાં પરિવહન સેવાઓ સુધારવા વધુ ૧૫૦૦ નવી બસો મૂકાશે.
- અલંગ અને પીપાવાવ બંદરોને સ્ટેટ હાઈવે સાથે જોડવા નિર્ણય કરાયો.

## પરિવર્તન થકી સલામત ગુજરાત

- સરહદી સલામતીને પ્રાધાન્ય આપી રાજ્ય કક્ષાના મંત્રીશ્રીને સ્વતંત્ર કામગીરી સોંપવામાં આવી.
- સરહદી સલામતી સુદૃઢ બનાવવા ૧૦ મુદ્દાનો કાર્યક્રમ તૈયાર કરી કેંદ્રને સુપરત કરાયો.
- રાષ્ટ્રદ્રોહી તત્ત્વો દ્વારા ગુજરાતના યુવાધનને કેફી દ્રવ્યોના પતનનાં માર્ગે દોરી જતા રોકવા ગૃહ વિભાગ દ્વારા કેફી દ્રવ્યોની ગેરકાયદે હેરાફેરી સામે સખત ઝુંબેશ આરંભાઈ

**પરિવર્તનના લક્ષ્યની સિદ્ધિ કાજે**

- યુવાનોને ગુનાહિત પ્રવૃત્તિમાંથી પાછા વાળવા સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મેળવાયો.
- આતંકવાદીઓનો સામનો કરવા પોલીસ તંત્રને સુરક્ષાનાં અદ્યતન સાધનોથી સજ્જ કરાશે.
- ભેળસેળ કરનારાં ભ્રષ્ટાચારી તત્ત્વો સામે સખ્તાઈથી કાર્યવાહી આરંભાઈ
- નાગરિકો પાસેથી ગૃહ વિભાગ અને નાગરિક પુરવઠા વિભાગને લગતી ફરિયાદો સ્વીકારવા ટેલિફોન સિસ્ટમ ઊભી કરાઈ

## પરિવર્તન થકી સંસ્કારી ગુજરાત

- લોકોને વહીવટમાં ભાગીદાર બનાવવા તેમનાં રચનાત્મક સૂચનો સ્વીકારવા 'પરિવર્તન સેલ' કાર્યરત કરાયું.
- લોકોમાં સરકારના વિશ્વાસના પ્રતીકરૂપ 'જનવિશ્વાસ એક્સપ્રેસ' બસનો પ્રારંભ કરાયો.
- નોકરીના ઈન્ટરવ્યૂ માટેના કોલલેટર મેળવનારા ઉમેદવારોને જવા-આવવાનું ભાડું આપવા નિર્ણય કરાયો.
- ધોળાવીરાને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે.
- આચાર્યો, માધ્યમિક શિક્ષકોના પડતર પ્રશ્નોમાં હકારાત્મક વલણનો અભિગમ.
- શહેરીકરણના પ્રશ્નો ઉકેલવા સમિતિની રચના કરવામાં આવી.

## પરિવર્તન થકી સમરસ ગુજરાત

- અમદાવાદના નાગરિકોને હેલ્થકાર્ડ આપવાનો પ્રારંભ કરાયો.
- રાજ્યના ધોરીમાર્ગો પર માર્ગ અકસ્માતમાં તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી મોબાઈલ જીવનરક્ષા કેંદ્રનો પ્રારંભ કરાયો.
- જળસ્ત્રાવ વિકાસ યોજનાના અમલ માટે સ્વૈચ્છિક સંસ્થાઓની પસંદગી કરાઈ
- ગરીબી રેખા નીચેનાં ૩૩ લાખ જેટલાં કુટુંબોને ૩ રૂપિયે કિલો ચોખાનું વિતરણ શરૂ કરાયું.
- ૧૦૦ યુનિટ સુધીના વીજળી બિલમાં ૨૫ ટકા રાહત અપાશે.
- ૪ લાખ જેટલા ગ્રામીણ આવસો બાંધવાની ઝુંબેશ હાથ ધરાઈ
- આદિવાસી વિકાસ આયોજન બોર્ડ રચવાની જરૂરિયાતનો સ્વીકાર કરાયો.
- ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડનું ફલક અસરકારક બનાવાયું.

❀ * ❀

**આવો પ્રતિજ્ઞાબદ્ધ થઈએ આજે**

અકસ્માતની એક જ પળ,
દે છે જિંદગીભર કડવાં ફળ.

## ચેત મછંદર

રાજેન્દ્ર શુક્લ

ના કોઈ બારું, ના કોઈ બંદર, ચેત મછંદર,
આપે તરવો આપ સમંદર, ચેત મછંદર !

નિરખે તું તે તો છે નિંદર, ચેત મછંદર !
ચેતવ ધૂણો ધૂણી અંદર, ચેત મછંદર !

કામરૂપિણી દુનિયા દાખે રૂપ અપાર,
સુપના લગ લાગે અતિસુંદર, ચેત મછંદર !

સૂન શિખરની આગ આગે શિખર આપણું,
છોડ છટકણા કાળની કંદર, ચેત મછંદર !

સાંસ અરૂ ઉસાંસ ચલાકર દેખો આગે,
અહાલેક ! આયા જોગંદર, ચેત મછંદર !

દેખ દિખાવા સબ કરતા હે ધૂરકી ફેરી,
ફરતા સૂરજ ફરતા ચંદર, ચેત મછંદર !

ચડો ચાખડી, પવનપાવડી, જયગિરનારી,
ક્યા હે મેરુ ક્યા હે મંદર, ચેત મછંદર !

(સૌજન્ય ગુજરાતી કવિતાચયન ૧૯૯૪)

EXCEL

એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૬/૨ રૂવાપરી રોડ, ભાવનગર ૩૬૪ ૦૦૫
ફોન ૫૧૦૭૨૫, ૫૧૦૭૨૬

સામાનો પ્રેમ ક્યારે પણ ઓછો નથી હોતો
આપણી અપેક્ષા જ વધારે હોય છે

## ગોરખ આયા !

રાજેન્દ્ર શુક્લ

આંગન આંગન અલખ જગાયા, ગોરખ આયા,
જાગો રે જનનીના જાયા, ગોરખ આયા !

ભીતર આકે ધૂમ મચાયા, ગોરખ આયા,
આદિશબદ મિરદંગ બજાયા, ગોરખ આયા !

જટાજૂટ જાગી ઝટકાયા, ગોરખ આયા !
નજર સધી, અરૂ બિખરી પાયા, ગોરખ આયા !

નાભિકંવરકી ખુલી પાંખરી ધીરે ધીરે,
ભોર ભઈ ભૈરવ સૂર ગાયા, ગોરખ આયા !

એક ઘરીમેં રૂક્યો સાંસ કે અટક્યો ચરખો,
કરમધરમની સિમટી કાયા, ગોરખ આયા !


ગગનઘટામેં એક કરાકો, બીજરી હુલસી,
ઘિર આયી ગિરનારી છાયા, ગોરખ આયા !

લગી લેહ, લેલીન હુવે અબ ખો ગઈ ખલકત,
બિન માંગે મુગતાફર પાયા, ગોરખ આયા !

(સૌજન્ય ગુજરાતી કવિતાચયન ૧૯૮૪)

નરેશ ટી. સ્ટોર્સ
હેરિસરોડ ભાવનગર ૩૬૪ ૦૦૧


જી એન એફ સી
એટલે સહજ અને
સુઆયોજિત વિકાસ
વરસોવરસ
જે સિદ્ધ થયો છે
વિક્રમ સમયમાં.
ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ કંપની લિમિટેડ


સપના પણ એમજ
સાકાર થતા રહી જતા હોય છે,
હાથ પરની રોકડ
ક્યારે સરી જાય
તેનું
કઈં ન કહેવાય !
બચત બૅન્ક ખાતુ
રીકરીંગ થાપણ યોજના
મુદતબધી થાપણ યોજના
પુનઃ રોકાણ યોજના
અનુકૂળ થાપણ યોજના
આવો,
અમારી વિવિધ થાપણ યોજનાઓનો
લાભ લઈને નિશ્ચિંત બનો.
વિશેષ જાણકારી માટે
અમારી નજીકની શાખાનો સંપર્ક કરો.
સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર
હેડ ઓફિસ : ભાવનગર—364 001



[illegible]

[illegible]

# અંતર-છબિ

## ઝવેરચંદ મેઘાણી

[સંકલિત આત્મવૃત્તાંત]

સંપાદન
હિમાંશી શેલત વિનોદ મેઘાણી


પ્રકાશક ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, રતનપોળનાકા સામે,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ ફોન (૦૭૯) ૨૧૪ ૪૬૬૩

કિંમત રૂ૦ ૩૦૦ પણ જૂનની ૧૫મી સુધી રૂ ૨૨૫

(એક નકલનુ રજિસ્ટર રવાનગી ખર્ચ રૂ૦ ૨૦ પણ સામટી દસ નકલ ખરીદનારને પ્રકાશકને ખર્ચે રવાના થશે.) એજ ધોરણે નીચેના વિક્રેતાઓ પાસેથી મળી શકશે.

લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ
પ્રવીણ પુસ્તકભંડાર, રાજકોટ ગુજરાત પુ સ સ૦ મંડળ, વડોદરા
વલસાડ બૂક સ્ટોર, વલસાડ એજ્યુકેશનલ અમ્પોરિયમ, અમરેલી અક્ષરભારતી, ભુજ

*Established Brand Lead*
*Taking Speciality healthcare acros*
*Making a difference, the wor d*



**Psychiatry, Neurology Cardiology Anticance**
**Gastroenterology Gynaecology**
**Anaesthesiology Antiinfectives**

*Products for a better life*

SUN

**Pharmaceutical Industries Ltd**

Synergy House Subhanpura
Gorwa Road Baroda 390 007
Tel (0265) 380001 / 3800638 / 380713
Fax (0265) 380011

*Leadership through focused research*

# SURE, SHE'LL COME ACROSS POVERTY, EPIDEMICS AND POWER CUTS IN HISTORY BOOKS



The [illegible] she will grow up in [illegible] very different from the India her parents have seen. The India [illegible] one of the world's [illegible] economy with booming middle-class population. Her India [illegible] country rid of [illegible] of the past [illegible] her India [illegible] emerging [illegible] superpower.

[illegible] turnaround [illegible] been possible because of [illegible] And [illegible] those [illegible] energy and [illegible] that the Torrent Group [illegible].

[illegible] the turn of the century the Group [illegible] turnover [illegible] Rs 10,300 crore. In the process, helping build the great Indian tomorrow for her.

*The companies in the Group include:*

Torrent Pharmaceuticals Limited, our flagship company [illegible] one of the top [illegible] pharma companies in India [illegible] one of the largest exporters of [illegible] formulations from India, having registered [illegible] products in [illegible] countries. Torrent exports under its own brand name with over 75 marketing personnel posted abroad.

Torrent Gujarat Biotech Limited, an [illegible] project by Torrent and GIIC, has commissioned Rs 313 crore plant to manufacture Penicillin and derivatives (the largest plant of its kind in Asia).

Gujarat Torrent Energy Corporation Limited, in collaboration with GPCL, Siemens AG of Germany and PowerGen Plc of U.K. is setting up one of India's largest private sector power plants. The Rs 2455 crore environment friendly plant will generate 655 MW of power.

Torrent Cables Limited, the fastest growing company in its field which has crossed turnover of Rs. 50 crore.

Gujarat Lease Financing Limited, one of the five largest non banking finance companies in India, has an asset base of Rs. 100 crore.

Torrent

[illegible] Energy [illegible]

THE GREAT INDIAN TOMORROW

[illegible] Off Ashram Road, Ahmedabad 380 009 [illegible]



# RENOVISION
## A GLOBAL BUSINESS PERSPECTIVE


*A word you won't find in any dictionary*
*We had to coin it*
*It means a new way of looking at issues*
*Of seeing more than the obvious*
*It is our corporate philosophy*

Arvind

With best compliments
**The Arvind Mills Ltd**
Naroda Road Ahmedabad 380 025

**Denim ⊛ Cotton Shirtings ⊛ Sarees**
**Dress Material ⊛ Bottom Weights**


8 → ૨૨૫ 1998 5



તમારા ફુરસદના સમયમાં નાણા કમાવાની અનેક
રીતો છે. ફેવિક્રિલ મેટાલિક કલર્સ વડે તમે
પેઈન્ટિંગ ક્લાસ પણ ચલાવી શકો છો અથવા તો
જાતે પેઈન્ટ કરેલી સાડીઓનું વેચ કરી શકો છો
ફેવિક્રિલ

PARAB 98 May | Regd No GAMC-306
Licensed to post without prepayment | Licence No 131

*Best Compliments From*

# HINDUSTAN INKS
# & RESINS LIMITED

*Manufacturers of*

**Printing Inks - Synthetic Resins**
**Lamination Adhesives - Wire Enamels**

# Mitsu

*Manufacturers of*

**Agro-chemicals**
**Agro-intermediates**

**2803-2, Third Phase, G.I.D.C. VAPI (Gujarat)**
**© 02638-31593, 30786 30782**
**Fax 02638-30781, 30788**